આઝાદી કા અમૃત મહોત્સવ

વર્ષ : ૬૨ ■ અંક : ૨ ■ તા.૧૬-૧-૨૦૨૨

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક







## કોરોનાને મહાત આપવા સજ્જ ગુજરાત

ગુજરાત સરકાર

आज़ादी का अमृत महोत्सव

# કોરોના સંક્રમણથી બચવા

## આટલી બાબતનું ધ્યાન રાખીએ...





સમયાંતરે હાથ ધોવા



માસ્ક પહેરીને જ બહાર જવું



વેક્સિનના બંને ડોઝ લેવા




ભીડભાડવાળી જગ્યાએ જવાનું ટાળવું




ઘરની બહાર સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવું



ઘરમાં બીમાર અથવા વૃદ્ધ સભ્યોથી અંતર રાખવું



## સાવચેતી એ જ સાચી સલામતી



Gujarat
The Reliable fortnightly of Gujaratis

Year : 62 ■ Issue : 2 ■ Date 16-1-2022

**તંત્રી** : ડી. પી. દેસાઇ
**સહતંત્રી** : અરવિંદ પટેલ
**કાર્યવાહક તંત્રી** : પુલક ત્રિવેદી
**સંપાદક** : મિનેશ ત્રિવેદી
**સહસંપાદક** : દેવાંગ મેવાડા, હર્ષદ રૂપાપરા
**કલાનિર્દેશક** : જસ્મીન દવે

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**વિતરણ વિભાગ :** ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૦૭૯-૨૩૨૫૩૪૪૨
**ઈ-મેઇલ એડ્રેસ** : gujaratmagazine@gmail.com
**ફેસબુક લિંક** : gujaratinformation.official

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૨૩૨૫૪૪૧૨

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. તથા ગુજરાત ઓફસેટ પ્રા. લિ., અમદાવાદ દ્વારા મુદ્રિત


**48 + 4 Cover = Total 52 Pages**

આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેઇલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.



# શબ્દશઃ

- હોમ આઈસોલેશન અને હોસ્પિટલમાં એડમિટ દર્દીઓનાં સતત મોનિટરીંગ માટે ગુજરાત સરકાર સતર્ક રહી કાર્યવાહી કરે છે.
- સુશાસનનું લક્ષ્ય જ્યારે અંત્યોદય બને ત્યારે 'ગુડ ગવર્નન્સ-અન ટુ ધી લાસ્ટ' સાકાર થાય છે.
- અર્થતંત્ર, માનવ સંસાધન, માળખાકીય સવલતો, સુરક્ષા, સામાજિક કલ્યાણ જેવા માપદંડોને આધારે ગુજરાતે દેશમાં આગવું ગુડ ગવર્નન્સ પ્રસ્થાપિત કર્યુ છે.
- કોઈપણ દેશના સર્વાંગી વિકાસ માટે એક સુઆયોજિત શૈક્ષણિક નીતિ ખૂબ જરૂરી છે.
- વડાપ્રધાનશ્રીની દીર્ઘદ્રષ્ટિથી અમલમાં આવેલી નવી શિક્ષણ નીતિ "નયા ભારત"ના નિર્માણમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવશે.
- દેશમાં મૌલિક અને પ્રતિભા સંપન્ન યુવાઓના ઘડતર માટે સમયાનુકૂલ વ્યાપક શિક્ષણ વ્યવસ્થા પૂરી પાડવાનું કામ વડાપ્રધાનશ્રીની આગેવાનીમાં પાર પડી રહ્યું છે.
- નવી એજ્યુકેશન પોલિસીના અમલથી દેશમાં ગુણવત્તાયુક્ત શિક્ષણનો સાનુકૂળ માહોલ ઊભો થયો છે.
- સમાજ અથવા રાષ્ટ્રનો ટકાઉ વિકાસ શિક્ષણ ઉપર નિર્ભર છે.
- ગુજરાતમાં ૯૧ જેટલી યુનિવર્સિટીઝ, ૨૮૬૦ ઉપરાંત સંસ્થાઓ દ્વારા આધુનિક જ્ઞાન યુવાઓને મળી રહ્યું છે.
- આત્મનિર્ભર ભારતની સંકલ્પબદ્ધતાને ગુજરાત વિકાસની કેડી પર આગળ વધારી રહ્યું છે.
- આત્મનિર્ભર ભારતની કલ્પના વાસ્તવિક સ્વરૂપ ધારણ કરી રહી છે.


(મુખ્યમંત્રીશ્રીએ આપેલાં વિવિધ વક્તવ્યોના સંકલિત અંશો)

# આકર્ષણ
























**06 /** **કૃષિ ક્રાંતિ**
**રાજ્યના બે લાખ ખેડૂતોએ અપનાવી પ્રાકૃતિક ખેતી**

**07 /** **વિકાસગાથા**
**રાજ્યમાં ગ્રીન એનર્જી ક્ષેત્રે ૧૦ લાખ રોજગારીનું સર્જન**

**08 /** **મુલાકાત**
**વિકાસકામોની સ્થળ ઉપર જઇને સમીક્ષા કરતા CM**

**09 /** **સંવાદ**
**નૂતન ભારતનો ઉદય થઇ રહ્યો છે...**

**10 /** **કવર સ્ટોરી**
**કોરોનાને મહાત આપવા સજ્જ ગુજરાત**

**16 /** **રાજકોટ કોરોનાના મુકાબલા માટે તૈયાર** - નરેશ મહેતા

**17 /** **વડોદરા કોરોનાનો સામનો કરવા મક્કમ** - બી. પી. દેસાઇ

**18 /** **પાટણે કોરોનાને નાથવા માટે કમર કસી** - કૌશિક ગજ્જર

**19 /** **‘3T’ દ્વારા કોરોનાની ત્રીજી લહેરનો સામનો કરશે બનાસકાંઠા** - રેસુંગ ચૌહાણ

**20 /** **"કોરોના" સામેના જંગમાં દેવભૂમિ દ્વારકાની સંનિષ્ઠ કામગીરી** - સંજયસિંહ ચાવડા

**21 /** **નાગરિકોના આરોગ્યની રક્ષા માટે જૂનાગઢની પૂર્વ તૈયારીઓ** - અર્જૂન પરમાર

**22 /** **કોરોના સામેના દરેક મોરચે લડવા પોરબંદર પ્રતિબદ્ધ** - જિતેન્દ્ર નિમાવત

**23 /** **કોરોનાને હરાવશે ગાંધીનગર** - પરિમલ પટેલ

**24 /** **કોરોનાની સંભવિત ત્રીજી લહેરનો સામનો કરવા કચ્છ કટિબદ્ધ** - હેમલતા પારેખ

**24 /** **સાબરકાંઠાના ૬૩૮ ગામોમાં સો ટકા રસીકરણ** - પિનલ પટેલ

**25 /** **"કોરોના" સામેના જંગમાં નવસારી અગ્રેસર** - રાજ જેઠવા

**26 /** **શિક્ષણ મંથન**
**શિક્ષણવિદોનું વિચાર મંથન ગુજરાતને ગ્લોબલ એજ્યુકેશન હબ બનાવશે**

**35 /** **ધરોહર**
**આત્મનિર્ભર ભારતની સંકલ્પબદ્ધતા સાથે વિકાસના માર્ગે આગળ વધતુ ગુજરાત**

**36 /** **જનસુખાકારી**
**રાજકોટને મળી રૂ.200 કરોડનાં વિકાસકાર્યોની ભેટ**

**42 /** **આસપાસ**

**43 /** **નિર્ણય**

**46 /** **સમાચાર વિશેષ**

**50 /** **સાફલ્યગાથા**
**પાટણમાં ‘સ્વીટ ક્રાંતિ’ના પ્રણેતા તન્વીબહેન** - અમિત ગઢવી



# રસીકરણ અભિયાનમાં ગુજરાત અગ્રેસર...

વિકાસ એ ગુજરાતનો સ્વભાવ રહ્યો છે. આપત્તિઓને અવસરમાં પલટાવવાનું સામર્થ્ય ગુજરાતના મિજાજમાં છે. સરળ અને સૌમ્ય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે સંવેદનાસભર ત્વરિત પગલાં લઇને ગુજરાતમાં આરોગ્ય વિષયક સેવાઓને વધુ સુદ્રઢ બનાવવાના એક પછી એક નક્કર કાર્યો હાથ ધર્યાં છે. આજે ગુજરાતની આરોગ્યલક્ષી સેવાઓમાં થયેલો સુધારો જનસામાન્ય માટે ઉપકારક બની રહ્યો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ અને આરોગ્ય કર્મશીલોની ટીમે કોરોનાની ત્રીજી લહેર સામે બાથ ભીડવા કમર કસી છે. કોરોના અને નવા વેરિયન્ટ ઓમીક્રોન સામે નાગરિકોને રક્ષણ આપવા રાજ્યનું આરોગ્ય વિભાગ સુસજ્જ છે.

કોરોનાની ત્રીજી લહેરનો સામનો કરવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા માર્ગદર્શન હેઠળ રાજ્યના કોરોના વોરિયર્સ તથા સિનિયર સિટીઝન્સને કોરોનાનો ત્રીજો પ્રિકોશન ડોઝ - બુસ્ટર ડોઝ આપવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત રાજ્યના 15થી 18 વર્ષની વયજૂથના વિદ્યાર્થીઓને કોરોનાની રસીનો પ્રથમ ડોઝ આપવા માટે રાજ્યવ્યાપી અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય રહેશે કે, ગુજરાતે રાજ્યના કુલ 8 કરોડથી વધુ વેક્સિનના ડોઝ આપીને રાજ્યના નાગરિકોને કોરોના સામે સુરક્ષિત કર્યાં છે. ટેસ્ટીંગ, ટ્રેકીંગ, ટ્રીટમેન્ટના થ્રી ટી ઉપર ભાર મૂકી રાજ્ય સરકારે નાગરિકોના સ્વાસ્થ્યની સલામતી માટે સાવચેતીના પગલાંરૂપે જરૂરી નિયંત્રણો અમલમાં મૂક્યાં છે. લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના "વ્યથા નહીં વ્યવસ્થા"ના અભિગમને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે સુપેરે ચરિતાર્થ કર્યો છે. જિલ્લા સ્તરે કોરોના સામે રસીકરણ અભિયાનમાં ગુજરાત દેશભરમાં અગ્રેસર છે.

કોરોના મહામારીના વધતા કેસને લક્ષ્યમાં રાખીને વ્યાપક જનહિતને ધ્યાનમાં લઇને વડાપ્રધાનશ્રી અને મુખ્યમંત્રીશ્રીએ વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ - ૨૦૨૨ મોકુફ રાખી. પરંતુ કોરોનાના કેસ વધ્યાં એ પહેલાં પ્રિ વાઇબ્રન્ટ સમિટમાં રાજ્યનાં વિવિધ ક્ષેત્રોમાં ૧૩૫ એમ.ઓ.યુ. થયા છે. પરિણામે ગુજરાતમાં મૂડી રોકાણ થવા ઉપરાંત ઘર આંગણે રોજગારીના અવસરો ઊભા થશે.

સર્વાંગી વિકાસના પાયામાં સુઆયોજિત શૈક્ષણિક નીતિ આવશ્યક છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલથી દેશ આર્થિક, સામાજિક, બૌદ્ધિક અને શૈક્ષણિક ક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તન માટે સુસજ્જ બન્યો છે. અમદાવાદમાં યોજાયેલી 'ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમિક ઈન્સ્ટિટ્યૂશન' અંતર્ગત સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી SSIP 2.0નું લોન્ચીંગ કરવામાં આવ્યું છે. આ નીતિના અમલીકરણથી દેશને મૌલિક અને પ્રતિભાસંપન્ન યુવાનો પ્રાપ્ત થશે.

આ ઉપરાંત પ્રસ્તુત અંકમાં સાફલ્ય ગાથાઓ, રાજ્ય સરકારે લીધેલા જનહિતલક્ષી નીતિ વિષયક નિર્ણયો વગેરેની રસપ્રદ માહિતી આપવામાં આવી છે. મને વિશ્વાસ છે કે, વાચકને આ જાણકારી ઉપયોગી બની રહેશે.

જય જય ગરવી ગુજરાત...

**- ડી.પી. દેસાઇ** આઇ.એ.એસ.
**માહિતી નિયામક**

# રાજ્યના બે લાખ ખેડૂતોએ અપનાવી પ્રાકૃતિક ખેતી



આજે સમગ્ર વિશ્વ ગ્લોબલ વોર્મિંગના પડકારનો સામનો કરી રહ્યું છે. તેનું કારણ પાણી અને વાતાવરણનું પ્રદૂષણ છે. કૃષિ ક્ષેત્રે રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાના ઉપયોગથી જમીન અને વ્યક્તિઓના સ્વાસ્થ્ય પર ગંભીર અસર થઈ રહી છે. આ પ્રશ્નનો ઉકેલ પ્રાકૃતિક ખેતી છે. પ્રાકૃતિક ખેતીથી જમીનની ફળદ્રુપતા જળવાઈ રહેશે. પાણીનો કુદરતી રીતે જમીનમાં સંગ્રહ થશે અને વાતાવરણ શુદ્ધ થશે. તાજેતરમાં કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના અધ્યક્ષસ્થાને તથા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે કૃષિકારો સાથે વર્ચ્યુઅલી પ્રાકૃતિક કૃષિ વિષયક માર્ગદર્શક સેમિનાર યોજાયો હતો.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે વર્ચ્યુઅલ માધ્યમથી સંબોધન કરતા જણાવ્યું હતું કે, ખેતીને રસાયણમુકત બનાવી જમીનની ફળદ્રુપતા વધારવા અને પ્રાકૃતિક કૃષિથી ખેતી સમૃદ્ધિની સાચી દિશામાં વિશ્વને વાળવાના બ્રાન્ડ એમ્બેસેડર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી બનવાના છે. દેશમાં દશકો સુધી રાસાયણિક ખાતરોના ઉપયોગથી ખેતી થતી, રહી છે. આ કાલબાહ્ય પ્રણાલિના જે પરિણામો જોવા મળ્યા છે તેનાથી સ્વાસ્થ્યપ્રદ જીવન સામે ઘોર સંકટ ઊભું થયું છે. હવે આ સંકટના તારણોમાં પ્રાકૃતિક ખેતી સક્ષમ વિકલ્પરૂપે ઉભરી આવી છે. કિસાનોને આ તરફ વાળીને આવનારા દિવસોમાં વિશ્વ આખાને પ્રાકૃતિક ખેતીની દિશા દર્શાવવામાં આપણા વડાપ્રધાનશ્રી બ્રાન્ડ એમ્બેસેડર બનશે. પ્રાકૃતિક કૃષિ તરફનું આ પ્રયાણ સમયના ચક્રને સાચી દિશા આપનારૂં છે. જમીનનું સ્વાસ્થ્ય બગડતું અટકાવવા તેમજ ભૂગર્ભ જળને ઝેરીલું બનતું અટકાવવા રાસાયણિક ખાતરોના ઉપયોગથી મુક્ત કુદરતી પદ્ધતિ આધારિત ખેતી તરફ હવે સૌએ મીટ માંડી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કૃષિ ક્ષેત્રના આ સંકટને પારખીને તેનો વિકલ્પ શોધ્યો છે તથા દેશના ૮ કરોડથી વધુ કિસાનો માટે પ્રાકૃતિક ખેતી લાભદાયી છે તે પ્રતિપાદિત કરતા સરવે પણ કરાવ્યા છે. ગુજરાતે પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે આગેવાની લેવાની પ્રતિબદ્ધતા સાથે રાજ્યમાં બે લાખથી વધુ ખેડૂતોને આ માર્ગે વાળ્યા છે.

**સમગ્ર વિશ્વને પ્રાકૃતિક ખેતી તરફ વાળવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી બ્રાન્ડ એમ્બેસેડર બનશે**

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ અમદાવાદ અને ગાંધીનગરના પ્રગતિશીલ ખેડૂતોને માર્ગદર્શન આપતા જણાવ્યું કે, રાસાયણિક ખેતીના કારણે જમીનની ફળદ્રુપતા ક્ષીણ થઈ રહી છે અને કૃષિ ઉત્પાદન સતત ઘટી રહયું છે. જળ, જમીન અને પર્યાવરણ પ્રદૂષિત થતાં લોકો અસાધ્ય બીમારીનો ભોગ બની રહ્યા છે ત્યારે રાસાયણિક કૃષિના આ દુષ્પરિણામોને નિવારવા આપણે પ્રકૃતિ તરફ પાછા વળવું પડશે અને પ્રાકૃતિક ખેતી અપનાવવી પડશે.

કેન્દ્રીય મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં લૉન્ચ કરાયેલાં પ્રાકૃતિક ખેતીના લોગો, ઈ-વેહિકલ અને એપ અંગે રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, રાજ્ય સરકાર દ્વારા દેશી ગાયના નિભાવ માટે આર્થિક સહાય તો અપાતી જ હતી, આજે આ નવા પ્રકલ્પો થકી ખેડૂતોની ઉપજના વેચાણ અને માર્કેટિંગની સુવિધા પણ ઊભી કરાઈ રહી છે. જેના માટે કેન્દ્રિય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહનો આભાર વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રાકૃતિક ખેતી પરના આ પરિસંવાદને કૃષિ સંક્રાંતિ ગણાવતાં કહ્યું કે, આઝાદીના અમૃત મહોત્સવે કૃષિ ક્ષેત્રે આત્મનિર્ભર બનવાનું લક્ષ્ય પ્રાકૃતિક ખેતીને વેગવંતી બનાવી સાકાર કરવું છે. જળ, જમીન, પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્યની રક્ષા માટે હવે 'બેક ટુ નેચર' પ્રાકૃતિક ખેતી તરફ વળવું એ જ શ્રેષ્ઠ વિકલ્પ છે. હેલ્થ ઇઝ વેલ્થને સાકાર કરવા પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદિત ખાદ્ય ઉત્પાદનો અનાજના વ્યાપક ઉપયોગની પણ હિમાયત કરી હતી.

આ સેમિનારમાં કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ, રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ કૈલાસનાથન, મુખ્યસચિવ શ્રી પંકજ કુમાર, કૃષિના અગ્ર સચિવ શ્રી મનીષ ભારદ્વાજ, પશુપાલન સચિવ શ્રી નલિન ઉપાધ્યાય સહિત અગ્રણીઓ જોડાયા હતા. ●

# ગુજરાતમાં ગ્રીન એનર્જી ક્ષેત્રે ૧૦ લાખ જેટલી રોજગારીનું સર્જન થશે

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા ગુજરાતને નેટ ઝીરો અને કાર્બન ફ્રી બનાવવાના હેતુથી ગુજરાત સરકાર સાથે રૂ. ૫.૯૫ લાખ કરોડના રોકાણો માટે તાજેતરમાં MoU કર્યા હતા. આ મૂડીરોકાણથી રાજ્યમાં ૧૦ લાખતી વધુ રોજગારીનું સર્જન થશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં આ MoU પર ગુજરાત સરકારના ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી ડૉ. રાજીવકુમાર ગુપ્તા તથા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ વતી ગૃપ પ્રેસિડેન્ટ શ્રી પરિમલ નથવાણીએ હસ્તાક્ષર કર્યા હતા. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૨ અંતર્ગત રોકાણ પ્રોત્સાહન રૂપે રિલાયન્સ દ્વારા આ MoU કરવામાં આવ્યા છે.

આ કરાર હેઠળ ગુજરાતમાં આવનારા દસકમાં ૧૦૦ ગીગાવોટ રિન્યુએબલ એનર્જી પાવર પ્લાન્ટ અને ગ્રીન હાઇડ્રોજન ઈકો-સિસ્ટમના વિકાસ માટે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે રૂ. ૫ લાખ કરોડના આ સૂચિત રોકાણો કર્યા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનને અનુરૂપ ગ્રીન ઈકોસિસ્ટમના વિકાસ માટે ગુજરાત સરકાર પ્રતિબદ્ધ છે. રિન્યુએબલ એનર્જી તથા ગ્રીન હાઈડ્રોજન કેપ્ટીવ ઉપયોગની નવી ટેક્નોલોજી તથા ઈનોવેશન અપનાવવા નાના અને મધ્યમ કદના ઉદ્યોગોને સહાય રૂપ બનવા અને ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહિત કરવા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ઈકોસિસ્ટિમ વિકસાવશે.

આ સૂચિત પ્રોજેક્ટના પરિણામે રાજ્યમાં પ્રત્યક્ષ અને પરોક્ષ મળીને અંદાજે ૧૦ લાખ જેટલી રોજગારીની તકોનું સર્જન થશે. આ MoU ઉપરાંત રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ન્યૂ એનર્જી મેન્યૂફેકચરીંગ-ઈન્ટીગ્રેટેડ રિન્યુએબલ મેન્યૂફેકચરીંગ અન્વયે ૬૦ હજાર કરોડનું રોકાણ કરશે.



ઉલ્લેખનીય છે કે, ભારતમાં અત્યારે રીન્યુએબલ સ્ત્રોત થકી 157 ગીગાવોટ વીજ ઉત્પાદનની ક્ષમતા છે, જે વધારીને વર્ષ 2030માં કુલ ક્ષમતાનાં 500 ગીગાવોટ લઈ જવાની વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જાહેરાત કરી છે. આગામી દસ વર્ષમાં રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ પોતાના આયોજન અનુસાર 100 ગીગાવોટ ક્ષમતા સ્થાપી શકે તો દેશની કુલ ગ્રીન એનર્જીમાં તેનો હિસ્સો પાચમા ભાગનો થઈ જશે. આ સાથે, કંપની જામનગર ખાતે રૂ.75 હજાર કરોડના ખર્ચે ત્રણ વર્ષમાં ત્રણ ગીગા ફેક્ટરી સ્થાપવાની જાહેરાત કરી હતી. જે અંગેની કાર્યવાહી હાલ પ્રગતિ હેઠળ છે.

**ગ્રીન એનર્જી ક્ષેત્રે ગુજરાતમાં રૂ. 5 લાખ કરોડથી વધુનું રોકાણ થશે**



આ ન્યૂ એનર્જી મેન્યુફેકચરીંગ અન્વયે સોલાર પી.વી. મોડ્યુલ, ઈલેક્ટ્રોલાઈઝર, એનર્જી સ્ટોરેજ બેટરી, ફયુઅલ સેલ્સ સહિતની ફેસેલિટીઝ સ્થપાશે. એટલું જ નહિ, રિલાયન્સ જિઓ નેટવર્કને 5G માં અપગ્રેડ કરવા આગામી વર્ષોમાં ૭૫૦૦ કરોડ, આવનારા પાંચ વર્ષમાં રિલાયન્સ રિટેઈલમાં રૂ. ૩૦૦૦ કરોડ અને હાલના તથા નવા પ્રોજેક્ટસમાં મળીને રૂ. ૨૫ હજાર કરોડના રોકાણોના પ્રસ્તાવ પણ તેમણે રજૂ કર્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગ્રીન-કલીન અને એન્વાયરમેન્ટ ફ્રેન્ડલી એનર્જી ઉત્પાદનમાં ગુજરાતને અગ્રેસર બનાવવામાં આ સૂચિત પ્રોજેક્ટસ મહત્વપૂર્ણ બનશે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી. આ MoU વેળાએ મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન તેમજ વરિષ્ઠ સચિવો ઉપસ્થિત રહ્યા હતા. ●

# વિકાસકામોની સ્થળ ઉપર જઇને સમીક્ષા કરતા CM



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્યમાં અવિરત વિકાસની ધારા વહી રહી છે. વિકાસ કામોમાં કોઈ કચાસ ન રહે અને તે સમયસર પૂર્ણ થાય તે માટે તેનું સતત નિરીક્ષણ થાય તે જરૂરી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ જાતે વિકાસ કામોનું સતત નિરીક્ષણ કરી માર્ગદર્શન આપી રહ્યા છે. તાજેતરમાં મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના ધોરી માર્ગોના વિસ્તૃતીકરણની ચાલી રહેલી કામગીરીની વિવિધ સ્થળોએ મુલાકાત લઈને પ્રગતિ નિહાળી તેમજ સંબંધિત અધિકારીઓ સાથે કામગીરી સંદર્ભમાં સમીક્ષા હાથ ધરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર અને માર્ગ મકાન સચિવ શ્રી સંદિપ વસાવા સાથે આ કામગીરીના જાત નિરીક્ષણ માટેનો ઉપક્રમ લીંબડીથી કર્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદ રાજકોટ હાઈવેના ૬ લેન કરવાના કામોમાં લીંબડી બગોદરા વચ્ચેના કાર્યો તેમજ બગોદરા તારાપુર હાઈવેના ૬ લેન અંતર્ગત અરણેજ નજીકના બ્રિજ નિર્માણની પ્રગતિ નિહાળી હતી. મુખ્યમંત્રીશ્રી આ સમગ્ર રૂટ પર મોટર માર્ગે ફર્યા હતા અને જુદી જુદી સાઈટ પર પ્રત્યક્ષ જઈને કામોની ગુણવત્તા, વપરાશમાં લેવાતા મટીરિયલ અંગેની વિગતો પણ મેળવી હતી. તેમણે બગોદરા માર્ગ પર કેરાલા પાસે બની રહેલા ઓવરબ્રિજની સાઈટનું પણ નિરીક્ષણ કર્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે આ બધા પ્રગતિ હેઠળના કામોની જાત મુલાકાત લઈ ગાંધીનગર પરત આવતા સરખેજ ચિલોડા નેશનલ હાઈવેના ૬ લેન કામો અન્વયે અદાણી શાંતિ ગ્રામ પાસે નિર્માણાધિન ઓવરબ્રિજની કામગીરી પણ જોઈ હતી.


મુખ્યમંત્રીશ્રીએ બગોદરા તારાપુર ૬ લેન માર્ગ અન્વયે અરણેજ ખાતે બની રહેલા બ્રિજના કામોની પણ મુલાકાત લીધી હતી. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અમદાવાદ રાજકોટ ધોરીમાર્ગ ને ૬ લેન કરવાના પ્રગતિ હેઠળના કામોના સ્થળ નિરીક્ષણ અને ગુણવત્તા વગેરેની જાત માહિતી મેળવવાના હેતુસર મોટર માર્ગે આ રૂટ પર નીકળ્યા હતા અને જુદા જુદા સ્થળોની માર્ગ નિર્માણ કામગીરી નિહાળી હતી તથા આ કામગીરી સાથે સંકળાયેલા ઈજનેરો - અધિકારીઓ સાથે કામગીરીની સમીક્ષા કરી હતી. ●

## મુખ્યમંત્રીશ્રીએ હાઇવે પરની હોટલમાં સામાન્ય નાગરિકની જેમ ચાની ચૂસ્કી માણી



અમદાવાદ-રાજકોટ ધોરીમાર્ગને ૬ લેન કરવાની કામગીરીના નિરીક્ષણ વેળાએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે હાઈવે પરની કાઠીયાવાડી હોટલમાં સામાન્ય નાગરિકની જેમ ચાની ચૂસ્કી માણી હતી. આ દરમિયાન હાઈવે પર આવેલી હોટલ પર તેઓ મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર અને અન્ય અધિકારીઓ સાથે રીફ્રેશમેન્ટના હેતુસર થોડી મિનિટો માટે રોકાયા હતા. મુખ્યમંત્રીએ પોતાના સાલસ સ્વભાવનો પરિચય આપતા હોટેલ-ઢાબા પર ઉપસ્થિત મુસાફરોની લાગણીને માન આપી તેમની સાથે તસવીરો પડાવી હતી. ●

# નૂતન ભારતનો ઉદય થઇ રહ્યો છે...




**મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે રાષ્ટ્રીય યુવા દિવસના અવસરે ગુજરાતના નાગરિકો સાથે બ્લોગ સ્વરૂપે પોતાના વિચારો શૅર કર્યા હતા. સાડા છ કરોડ ગુજરાતીઓના પરિવારના વડા તરીકેની ભૂમિકા પૂરી નિષ્ઠાથી નિભાવવા સાથે લોકાભિમુખ વહીવટનો સંકલ્પ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીના બ્લોગના અંશો નીચે મુજબ છે.**

નમસ્કાર..

આપ સૌને રાષ્ટ્રીય યુવા દિવસની શુભકામનાઓ. જેમના પુણ્ય સ્મરણમાં આપણે ભારતમાં યુવા દિવસની ઉજવણી કરીએ છીએ એવા આધ્યાત્મિક ચેતનાના શિખર સ્વરુપ સ્વામી વિવેકાનંદજીને તેમની જન્મજયંતીએ શત્ શત્ નમન.. મિત્રો, આજના અવસરે સોશ્યલ મીડિયાના માધ્યમથી મુખ્યમંત્રી તરીકેની મારી યાત્રાના કેટલાક અનુભવો અને વિચારો આપની સાથે શૅર કરી રહ્યો છું.

વિવેકાનંદજીએ 1893 માં શિકાગો વિશ્વ ધર્મપરિષદમાં પોતાના સંબોધનની શરૂઆત “લેડીઝ એન્ડ જેન્ટલમેન” શબ્દોથી કરવાના બદલે “સીસ્ટર્સ એન્ડ બ્રધર્સ ઓફ અમેરિકા” એમ કહ્યું હતું. એક નરેન્દ્રનાથે એ સમયે ભારતના સનાતન મૂલ્યોથી સમગ્ર વિશ્વને અભિભૂત કરી દીધું હતું. આજે ફરી એકવાર એક નરેન્દ્ર ભારતની અસ્મિતાને વિશ્વમાં બુલંદ બનાવી રહ્યા છે. ફરી એકવાર દુનિયા એક નરેન્દ્રની આહલેકથી “યોગમય” બની છે. એક આગવી ઓળખ સાથે “નૂતન ભારત”નો ઉદય થઈ રહ્યો છે. મને ખુશી છે કે ભારતીયો માટે વિકાસનો એક અભૂતપૂર્વ અવસર આવ્યો છે, ત્યારે વિકાસના પર્યાય ગણાતા રાજ્યના મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સંભાળવાનું સૌભાગ્ય મને સાંપડ્યું છે. સાડા છ કરોડ ગુજરાતીઓના પરિવારના વડા તરીકેની ભૂમિકા પૂરી નિષ્ઠાથી નિભાવવા હું સંકલ્પબદ્ધ છું. 14 સપ્ટેમ્બર 2021 ના દિવસે મારી મુખ્યમંત્રી તરીકેની નવી યાત્રાની શરૂઆત થઈ. આ યાત્રામાં સહપ્રવાસી તરીકે મને મળી એક યુવા, ઊર્જાવાન અને સતત જનહિતને ધ્યાનમાં રાખીને દિવસ-રાત કામ કરતી ટીમ.

પદભાર સંભાળ્યો એ દિવસોમાં સૌરાષ્ટ્રમાં ભારે વરસાદને લીધે ખેડૂતો અને કાચા મકાનોમાં રહેતા લોકોને ભારે નુકસાન થયું હતું. અમે લોકો તરત જ અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચી ગયા અને તાત્કાલિક અસરગ્રસ્તોને સહાયની જાહેરાત કરી. “સંકટ સમયમાં સાથે રહે એ સરકાર.” મારા સૌ નાગરિક ભાઈબહેનોને હું એ ખાતરી આપવા માંગું છું કે સંકટ કોઈપણ હોય ગુજરાત સરકાર સદાય આપની પડખે ઊભી રહેશે. આફતને અવસરમાં કેવી રીતે ફેરવવા એ માન. નરેન્દ્રભાઈએ આપણને સુપેરે શીખવ્યું છે.

“આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત”ના મંત્ર સાથે ગુજરાત સરકાર કામ કરી રહી છે. અમારે મન વિકાસ એટલે જ સર્વસમાવેશી, સર્વસ્પર્શી, સર્વાંગીણ વિકાસ. એવો વિકાસ જેમાં “સર્વજન હિતાય, સર્વજન સુખાય” ની ભાવના હોય. એવો વિકાસ જેમાં વિદ્યાર્થીઓની વાત હોય... જેમાં કિસાનોની દરકાર હોય, જેમાં ઉદ્યોગજગત માટે અવસર પણ હોય અને જનસામાન્યના આરોગ્યની ચિંતા પણ હોય. નાગરિકોની નાનામાં નાની તકલીફ પણ અમારા માટે અગત્યની છે. મેં અગાઉ પણ કહ્યું હતું કે, શબ્દોની મારામારીના કારણે કે કાયદાના અર્થઘટનના કારણે નાગરિકોને જો મુશ્કેલી પડતી હશે તો અમે એમાં ફેરફાર કરવા પણ તૈયાર છીએ.

અમે વર્ષો સુધી સામાન્ય નાગરિકની જેમ મંચની સામે બેઠા છીએ. એટલે જ, આજે જ્યારે મંચની ઉપર બેસવાનો અવસર આવ્યો છે ત્યારે અમે પ્રજાને પડતી મુશ્કેલી સમજીએ છીએ. સામાન્ય માણસને પડતી મુશ્કેલીઓથી અમે પરિચિત છીએ અને તેમનું જીવન સુખમય બનાવવા સતત ચિંતીત છીએ. મુખ્યમંત્રી તરીકે છેલ્લા 3-4 મહિના દરમિયાન ગુજરાતના અનેક વિસ્તારોમાં જવાનું થયું, અનેક લોકોને મળવાનું તેમના પ્રશ્નો સાંભળવા-સમજવાનું થયું. પ્રવાસ હોય કે મુલાકાત... અમારો હેતુ સરળ, સહજ પરંતુ મક્કમ અને લોકાભિમુખ વહીવટ આપવાનો છે.

મિત્રો, કોરોનાના આ કપરા કાળમાં આપણે સૌ સજાગ રહીને નાગરિક તરીકેની આપણી ફરજો નિભાવીએ. રાજ્યના લોકોને કોરોના સામે રક્ષણ આપવાના પ્રયાસોમાં ગુજરાત સરકાર પણ કોઈ કસર છોડશે નહિ. આપણે સૌ સાથે મળીને જાગૃતિ અને સાવચેતી સાથે કોરોનાને મહાત આપીયે એવો ખાસ આગ્રહ આપને કરવા માંગુ છું.

મિત્રો, આવનાર સમયમાં આવી જ રીતે મારા વિચારો આપની સાથે શૅર કરતો રહીશ. મળતા રહીશું.

આપનો,
ભૂપેન્દ્ર પટેલ



# કોરોનાને મહાત આપવા સજ્જ ગુજરાત

વિશ્વ સમસ્ત આજે કોરોના વાયરસની મહામારી સામે લડી રહ્યું છે. કોરોના વાયરસ કોવિડ-૧૯નો નવો વેરિએન્ટ ઓમિક્રોન દિન-પ્રતિદિન વધી રહ્યો છે. ભારતે આ મહામારી સામે લડવા માટે સમયસર અને જરૂરી પગલાં લીધાં છે. કોરોના સામેના જંગમાં ભારત અને ગુજરાત મક્કમતાપૂર્વક લડી રહ્યાં છે. આની સકારાત્મક અસર જોવા મળી રહી છે. મહામારીની આ સંકટની ઘડીઓમાં પ્રત્યેક ગુજરાતી બાંધવ સોશિયલ ડિસ્ટન્સિંગ રાખી તેની જવાબદારી અદા કરે એ સૌથી મોટી દેશ સેવા ગણાશે.

નિષ્ણાતોનું એવું પણ કહેવાનું છે કે આજે જો કોઈ વ્યક્તિમાં કોરોના વાયરસ પહોંચે છે તો તેના શરીરમાં તેના લક્ષણો દેખાતા કેટલાક દિવસો લાગી જાય છે. આ સમયગાળા દરમિયાન તે જાણે અજાણે તે પ્રત્યેક વ્યક્તિને ચેપ લગાડી દે છે જે તેના સંપર્કમાં આવે છે. વિશ્વ આરોગ્ય સંસ્થાનો અહેવાલ જણાવે છે કે આ મહામારીનો ચેપ ધરાવતો એક વ્યક્તિ માત્ર એક અઠવાડિયા-દસ દિવસમાં જ સેંકડો લોકો સુધી આ બીમારી પહોંચાડી શકે છે. એટલે કે તે આગની જેમ ઝડપથી ફેલાય છે. ઓમિક્રોનની આગને ફેલાય તે પહેલા જ ઠારવા માટે ગુજરાત સરકારનું સમગ્ર વહીવટી તંત્ર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનાં નેતૃત્વમાં કામે લાગી ગયુ છે.

## રાજ્યના 15 થી 18 વર્ષના 35 લાખ કિશોરો વેક્સિનથી સુરક્ષિત

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યમાં ૧૫ થી ૧૮ વર્ષની વયના બાળકો તરૂણોને કોરોના વેક્સિન આપવાના અભિયાનનો ગાંધીનગરના કોબાની જી.ડી.એમ. કોબાવાલા હાઈસ્કૂલથી કરાવ્યો હતો. આ અભિયાનમાં રાજ્યમાં ૧૫ થી ૧૮ વર્ષની વયના અંદાજે ૩૫ લાખથી વધુ બાળકોને કોરોના વેક્સિનેશન ડ્રાઈવ અન્વયે આવરી લેવામાં આવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ કોબાની શાળામાં પહોંચીને બાળકોના રસીકરણની કામગીરી નિહાળીને, બાળકો સાથે સંવાદ કર્યો હતો. આરોગ્ય વિભાગે આ હેતુસર ૫૦ ટીમ કાર્યરત કરેલી છે. ગાંધીનગરના મેયર શ્રી હિતેશભાઈ મકવાણા, ધારાસભ્ય શ્રી શંભૂજી ઠાકોર, આરોગ્ય કમિશનર શ્રી જયપ્રકાશ શિવહરે તેમજ મ્યુનિસિપલ કમિશનર શ્રી ધવલ પટેલ અને શાળા શિક્ષક પરિવાર તેમજ વિદ્યાર્થીઓ આ વેક્સિનેશન ડ્રાઈવના પ્રારંભે ઉપસ્થિત રહ્યા હતા.






વિશ્વવ્યાપી મહામારી કોરોના સંક્રમણ તથા નવો વેરિએન્ટ ઓમિક્રોનની દેશના રાજ્યોમાં પ્રવર્તમાન સ્થિતીની સર્વગ્રાહી સમીક્ષા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ રાજ્યોના મુખ્યમંત્રીશ્રીઓ સાથે વિડીયો કોન્ફરન્સ બેઠક યોજી હતી. આ બેઠકમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ગાંધીનગરથી સહભાગી થયા હતા. વડાપ્રધાનશ્રીએ કોરોના સામેના કારગત હથિયાર તરીકે વેક્સિનેશનની મહત્તા આપતાં રાજ્યોને વેક્સિનેશન ડ્રાઇવ અને પ્રિવેન્ટીવ કેર અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે ઉત્તરાયણ, લોહરી, બિહુ જેવા વિવિધ તહેવારોમાં લોકો અને પ્રશાસન બેયની સતર્કતા-એલર્ટનેસ જળવાઇ રહે તે માટે પણ સૂચનો કર્યા હતા. ટેસ્ટિંગ, હોમ આઇસોલેશન, ટેલિમેડિસીન પદ્ધતિના ઉપયોગ માટે પણ વડાપ્રધાનશ્રીએ રાજ્યોના મુખ્યમંત્રીશ્રીઓ સાથે પરામર્શ કર્યો હતો. કેન્દ્રિય ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહ, આરોગ્ય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયા તેમજ કેન્દ્ર સરકારના સંબંધિત વિભાગોના સચિવો આ બેઠકમાં જોડાયા હતા.

રાજ્યમાં કોરોના સંક્રમણ સામે જિલ્લાઓ અને મહાનગરોના વહિવટી તંત્રની સજ્જતા અંગે તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે સર્વગ્રાહી સમીક્ષા બેઠક યોજી હતી. અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ અને ગાંધીનગરના મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ અને ખેડા, આણંદ, ભરૂચ, નવસારી, વલસાડ તથા કચ્છના જિલ્લા કલેક્ટરશ્રીઓ, જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ અને જિલ્લા આરોગ્ય અધિકારીઓએ મુખ્યમંત્રીશ્રીને પોતાના વિસ્તારોમાં વેક્સિનેશન ડ્રાઇવ, ટ્રેસીંગ-ટ્રેકીંગ અને જરૂરતમંદ કેસોમાં આઇસોલેશન તથા હોસ્પિટલોમાં દવાઓ, ઓક્સિજન બેડ વિગેરેની સંપૂર્ણ વિગતો આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ જિલ્લા વહીવટી તંત્રોની આ સજ્જતા અંગેની સમીક્ષા કરતા કહ્યું કે, જિલ્લાના પ્રભારી સચિવોનું જિલ્લા તંત્રોને જરૂરી માર્ગદર્શન મળી રહે તે માટે તેમને જિલ્લાઓમાં પહોંચવા સૂચના આપી દેવાઈ છે. એટલું જ નહિ, સરકાર તરફથી તમામ જરૂરી મદદ જિલ્લાઓને પહોચાડવાનું સઘન આયોજન થયું છે.

કોરોના સામે રોગ પ્રતિકારક શકિત વધારવા મહાનગરો અને જિલ્લાઓમાં આયુષ દ્વારા સમગ્ર રાજ્યમાં દરરોજ કુલ મળીને બે હજાર કિલો ઉકાળા પાવડર પહોંચાડવાનું આયોજન થઈ ગયું છે તેનો પણ લાભ વધુને વધુ લોકો સુધી પહોંચે તેવી વ્યવસ્થાઓ કરવા પણ આ વિડીયો કોન્ફરન્સ બેઠકમાં સૂચના આપવામાં આવી હતી.

શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે આ જિલ્લા અને શહેરી તંત્રવાહકોને એવો અનુરોધ કર્યો કે જે વ્યક્તિઓ હોમ આઇસોલેશનમાં રહેલા હોય તેમનું અને તેમાંથી હોસ્પિટલમાં એડમીટ થયા હોય તેમનું પણ સતત મોનીટરીંગ કરવામાં આવે તે ઇચ્છનીય છે. મુખ્ય સચિવ શ્રી પંકજકુમારે જિલ્લા ક્લેક્ટરશ્રીઓ, મ્યુનિસિપલ કમિશનરશ્રીઓને જરૂરિયાત મુજબ ધન્વંતરિ રથ અને સંજીવની રથ વધુ મોબીલાઇઝ કરવા તથા કોન્ટેક્ટ ટ્રેસિંગ વ્યાપક બનાવવા અને દરરોજના ટેસ્ટિંગની સંખ્યા પણ વધારવાની સૂચનાઓ આપી હતી.

મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કે. કૈલાસનાથન, આરોગ્ય વિભાગના કાર્યકારી અગ્ર સચિવ શ્રી મુકેશકુમાર, વરિષ્ઠ સચિવશ્રીઓ આ વિડીયો કોન્ફરન્સમાં ગાંધીનગરથી સહભાગી થયા હતા. આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મનોજ અગ્રવાલે જણાવ્યું હતું કે, વિશ્વમાં ઓમિક્રોન વાઈરસનો નવો વેરિઅન્ટ જોવા મળી રહ્યો છે તે સંદર્ભે ગુજરાતના નાગરિકોને સુરક્ષિત કરવા રાજ્યનું આરોગ્ય તંત્ર સંપૂર્ણ સુસજ્જ છે. આ માટે કેન્દ્ર સરકારની ગાઈડલાઈન અનુસાર ગુજરાતમાં સંપૂર્ણ તૈયારીઓ કરી દેવાઈ છે. તેમજ રાજ્યમાં પૂરતા પ્રમાણમાં દવાઓનો જથ્થો, બેડ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ છે. એટલે નાગરિકોએ સહેજ પણ ગભરાવાની જરૂર નથી માત્રને માત્ર સતર્ક રહી કોવિડના પ્રોટોકોલનું પાલન કરવું આવશ્યક છે.

શ્રી અગ્રવાલે ઉમેર્યું કે, ઓમિક્રોન વેરિઅન્ટ સંદર્ભે WHO અને કેન્દ્ર સરકાર દ્વારા આંતરરાષ્ટ્રીય યાત્રિકોના ટેસ્ટિંગ માટે જે ગાઈડલાઈન જાહેર કરાઈ ત્યારથી રાજ્યમાં અમદાવાદ તથા સુરત એરપોર્ટ ખાતે યાત્રિકોનું સ્ક્રિનિંગ કરવામાં આવી રહ્યું છે જેમાં એટ રિસ્ક અને નોન એટ રિસ્ક દેશના મળીને યાત્રિકોનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું છે તે પૈકી એટ રિસ્ક દેશના યાત્રિકોના RTPCR ટેસ્ટ કરવામાં આવ્યા છે. કોરોના પોઝિટિવ દર્દીઓને હોમ ક્વોરેન્ટાઈનમાં રાખીને સારવાર આપવામાં આવી રહી છે જ્યારે નોન પોઝિટિવ તમામ યાત્રિકોને હોમ આઈસોલેશનમાં રાખીને તમામનું આરોગ્ય વિભાગ દ્વારા મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. આવા યાત્રિકોના દર ત્રીજા અને પાંચમાં દિવસે સેમ્પલ લઈને ચકાસણી કરવામાં આવી રહી છે. આ ઉપરાંત સંક્રમણ વધે નહીં તે માટે રાજ્યભરમાં સર્વેલન્સની કામગીરી પણ ચાલી રહી છે.

તેમણે ઉમેર્યું કે. રાજ્યમાં કોવિડ-૧૯ અને ઓમિક્રોન સંદર્ભે ટેસ્ટિંગની સુવિધાઓ વધારીને દરરોજના ૭૦થી ૭૫ હજાર ટેસ્ટિંગ કરવામાં આવી રહ્યાં છે અને આગામી સમયમાં આ ટેસ્ટિંગની ક્ષમતા જરૂરિયાત મુજબ વધારવાનું આયોજન છે.

તેમણે કહ્યું કે, મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર

દ્વારા સંપૂર્ણ તૈયારીઓ કરી દેવાઈ છે. રાજ્યમાં જો કેસોની સંખ્યા વધે તો તેને પહોંચી વળવા માટે રાજ્ય સરકારે સંપૂર્ણ વ્યવસ્થાઓ ગોઠવી છે. રાજ્યમાં પૂરતા પ્રમાણમાં દવાઓનો જથ્થો, ઓક્સિજન બેડ-વેન્ટિલેટરની સુવિધાઓ ઉપલબ્ધ છે તેમજ આરોગ્ય કર્મીઓને તાલીમબદ્ધ પણ કરી દેવાયા છે. ઓમિક્રોન સંદર્ભે WHO/ ICMR દ્વારા જે સારવાર અંગે સૂચનાઓ મળશે એ મુજબની વ્યવસ્થાઓ પણ રાજ્ય સરકાર દ્વારા ગોઠવી દેવાશે.

ગુજરાતમાં અત્યાર સુધીમાં નોંધાયેલા ઓમિક્રોનના કેસોમાં સામાન્ય હળવા લક્ષણો જેવા કે, તાવ, ઉધરસ, શરદીના જોવા મળે છે. એથી કોઈપણ દર્દીને હોસ્પિટલમાં જવાની જરૂર પડી નથી. પરંતુ તકેદારી માટે એમને હોસ્પિટલમાં રાખીને સારવાર આપવામાં આવી રહી છે જેના લીધે અન્યમાં ચેપ પ્રસરે નહી.

ઓમિક્રોન સંદર્ભે કેન્દ્ર સરકાર દ્વારા જે ગાઇડલાઇન આપવામાં આવી છે તેનો રાજ્યમાં ચૂસ્ત અમલ થઇ રહ્યો છે. એટલે નાગરિકોને સહેજ પણ ગભરાવવાની જરૂર નથી. પરંતુ માત્રને માત્ર સતર્ક રહીને કોવિડ પ્રોટોકોલનું પાલન કરીને સહયોગ આપવાની જરૂર છે. ●

## નાગરિકોના આરોગ્યહિત માટે મહત્વના નિર્ણયો

**મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીની બેઠકમાં રાજ્યના નાગરીકોના વ્યાપક આરોગ્ય હિતમાં કેટલાક મહત્વના નિર્ણય લેવામાં આવ્યા હતા. આ નિર્ણય અંતર્ગતના ફેરફારો તા.12મી જાન્યુઆરી, 2022થી તા.22મી જાન્યુઆરી, 2022 સુધી અમલી બનાવાયા છે. કોર કમિટીમાં લેવાયેલા આ નિર્ણય મુજબ રાજ્યમાં તમામ પ્રકારના રાજકીય, સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, ધાર્મિક કાર્યક્રમો જેવા જાહેર સમારંભો અને મેળાવડાઓમાં વધુમાં વધુ 150 વ્યક્તિઓની મર્યાદા રહેશે. બંધ સ્થળોએ યોજાતા આવા સમારોહમાં જગ્યાની ક્ષમતાના 50% પરંતુ વધુમાં વધુ 150 વ્યક્તિઓની સંખ્યામાં યોજી શકાશે.**

**રાજ્યમાં લગ્ન સમારોહ માટે ખુલ્લી જગ્યામાં 150 વ્યક્તિઓની મર્યાદામાં યોજી શકાશે. આવા લગ્ન સમારોહ બંધ જગ્યાએ યોજાય ત્યારે જગ્યાની ક્ષમતાના 50% પરંતુ વધુમાં વધુ 150 વ્યક્તિઓની મર્યાદામાં યોજવાના રહેશે. ●**



## CMની હાજરીમાં હેલ્થ વર્કર્સ, સિનિયર સિટિઝન માટે પ્રિકોશન ડોઝનો પ્રારંભ

રાજ્યમાં ફ્રન્ટ લાઈન વર્કર્સ, હેલ્થ વર્કર્સ તથા ૬૦ વર્ષથી વધુની આયુના અને અન્ય બિમારી ધરાવતા વયસ્કોને કોરોના વેક્સિનનો પ્રિકોશન ડોઝ આપવાનો પ્રારંભ થયો છે. ફ્રન્ટ લાઈન વર્કર્સ અને વરિષ્ઠ નાગરિકોને કોરોના વેક્સિનના પ્રિકોશન ડોઝ આપવાના પ્રારંભ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ગાંધીનગર મહાનગરપાલિકાના સેકટર-૨૯ ના અર્બન હેલ્થ સેન્ટર ખાતે ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર રાજ્યમાં આવા પ્રિકોશન ડોઝ માટે પાત્રતા ધરાવતા અંદાજે ૯ લાખ લોકોને રાજ્યભરના ૩૫૦૦ રસીકરણ કેન્દ્રો પરથી અંદાજે ૧૭ હજારથી વધુ આરોગ્ય કર્મીઓ આ ડોઝ આપવાના છે. ગાંધીનગરના મેયર શ્રી હિતેશભાઇ મકવાણા તથા મ્યુનિ. કમિશનર શ્રી ધવલ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલા ઉપરોક્ત કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ આરોગ્યકર્મીઓ તથા લાભાર્થીઓ સાથે વાતચીત કરી હતી.

# કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી માંડવીયાની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઇ

કોરોનાનો સામનો કરવા સમગ્ર તંત્ર સજ્જ અને સાબદું બન્યુ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં નેતૃત્વમાં ભારતીયોની જનસુખાકારી માટેનાં અસરકારક પગલાંઓ લેવામાં આવ્યા છે.તાજેતરમાં કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયાની અધ્યક્ષતામાં કોરોનાની પ્રવર્તમાન સ્થિતિ ૭ રાજ્યોના આરોગ્ય મંત્રીશ્રીઓ, આરોગ્ય સચિવશ્રી સાથે સંકલન સાધીને કોરોનાની પ્રવર્તમાન સ્થિતિ અને સજ્જતા અંગે સર્વગ્રાહી સમીક્ષા વિડીયો કોન્ફરન્સના માધ્યમ દ્વારા કરવામાં આવી હતી.

મંત્રી શ્રી માંડવીયાએ આ તમામ રાજ્યોમાં કોરોનાની પ્રવર્તમાન સ્થિતિ, ત્રીજી લહેર સામે રાજ્યોની સજ્જતા સતર્કતા અને તૈયારી વિશે આકલન કર્યું હતું. કેન્દ્રીય આરોગ્ય વિભાગ આ તમામ રાજ્યોની કોરોના સંદર્ભે માળખાગત સુવિધાઓ, દવાઓના અને રસીના જથ્થા સહિતની તમામ જરૂરિયાતને સત્વરે પૂરી કરવા માટે સજ્જ હોવાનું પણ મંત્રીશ્રીએ કહ્યું હતું. રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ દ્વારા રાજ્યમાં કાર્યરત વેક્સિનેશન ડ્રાઈવ, આઈ.સી.યુ. બેડ, વેન્ટિલેટર અને ઓક્સિજન સહિતની ઉપલબ્ધતા, ટ્રેસીંગ-ટ્રેકીંગ અને જરૂરિયામંદ કેસોમાં આઈસોલેશન, હોસ્પિટલોમાં દવાઓનો,રસીનો જથ્થો, સારવાર માટે માળખાકીય સુવિધાઓ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. આરોગ્ય મંત્રીશ્રીએ કોરોનાની ત્રીજી લહેરમાં રાજ્યની સજ્જતા અંગે પણ કેન્દ્રીય મંત્રીશ્રીને માહિતગાર કર્યા હતા.

રાજ્યમાં નોંધાઇ રહેલા કોરોના-ઓમિક્રોનના કેસોમાંથી ૯૬ ટકાથી વધુ દર્દીઓ હોમ આઇસોલેસનમા સારવાર હેઠળ છે તેમજ અત્યારે નોંધાઈ રહેલા કોરોનાગ્રસ્ત દર્દીઓ હોસ્પિટલાઇઝેશન અને ક્રિટિકલ કેર દર ખૂબ જ નીચો હોવાનું પણ મંત્રીએ કહ્યું હતું. રાજ્ય સરકાર દ્વારા હોમ આઇસોલેસનના કોરોનાગ્રસ્ત દર્દીઓને ટેલીમેડિસીન, ધન્વંતરિ રથ અને સંજીવની રથ દ્વારા ઘરે બેઠા ઉપલબ્ધ કરાવવામાં આવી રહેલી સારવારના અભિગમથી પણ કેન્દ્રીય મંત્રીશ્રીને અવગત કરાવ્યા હતા.આ કોન્ફરન્સમાં દરેક રાજ્યમાં ૧૫ થી ૧૮ ના તરૂણો, ૬૦ થી વધુ વયના વયસ્કો, હેલ્થકેર અને ફ્રન્ટલાઈન વોરિયર્સના રસીકરણ અભિયાનને વેગવંતુ બનાવવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

કેન્દ્રીય આરોગ્ય વિભાગ દ્વારા ESRP-2.0.પેકેજ પણ જાહેર કરવામાં આવ્યું હતું જે દરેક રાજ્યની કોરોના સામેની લડતને વધુ મજબૂત બનાવશે. આ કોન્ફરન્સમાં રાજ્ય મંત્રી શ્રીમતી નિમીષાબહેન સુથાર, અગ્ર સચિવ શ્રી મુકેશકુમાર સહિતના ઉચ્ચ અધિકારીઓ, આરોગ્ય કર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## કોવિડ વોરિયર્સના જુસ્સાને "બુસ્ટ અપ" કરતા આરોગ્યમંત્રીશ્રી



રાજ્યભરમાં "કોરોના પ્રિકોશન ડોઝ" રસીકરણ કાર્યક્રમનો અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલમાં આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે પ્રારંભ કરાવ્યો હતો. તેમણે છેલ્લા ૨૨ મહિનાથી કોરોના સામેની લડતમાં અડિખમ હેલ્થ કેર અને ફ્રન્ટલાઈન વોરિયર્સના જુસ્સાને 'બુસ્ટ અપ' કર્યો હતો. રાજ્યના મહત્તમ વયસ્કો, હેલ્થ કેર અને ફ્રન્ટલાઈન વર્કર્સને આ પ્રિકોશન ડોઝ લેવા માટે મંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો. કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર માટે અગાઉથી જ એક લાખ જેટલા બેડની વ્યવસ્થા કરવા ઉપરાંત સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ સહિતની અન્ય સરકારી હોસ્પિટલમાં PSA પ્લાન્ટ, સિલિન્ડર દ્વારા ઓક્સિજનની વ્યવસ્થા ઊભી કરાઇ છે. ●

## સંક્રમણથી બચાવ માટે પ્રિકોશન ડોઝ આવશ્યક



અમદાવાદ સિવિલ હોસ્પિટલના કોરોના રસીકરણ કેન્દ્રમાં કોરોના વેક્સિનના પ્રિકોશન ડોઝ આપવાના પ્રસંગે રાજય કક્ષાના આરોગ્ય મંત્રી શ્રીમતી નિમિષાબેન સુથારે જણાવ્યુ હતું કે, ૬૦ વર્ષથી વધુ વય ધરાવતા અને ફ્રન્ટલાઈન તથા હેલ્થ વર્કર્સ જેઓએ કોરોના રસીકરણના બંને ડોઝ લઇ લીધા છે અને આપવામાં આવેલા બીજા ડોઝની તારીખથી નવ મહિના (૩૯ અઠવાડિયા પૂર્ણ) થયા હોય તેમણે આ પ્રિકોશન ડોઝ લેવાનો રહેશે. શ્રીમતી નિમિષાબેન સુથારે સિવિલ રસીકરણ કેન્દ્રની મુલાકાત દરમ્યાન આરોગ્યકર્મીઓ અને વેક્સિન લેનારાઓ સાથે વાતચીત કરીને તેઓને પ્રોત્સાહિત કર્યા હતા. ●

# કોરોનાની ત્રીજી લહેરની પૂર્વતૈયારીની સઘન સમીક્ષા

**ગુજરાતનાં પ્રત્યેક જિલ્લામાં કોરોનાના કેસોની સ્થિતિ, સારવાર માટે બેડની વ્યવસ્થા, ઓક્સિજનની ઉપલબ્ધતા, ટેસ્ટિંગ અંગેની તૈયારી જેવા વિવિધ કોરોના સંલગ્ન મુદ્દાઓનું આકલન કરીને કામગીરી અને આગોતરી તૈયારીની સર્વગ્રાહી સમીક્ષા મંત્રીશ્રીઓ દ્વારા હાથ ધરવામાં આવી હતી. કોરોનાની પ્રથમ અને બીજી લહેરમાં સંપૂર્ણ રાજ્યમાં કોરોના વોરિયર્સે કરેલી કામગીરીના આધારે સંભવિત ત્રીજી લહેરનો સામેનો કરવાનો એક્શન પ્લાન તૈયાર કરી તે મુજબની વ્યવસ્થા કરવામાં આવી છે કે કેમ તે અંગેની માહિતી મંત્રીશ્રીઓએ મેળવી આરોગ્ય તંત્રના સુદ્રઢ આયોજન અર્થે ઉપયોગી સૂચનો કર્યાં હતા.**

## કોરોના સામે લડત આપવા અમદાવાદ સુસજ્જ



આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલની અધ્યક્ષતામાં અમદાવાદમાં આયોજિત સમીક્ષા બેઠકમાં જિલ્લાની કોરોનાના કેસોની સ્થિતિ, સારવાર માટે બેડની વ્યવસ્થા, ઓક્સિજનની ઉપલબ્ધતા, ટેસ્ટિંગ અંગેની તૈયારી જેવા વિવિધ કોરોના સંલગ્ન મુદ્દાઓનું આકલન કરીને કામગીરી અને આગોતરી તૈયારીની સર્વગ્રાહી સમીક્ષા કરાઇ હતી. અમદાવાદ શહેરમાં એક સાથે ૨૫૦૦૦થી વધુ દર્દીઓ તેમજ ગ્રામ્ય સ્તરે ૨૧૦૦ થી વધુ દર્દીઓને કોરોનાની સારવાર આપી શકાય તે માટેની વ્યવસ્થા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હાથ ધરાઈ છે.

## ડાંગમાં આરોગ્ય વિષયક સમીક્ષા

આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલે કોરોનાની સંભવિત ત્રીજી લહેરને ઉગતી જ ડામવા સતર્કતા સાથે ગ્રામ્ય કક્ષાએ સબ સેન્ટરો, અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કક્ષાએ જ, અસરકારક ટેસ્ટિંગ કરીને જરૂરિયાતમંદ દર્દીઓને હોમ આઇસોલેશનમાં રાખવાની તકેદારી દાખવવાની સૂચના, સમીક્ષા બેઠક દરમિયાન અધિકારીઓને આપી હતી. ડાંગ જિલ્લામા ૧૫ થી ૧૮ વર્ષની વયજૂથના ૨૪,૬૩૩ લાભાર્થીઓના લક્ષ્યાંક સામે ૧૧,૮૭૮ લાભાર્થીઓ (૫૮ ટકા)ને રસીનો પ્રથમ ડોઝ આપી



દેવામાં આવ્યો છે. જ્યારે ૧૮ થી ઉપરની વયજૂથના ૧ લાખ ૯૦ હજાર ૬૨૬ ના લક્ષ્યાંક સામે ૧ લાખ ૬૬ હજાર ૪૮૧ (૮૭ ટકા) ને પ્રથમ, અને ૧ લાખ ૧૮ હજાર ૮૯૧ ને (૭૧ ટકા) બીજો ડોઝ આપી દેવામાં આવ્યો છે.

## મહીસાગરમાં સંજીવની એક્સપ્રેસ બાઇકનો રાજ્યમાં પ્રથમ પ્રયોગ



મહીસાગર જિલ્લામાં ગ્રામ વિકાસ મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણે કોરાનાલક્ષી સમીક્ષા બેઠક યોજી હતી. મંત્રીશ્રીએ કોવિડ-૧૯ ના દર્દીઓની આરોગ્ય ચકાસણી માટે જિલ્લા તંત્ર દ્વારા નવતર અભિગમ અપનાવી સંજીવની એક્સપ્રેસ બાઇકના રાજ્યમાં પ્રથમ પ્રયોગને પ્રસ્થાન કરાવ્યું હતું. મહીસાગર જિલ્લામાં પાંચ સંજીવની એક્સપ્રેસ બાઇક અંતરિયાળ વિસ્તારોમાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર દ્વારા કોવિડ પેશન્ટની હોમ વિઝીટ, થર્મલ ગનથી ચકાસણી, એસ.પી.ઓ.ટુ ચકાસણી, સર્વેલન્સ, કોન્ટેક ટ્રીટમેન્ટ તેમજ વધુ જરૂર જણાયેથી દર્દીને હોસ્પિટલમાં રીફર કરશે.

## મહેસાણામાં કોરાનાલક્ષી માર્ગદર્શિકાનું પાલન કરવા અપીલ

મહેસાણા જિલ્લામાં રાજ્ય કક્ષાના સહકાર મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલની ઉપસ્થિતિમાં કોરોના સંદર્ભે સર્વગ્રાહી સમીક્ષા કરી યોજાઇ હતી. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે, મહેસાણા જિલ્લામાં જિલ્લામાં બેડ, વેન્ટિલેટર અને ઓક્સિજન સહિતની સુવિધાઓ ઉપલબ્ધ છે. જિલ્લાના અધિકારી અને આરોગ્ય અધિકારીઓને ઓકિસજન પ્લાન્ટોનું ટેસ્ટીંગ, વેન્ટિલેટર સર્વીસીંગ, ફાયર સેફટી તેમજ આનુષાંગિક જરૂરી તમામ તૈયારીઓ પૂરી કરી લેવા મંત્રીક્ષીએ જણાવ્યું હતું. આ પ્રસંગે પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રીએ



જણાવ્યું હતું કે જિલ્લાના નાગરિકો કોવિડની માર્ગદર્શિકાનું પાલન કરે તે જરૂરી છે. નાગરિકો સોશ્યલ ડિસ્ટન્સ,માસ્ક અને સેનીટાઇઝેશન માટે ખાસ અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે કોરોનાની ત્રીજી લહેરથી બચવા રસી રામબાણ ઈલાજ છે ત્યારે જિલ્લામાં મહત્તમ નાગરિકો રસી મુકાવે તે જરૂરી છે.

## કોરોનાની ત્રીજી લહેરને ખાળવા મોરબી સજ્જ



સમગ્ર ગુજરાતમાં કોરોનાના કેસો વધી રહ્યા છે ત્યારે મોરબી જિલ્લામાં પણ સંભવીત ત્રીજી લહેરની અગમચેતીના ભાગરૂપે શ્રમ રાજ્ય મંત્રી શ્રી બ્રિજેશભાઇ મેરજા તેમજ પશુપાલન રાજ્ય મંત્રી શ્રી દેવાભાઈ માલમના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઇ હતી. તેમણે મોરબી સિવિલ હોસ્પિટલની મુલાકાત લઇ વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું.

## કોરાનાની ત્રીજી લહેર નાથવા છોટાઉદેપુર તંત્ર સાબદુ



છોટાઉદેપુરમાં રાજ્ય કક્ષાના આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નિમિષાબહેન સુથારે કોરોનાની સંભવિત ત્રીજી લહેરની તૈયારી અંગે સમીક્ષા કરી હતી. આ બેઠકમાં પ્રભારી મંત્રી શ્રીમતી નિમિષાબેન સુથારે સરકારી હોસ્પિટલોમાં વેન્ટિલેટર અને વેન્ટીલેટર પ્લાન્ટ માટે જરૂરી કર્મચારીઓને તાલીમ આપીને તૈયાર રાખવા તથા જરૂરી વર્ગ-જના કર્મચારીઓની ભરતી કરવા માટે સલાહ આપી હતી.

## કોરોના સામેની લડતમાં સરકાર લોકોની પડખે




કોરોનાને અનુલક્ષીને ગીર સોમનાથ જિલ્લાની સ્થિતિ અંગેની સમીક્ષા બેઠકમાં વાહન વ્યવહાર રાજ્ય મંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણીએ નાગરિકોને કોઈ પણ મુશ્કેલીઓ ન પડે તે માટે તકેદારી લેવા, સગાર્ભા મહિલાઓ માટે અલાયદો વોર્ડ બનાવવા માટે અને ખાનગી તબીબોએ શરદી-તાવ વગેરે બિમારીઓના દર્દીઓનો રેકર્ડ રાખવા સહિતની સૂચનાઓ આપી હતી. ઉપરાંત સંભવિત ત્રીજી લહેરને પહોંચી વળવા માટે તંત્ર દ્વારા કરાયેલા આગોતરા આયોજનના સંદર્ભમાં બેડ, આઈસીયુ, વેન્ટિલેટર ઓક્સિજન સહિતની વ્યવસ્થાઓની વિગતો મેળવી હતી.

## પ્રજા અને પ્રશાસનના સહિયારા પ્રયાસો દ્વારા મહામારીને હરાવી શકાશે

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના રાજ્યકક્ષાના મંત્રી શ્રી આર. સી. મકવાણાએ અમરેલી જિલ્લામાં કોરાના સારવારની વ્યવસ્થા અંગે સમીક્ષા કરી હતી. પ્રભારી મંત્રી શ્રી મકવાણાએ જણાવ્યું હતું કે, પ્રજા અને પ્રશાસનના સહિયારા પ્રયાસો થકી જ મહામારીને હરાવી શકીશું. તંત્રના અધિકારીઓની સાથે સાથે લોકો પણ જો પોતાની અંગત જવાબદારી સમજી માસ્ક, વેક્સિનેશન, સામાજિક અંતર અને સેનિટાઇઝેશનનું ધ્યાન રાખે તો આ મહામારીને હરાવી શકાશે. કોરોનાગ્રસ્તોને અસરકારક આરોગ્ય સુવિધાઓ મળી રહે અને કોરોનાના નિર્ધારિત પ્રોટોકોલ મુજબ દર્દીઓને સારવાર મળી રહે તે માટે ઉચિત વ્યવસ્થા કરવામાં કોઈ ક્ષતિ ન સર્જાય તેવી દિશામાં કાર્ય કરવા મંત્રીશ્રીએ તમામ અમલીકરણ અધિકારીશ્રીઓને સૂચના આપી હતી. આ બેઠકમાં સાંસદ શ્રી નારણભાઇ કાછડીયા સહિત અધિકારીશ્રીઓ જોડાયા હતા. ●



# રાજકોટ જિલ્લા પ્રશાસન કોરોનાના મુકાબલા માટે તૈયાર

નરેશ મહેતા

રાજકોટ જિલ્લાનું પ્રશાસન તંત્ર કોરોનાની સંભવિત લહેર સામે સજ્જ થયું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શનમાં સમગ્ર રાજ્યમાં કોરોનાની સંભવિત લહેર સામે પૂર્વ તૈયારીના ભાગરૂપે રાજકોટ જિલ્લામાં પણ ત્વરિત કામગીરી કરવામાં આવી રહી છે. રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે અત્યાધુનિક પી.એમ.એસ.એસ.વાય. પાંચ માળનું બિલ્ડીંગ કોરોના દર્દીઓની સારવાર માટે અલાયદું રાખવામાં આવ્યું છે. અહીં ગુજરાતના પ્રથમ એવા રાજકોટના કોરોનાના પ્રથમ દર્દીની સારવારથી લઈ પ્રથમ તેમજ બીજી વેવ દરમ્યાન આ બિલ્ડીંગ ખાતે કોરોનાના દર્દીઓની સારવાર કરવામાં આવી હતી.

રાજકોટ સિવિલ ખાતે કુલ ૯૪૦ બેડની વ્યવસ્થા ઉપલબ્ધ છે. જે પૈકી હાલ ઓમિક્રોન વેરિયેન્ટની સંભાવનાને ધ્યાને લઈને બે વોર્ડ જેમાં કુલ ૧૦૦ બેડ અલાયદા ફાળવવામાં આવ્યું છે. આઈ.સી.યુ.ના કુલ બેડ પૈકી ૬૨૮ બેડ ઓક્સિજનની સુવિધા સાથે તેમજ ૨૩૦ બેડ વેન્ટિલેટરની સુવિધા સાથે આઈ.સી.યુ. વોર્ડમાં ઉપલબ્ધ છે. હોસ્પિટલ ખાતે દર્દીઓની સારવાર અર્થે ૨૩૨ સ્પેશિયાલિસ્ટ ડોક્ટર્સ, ૨૮૬ રેસિડન્ટ ડોક્ટર્સ, ૮૨ મેડિકલ ઓફિસર્સની ટીમ ઉપલબ્ધ છે. જ્યારે ૭૫૦ નર્સિંગ, ૯૫ લેબ ટેકનિશ્યન્સ, ૯ એક્સ-રે ટેકનિશ્યન્સ મળી ૮૮૮ પેરામેડિકલ સ્ટાફ તૈનાત રાખવામાં આવ્યા છે.

દર્દીને જરૂરિયાત મુજબ ઓક્સિજન મળી રહે તે માટે હોસ્પિટલ પાસે ૭.૪૬ મેટ્રિક ટન કેપિસિટીના કુલ ૬ પ્લાન્ટ ઉપલબ્ધ છે. હોસ્પિટલ ખાતે આર.ટી.પી.સી.આર. ટેસ્ટ માટે કાર્યરત લેબમાં રોજના ૨૦૦૦ થી વધુ રિપોર્ટ તૈયાર કરવાની ક્ષમતા સાથેની તમામ સુવિધા ઉપલબ્ધ છે. ગત કોરોના વેવ દરમ્યાન લેબમાં ૨૪ કલાક રિપોર્ટની સુવિધા ઉપલબ્ધ કરાવાઈ હતી.

રાજકોટમાં કોરોનાના દર્દીઓની સારવાર માટે અલગથી ૧૦૦ બેડની પોર્ટેબલ હોસ્પિટલ અમેરિકા - ઈન્ડીયા ફાઉન્ડેશનના સહયોગથી બનાવવામાં આવી છે. જેનું તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ હોસ્પિટલ ખાતે ૧૬ ICU બેડ, ૩૦ ઓક્સિજનની સુવિધાવાળા બેડ અને ૫૪ જેટલા સામાન્ય બેડ ઉપલબ્ધ છે. અહીં ૧૦ ઓક્સિજન કન્સેન્ટ્રેટર્સ પણ ફાળવવામાં આવ્યા છે.

રસીકરણમાં રાજકોટ જિલ્લાનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. રાજકોટ જિલ્લામાં કુલ ૨૨,૩૪,૩૬૫ ડોઝ રસીકરણ કરાવ્યું છે. જે પૈકી ૧૧,૮૧,૭૩૫ લોકોએ વેક્સિનનો પ્રથમ ડોઝ અને ૧૦,૫૨,૬૩૦ લોકોએ બીજો ડોઝ લીધો છે. ૧૩૧ ગામડાઓમાં બંને ડોઝનું ૧૦૦ ટકા રસીકરણ કરવામાં આવ્યું છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં આવેલી ૫૧૭ પૈકી ૪૮૬ સ્કુલોના ૧૫ થી ૧૮ વર્ષના કુલ ૮૦ હજાર વિદ્યાર્થીઓ પૈકી ૬૫,૬૩૧ વિદ્યાર્થીઓનું રસીકરણ કરવામાં આવ્યું છે. અન્ય વિદ્યાર્થીઓની રસીકરણ પ્રક્રિયા નજીકના સમયમાં પૂર્ણ થશે. ૧૩,૦૮,૩૧૫ લોકોએ વેક્સિનનો પ્રથમ ડોઝ અને ૯,૬૭,૬૫૭ લોકોએ બીજો ડોઝ લીધો છે. જ્યારે શહેરી વિસ્તારમાં આવેલી ૭૧ સ્કુલોના ૧૫ થી ૧૮ વર્ષના કુલ ૮૦ હજાર વિદ્યાર્થીઓ પૈકી ૫૯,૦૬૧ વિદ્યાર્થીઓનું રસીકરણ કરવામાં આવ્યું છે.

આમ રાજકોટ જિલ્લામાં ગ્રામ્ય કક્ષાએ કામગીરી માટે જિલ્લા પંચાયતના ડોકટર, ફીમેલ હેલ્થવર્કર, મલ્ટીપર્પઝ હેલ્થવર્કર આશા વર્કર અને અન્ય પેરા મેડીકલ સ્ટાફ મળી કુલ ૨૫૦૦થી વધુ કર્મચારીઓ તમામ કામગીરી સુપેરે નિભાવવા સુસજ્જ છે. કોરોનાની રાજકોટ જિલ્લાની પરિસ્થિતિ પર દેખરેખ રાખવા માટે નીમાયેલા પ્રભારી સચિવ શ્રી રાહુલ ગુપ્તાની આગેવાનીમાં કલેકટર શ્રી અરૂણ મહેશ બાબુ અને મ્યુનિસિપલ કમિશનર શ્રી અમીત અરોરા રાજકોટ જિલ્લા તેમજ શહેરમાં કોરોનાના પડકારોનો સામનો કરવા સમગ્ર તંત્રને સુસજ્જ બન્યું છે. ●





# વડોદરા કોરોનાની સંભવિત ત્રીજી લહેરના સામના માટે મક્કમ

બી. પી. દેસાઇ

વડોદરા જિલ્લો કોરોનાની સંભવિત ત્રીજી લહેરનો મક્કમતાથી સામનો કરવા માટે સજ્જ બન્યો છે. કોરોના ગ્રસ્તોને અસરકારક આરોગ્ય સુવિધાઓ મળી રહે તે માટે પ્રભારી અને સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમારના અસરકારક માર્ગદર્શન હેઠળ પ્રભારી અને શિક્ષણ સચિવ ડો.વિનોદ રાવ, મ્યુનિ.કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલ, જિલ્લા કલેકટરશ્રી દ્વારા સરકારી અને ખાનગી હોસ્પિટલોને કોવિડ ડેઝિગનેટેડ હોસ્પિટલો તરીકે જાહેર કરી કોરોનાના નિર્ધારિત પ્રોટોકોલ મુજબ દર્દીઓને સારવાર મળી રહે તે માટે ઉચિત વ્યવસ્થા કરવામાં આવી છે.

જિલ્લામાં બેડ, વેન્ટિલેટર અને ઓક્સિજન સહિતના બેડની સુવિધામાં વધારો કરવામાં આવ્યો છે. કોરોનાના દર્દીઓને સુદ્રઢ આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. આ ઉપરાંત કોરોનાના સામાન્ય લક્ષણો ધરાવતા અને જેઓને ઘરે હોમ આઈસોલેશનની વ્યવસ્થા ન હોય તેવા દર્દીઓ માટે જિલ્લા પ્રશાસન દ્વારા કોવિડ કેર સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે. આ સેન્ટરમાં દર્દીઓને વિનામૂલ્યે દવા, ચા, નાસ્તો તેમજ ભોજનની સુવિધા પૂરી પાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે.



કોરોનાની ત્રીજી લહેરથી બચવા રસી રામબાણ ઈલાજ છે, ત્યારે જિલ્લામાં મહત્તમ નાગરિકો રસી મુકાવે તે જરૂરી છે. શહેર જિલ્લામાં આરોગ્ય કર્મીઓ, અગ્રીમ હરોળના કોરોના વોરિયર, ૪૫ વર્ષ અને તેથી વધુ તેમજ ૬૦ વર્ષથી વય ધરાવતા નાગરિકોનું રસીકરણ ઝુંબેશ તરીકે હાથ ધરવામાં આવ્યું છે.

વડોદરા જિલ્લામાં કોવીડ-૧૯ ત્રીજા વેવની તૈયારી અન્વયે જિલ્લામાં સરકારી હોસ્પિટલ ૨૦ અને પ્રાઈવેટ હોસ્પિટલ ૩૮ સહિત કુલ ૫૮ હોસ્પિટલમાં કુલ ૫,૪૫૭ બેડની સુવિધા ઉભી કરવામાં આવી છે. જેમાં સરકારી હોસ્પિટલમાં ૧,૮૨૬ અને પ્રાઈવેટ હોસ્પિટલ ૩,૬૩૧ બેડની તૈયારી કરી છે.

વડોદરા જિલ્લામાં કોવીડ-૧૯ ત્રીજા વેવની તૈયારીના ભાગરૂપે ૧૬ ધન્વંતરિ રથ શરૂ કરવામાં આવ્યા છે અને આગામી સમયમાં વધુ ૧૬ ધન્વંતરિ રથ ચાલુ કરવામાં આવશે. વડોદરા જિલ્લામાં દર્દીઓને ઓક્સિજનની અછત ઊભી ન થાય તે માટે ૯ PSA plant કાર્યરત કરવામાં આવ્યા છે. સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં કુલ ૪૧૮ બેડ (૩૦૬ O2 bed + ૧૧૨ Non O2 bed) તૈયાર કરવામાં આવ્યા છે, સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ઓક્સિજન બેડ માટે ૨૦૦ જંબો સીલીન્ડર અને ૮૧ ઓક્સિજન કોન્સન્ટ્રેટર આપવામાં આવ્યા છે .

વડોદરા જિલ્લામાં કોવિડ-૧૯ ત્રીજા વેવની તૈયારી અન્વયે જિલ્લામાં ૧૦ કોવિડ કેર સેન્ટર કાર્યરત કરવામાં આવનાર છે , જેમા કુલ ૧,૪૦૮ બેડ (૧૨૫ O2 bed + ૧૨૮૩ Non O2 bed)ની વ્યવસ્થા કરી છે. આ કોવિડ કેર સેન્ટરમાં દર્દીઓની ઓક્સિજન ફેસિલિટી માટે ઓક્સિજન કોન્સન્ટ્રેટર અને ઓક્સિજન સિલિન્ડર ઉપલબ્ધ રહેશે તેમજ 24 x 7 મેડીકલ સ્ટાફ ઉપલબ્ધ રહેશે .

વડોદરા જિલ્લામાં કોવિડ-૧૯ ત્રીજા વેવની તૈયારી અન્વયે કુલ ૭૯૦ (૩૦૧ Govt + ૪૮૯ ખાનગી) તબીબ તથા તબીબી સ્ટાફ ઉપલબ્ધ છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા કોવિડ-૧૯ ત્રીજી લહેરની તૈયારી અન્વયે કોર્પોરેશનમાં કુલ ૧૧૯ હેલ્થ ફેસિલિટીમાં કુલ ૫,૪૨૦ બેડની તૈયારી કરવામાં આવી છે. જેમાં ICU વેન્ટિલેટર સાથેના બેડ ૭૩૩, ICU વેન્ટિલેટર વગર બેડ ૮૮૦, ઓક્સીજન બેડ ૨,૨૧૮ અને આઈસોલેશન બેડ ૧,૫૮૯નો સમાવેશ કરવામાં આવ્યો છે .

વડોદરા જિલ્લાના ગ્રામ વિસ્તારમાં તરુણોને કોરોના સામે રસીનું સુરક્ષા ચક્ર પ્રદાન કરવાની કામગીરી જોશભેર ચાલી રહી છે. જિલ્લામાં રસી લેવાને પાત્ર ૧૫ થી ૧૮ વર્ષની ઉંમરના તરુણોની સંખ્યા ૬૮,૫૦૨ અંદાજવામાં આવી છે તેની સામે પહેલા ચાર દિવસમાં ૫૬,૪૮૯ તરુણોને રસી રક્ષિત કરવામાં આવ્યાં છે. જ્યારે વિવિધ વય જૂથના લોકોએ રસીનો બીજો ડોઝ મુકાવતાં, બંને ડોઝની રસી પૂરી કરનારાઓની સંખ્યા વધીને ૧૧,૧૯,૦૫૭ થઈ છે. વડોદરા શહેરમાં તા.૬ જાન્યુઆરી સુધીમાં ૧૫ થી ૧૮ વર્ષના ૯૬,૬૬૦ કિશોરો પૈકી ૫૧,૧૪૯ કિશોર કિશોરીઓનું રસીકરણ પૂર્ણ કરવામાં આવ્યું છે. શહેરમાં ૧૮ થી ૪૪ વર્ષ અને ૪૫ થી વધુ ઉંમરના કુલ ૧૫,૬૬,૫૭૩ નાગરિકોને પ્રથમ ડોઝની રસી મૂકી સો ટકા ઉપરાંત કામગીરી કરવામાં આવી છે. જ્યારે ૧૩,૬૮,૮૯૨ નાગરિકોને રસીનો બીજો ડોઝ મૂકવામાં આવ્યો છે. શહેરમાં કુલ ૨૨,૮૦,૧૩૨ નાગરિકોને વેક્સિનેશન ડોઝ આપવામાં આવ્યા છે. ●

# પાટણ જિલ્લાએ કોરોના સંક્રમણને નાથવા માટે કમર કસી

કૌશિક ગજ્જર

છેલ્લા બે વર્ષથી વિશ્વ આખાને ભરડામાં લેનાર નોવેલ કોરોના વાયરસની ત્રીજી લહેરની શરૂઆત થઈ ચુકી છે. તેમાં પણ વાયરસના સૌથી વધુ ઝડપી ફેલાતા નવા સ્ટ્રેઈન ઓમિક્રોનના કેસોમાં વધારો થઈ રહ્યો છે.

આ મહામારીનો સામનો કરવા ગુજરાત રાજ્ય તૈયાર છે. ત્યારે પાટણ જિલ્લાની વાત કરીએ તો, કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા જરૂરી પગલા લેવામાં આવ્યા છે પાટણ જિલ્લાના શહેરી વિસ્તારોમાં વોર્ડ વાઈઝ ધન્વંતરિ રથ દ્વારા સરવે અને ટેસ્ટીંગની કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં પાટણ શહેરમાં ૧૧, સિદ્ધપુર શહેરમાં ૯, રાધનપુર શહેરમાં ૭, હારીજ શહેરી વિસ્તારમાં ૬ તથા ચાણસ્મા શહેરી વિસ્તારમાં ૬ મળી કુલ ૩૯ ધન્વંતરી રથની ટીમ શહેરીજનોના આરોગ્ય પર નજર રાખવા સાથે પ્રાથમિક સારવાર પણ આપી રહી છે. કોવિડની બીજી લહેર દરમ્યાન હોસ્પિટલાઈઝેશનનો દર ઊંચો રહ્યો હતો ત્યારે ત્રીજી લહેર દરમ્યાન જિલ્લાના નાગરિકોને સઘન સારવાર માટે આઈ.સી.યુ. અને ઓક્સિજન બેડ સરળતાથી ઉપલબ્ધ બને તે માટે ધારપુર જનરલ હોસ્પિટલ ખાતે ૧૨૫ આઈ.સી.યુ. અને ૪૫૦ ઓક્સિજન બેડ, રાધનપુર સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે ૨૪૦ ઓક્સિજન બેડ, સિદ્ધપુર સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે ૨૦ આઈ.સી.યુ. અને ૧૮૪ ઓક્સિજન બેડ, સિદ્ધપુર કેન્સર હોસ્પિટલ ખાતે ૧૦૦ ઓક્સિજન બેડ, પાટણ જનરલ હોસ્પિટલ ખાતે છ આઈ.સી.યુ. અને ૮૪ ઓક્સિજન બેડ તથા પ્રતિ ૫૦ લેખે જિલ્લાના નવ સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતે મળી કુલ ૧૫૧ આઈ.સી.યુ. અને ૧,૫૦૮ ઓક્સિજન બેડની વ્યવસ્થા કરવામાં આવી છે. સઘન સારવાર માટે મેડિકલ ઓક્સિજનની જરૂરિયાતને પહોંચી વળવા જિલ્લામાં કુલ ૨૦ પી.એસ.એ. ઓક્સિજન પ્લાન્ટ ઊભા કરવામાં આવ્યા છે. આ ઉપરાંત જિલ્લાના વિવિધ આરોગ્ય કેન્દ્રો પર ૧,૪૦૦ જેટલા ઓક્સિજન સિલિન્ડર અને ૨૭૨ ઓક્સિજન કોન્સન્ટ્રેટર પણ ઉપલબ્ધ રાખવામાં આવ્યા છે.





કોરોના વાયરસ મહામારી સામે રક્ષણ મેળવવા રસીકરણ એ રક્ષાકવચ સાબિત થયું છે, ત્યારે સૌપ્રથમ હેલ્થ કેર વર્કર્સ, ફ્રન્ટ લાઈન વોરિયર્સ, ૧૮ વર્ષથી વધુ ઉમર ધરાવતા નાગરિકો બાદ ૧૫થી ૧૮ વર્ષની વયજૂથના તરૂણોને પણ રસીકરણ કરવામાં આવી રહ્યું છે. પાટણ જિલ્લામાં પણ આરોગ્ય તંત્ર દ્વારા આયોજનબદ્ધ રસીકરણ ઝુંબેશ અંતર્ગત મહત્તમ રસીકરણ કરવામાં આવ્યું.

પાટણ જિલ્લામાં ૯૯.૮૮ ટકા હેલ્થ કેર વર્કર્સને રસીનો પ્રથમ ડોઝ, જ્યારે ૯૮.૭૩ ટકાને બીજો ડોઝ આપવામાં આવ્યો છે. ૧૫,૫૧૮ ફ્રન્ટ લાઈન વોરિયર્સને ૯૯.૯૦ ટકા સિદ્ધિ સાથે પ્રથમ અને ૯૮.૯૨ ટકાને રસીનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે. ૧૮ વર્ષથી વધુ ઉમર ધરાવતા જિલ્લાના ૮,૭૬,૫૧૯ નાગરિકોને રસીનો પ્રથમ ડોઝ જ્યારે ૮,૫૭,૭૩૧ નાગરિકોને રસીનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે. થોડા દિવસ અગાઉ શરૂ કરવામાં આવેલા ૧૫થી ૧૮ વર્ષના તરૂણોના રસીકરણમાં પણ શિક્ષણ વિભાગના સંકલનમાં રહી જિલ્લા આરોગ્ય તંત્રએ ગણતરીના દિવસોમાં જ ૬૭.૫૨ ટકા સાથે ૫૫,૩૧૬ તરૂણોનું રસીકરણ કરવામાં સફળતા મેળવી છે.

સાથે સાથે જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે બેઠક યોજી નાગરિકો કોવિડ ગાઈડલાઈનનું સુચારૂ પાલન કરે તે અંગે જાગૃતિ કેળવવા અપીલ કરવામાં આવી હતી. સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા જનજાગૃતિ ઉપરાંત માસ્કના નિઃશુલ્ક વિતરણ અને જરૂર પડ્યે દવાઓની કીટનું પણ વિતરણ કરવાની જવાબદારી સ્વીકારવામાં આવી છે. જિલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ વચ્ચે સંકલન જળવાય અને પરિસ્થિતિ પર નજર રાખવા માટે દરેક જિલ્લામાં સચિવશ્રીઓની નિમણૂક કરવામાં આવી છે. સાથે જ રાજ્ય સરકારના પ્રભારી મંત્રીશ્રીઓ પણ નાગરિકોની આરોગ્ય સુખાકારી માટે વ્યવસ્થાઓની સમીક્ષા કરી રહ્યા છે. જે અંતર્ગત ગત તા.૦૮ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ પાટણ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી જગદિશભાઈ વિશ્વકર્મા તથા પ્રભારી સચિવ સુશ્રી મમતા વર્મા દ્વારા જિલ્લા કલેક્ટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી સહિતના ઉચ્ચ અધિકારીશ્રીઓ સાથે બેઠક યોજી કોરોના વાયરસની ત્રીજી લહેર માટે કરવામાં આવેલી તૈયારીઓની સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપવામાં આવી હતી. ●

# ‘3T’ દ્વારા કોરોનાની ત્રીજી લહેરનો સામનો કરશે બનાસકાંઠા

✎ રેસુંગ ચૌહાણ

સમગ્ર દેશ અને દુનિયામાં કોરોના વાયરસે હાહાકાર મચાવ્યો છે. કોરોનાની વૈશ્વિક મહામારીની અસરમાંથી દુનિયાના વિકસીત દેશો પણ બાકાત નથી. ભારત જેવા વિશાળ દેશમાં કોરોનાનું સંક્રમણ ફેલાતું અટકાવવા આપણા દેશના લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના કુશળ નેતૃત્વ અને માર્ગદર્શન પ્રમાણે કેન્દ્ર સરકાર દ્વારા દિશા-નિર્દેશો જાહેર કરવામાં આવ્યા છે. તેવી રીતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના વડપણ હેઠળની રાજ્ય સરકારના દિશા-નિર્દેશો પ્રમાણે બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્ર 3T દ્વારા સમયસરના પગલાંઓ લઈને જિલ્લામાં કોરોનાનું સંક્રમણ અટકાવવા યુધ્ધના ધોરણે કાર્યવાહી કરવામાં આવી રહી છે.







કોરોનાની પહેલી અને બીજી લહેરના અનુભવના આધારે બનાસકાંઠા કલેકટર શ્રી આનંદ પટેલના નેતૃત્વમાં કોરોનાની ત્રીજી લહેરના મક્કમ મુકાબલા માટે જિલ્લા વહીવટી તંત્ર સુસજ્જ બન્યું છે. કોરોનાની સંભવિત સ્થિતિને ધ્યાનમાં લઈને જિલ્લામાં કોરોના દર્દીઓ માટેના અલગ બેડ, ઓક્સિજન ટેન્ક, ઓક્સિજન કોન્સન્ટ્રેટર સહિતની વ્યવસ્થાઓ કરવામાં આવી છે. પ્રજાને કોઈપણ પ્રકારની હાલાકી ન પડે તે માટે અગમચેતીના પગલાં લેવામાં આવી રહ્યાં છે. ટેસ્ટીંગ- ટ્રેકીંગ- ટ્રીટમેન્ટ - 3T પર ભાર મૂકી વર્ષ-૨૦૨૧માં દૈનિક ૧૮૦૦ ટેસ્ટીંગ સામે હાલમાં કેપેસિટી વધારીને દૈનિક ૩,૦૦૦ ટેસ્ટીંગ કરવામાં આવે છે. પરંતુ હજી તેમાં વધારો કરી રોજના ૩,૨૦૦-RTPCR અને ૧,૦૦૦ એન્ટીજન ટેસ્ટ મળી કુલ- ૪,૨૦૦ જેટલાં ટેસ્ટ કરવાનો લક્ષ્યાંક છે. બનાસ મેડીકલ કોલેજ-મોરીયા અને દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે RTPCR ટેસ્ટ માટેની લેબ કાર્યરત છે. જેમાંથી રિપોર્ટ ઝડપથી મળે તે માટે ૩ શીફ્ટમાં સ્ટાફ કામ કરે છે.

જિલ્લામાં હાઉસ ટુ હાઉસ સઘન સર્વેલન્સ માટે ૭૫૦ જેટલી ટીમો કામ કરી રહી છે. આ ઉપરાંત શહેરી વિસ્તારોમાં ૧૫ ધન્વંતરિ આરોગ્ય રથ લોકોના ઘેર ઘેર જઇ સારવાર પૂરી પાડે છે. આ કામગીરીના નિરીક્ષણ માટે પાલનપુર જિલ્લા પંચાયત ખાતે કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યો છે. કોરોના સંક્રમિત દર્દીઓ માટે ૨૭૭૯ ઓક્સિજન બેડ સહિત કુલ- ૪,૨૭૫ બેડની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. ૧૭૬ જેટલાં વેન્ટિલેટર બેડ સાથે તાલીમબધ્ધ તબીબો અને આરોગ્ય સ્ટાફ સજ્જ રાખવામાં આવ્યા છે. બાળકોમાં ચેપનું જોખમ ધ્યાને લઇ પાલનપુર સિવિલ હોસ્પીટલમાં પિડીયાટ્રીક્સ વોર્ડ અલાયદો બનાવવામાં આવ્યો છે.

કોરોનાની વિકટ પરિસ્થિતિમાં જિલ્લામાં ઓક્સિજનની કમી ન વર્તાય તે માટે સરકારી હોસ્પિટલોમાં ૧૨૯૪ સેન્ટ્રલ ઓક્સિજન લાઇનનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. સરકારી સંસ્થાઓમાં ૩૯૭ ઓક્સિજન કોન્સટ્રેટર અને ૬૦૫ જમ્બો સિલિન્ડર ઉપલબ્ધ છે. ઉપરાંત ૧૨.૭ મેટ્રીક ટન ક્ષમતાવાળા ૧૯ PSA ઓક્સિજન પ્લાન્ટ કાર્યરત છે. કોરોના સામે સંરક્ષણ ઉપાયરૂપે જિલ્લામાં ૯૦.૮૧ ટકા પહેલો ડોઝ તેમજ ૯૬.૨૪ % બીજો કોરોનાનો ડોઝ નાગરિકોને આપી દેવામાં આવ્યો છે. ૧૫ થી ૧૮ વર્ષના એક લાખથી વધુ કિશોર-કિશોરીઓને કોરોના પ્રતિરોધક રસી આપી સુરક્ષિત કરવામાં આવ્યા છે. કોરોના સામે રસીકરણ જ માત્ર અખારી ઈલાજ હોવાથી હજુ આ કામગીરી સતત ચાલુ છે આ અઠવાડિયામાં લક્ષ્યાંક પૂર્ણ કરવાનું આયોજન છે.

અન્ન નાગરિક પુરવઠો અને ગ્રાહક સુરક્ષા બાબતોના રાજ્ય મંત્રી શ્રી તથા જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ પરમાર અને શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી કીર્તિસિંહ વાઘેલાની પ્રેરક ઉપસ્થિતમાં યોજાયેલ સમીક્ષા બેઠકમાં મંત્રીશ્રીએ બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્રને જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી.

આ બેઠકમાં કોરોનાની ત્રીજી લહેર પહેલાં જિલ્લામાં મારૂ ગામ કોરોના મુક્ત ગામ અભિયાન શરૂ કરવામાં આવશે. આ અભિયાન હેઠળ દરેક ગામમાં તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં આઇસોલેશન માટે કોવિડ કેર સેન્ટર ખોલવાનું આયોજન પણ કરવામાં આવ્યું છે. ●

# "કોરોના" સામેના જંગમાં દેવભૂમિ દ્વારકા જિલ્લા પ્રશાસનની સંનિષ્ઠ કામગીરી

✎ સંજયસિંહ ચાવડા

કૃષ્ણની ભૂમિ દ્વારકા...આ ભૂમિના મહારાજાએ અનાદિકાળ પહેલા જ્યારે સંકટ આવ્યું છે ત્યારે લોકોના દુઃખ દૂર કર્યા હતા. ૨૧મી સદીમાં કોરોના વાયરસરૂપી આ સંકટ આવ્યું છે, કોરોના સંભવિત સંકટ સામેટ રક્ષણ પુરૂ પાડવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શનમાં દેવભૂમિ દ્વારકા જિલ્લા તંત્ર દ્વારા જિલ્લાવાસીઓના આરોગ્યની જાળવણી માટે અનેકવિધ પગલાંઓ લેવામાં આવ્યા છે.





દેવભૂમિ દ્વારકા જિલ્લાની વાત કરીએ તો કોરોના વાયરસની પ્રથમ લહેરની શરૂઆતથી તારીખ ૯ જાન્યુઆરી, ૨૦૨૨ સુધીમાં કુલ ૨.૪૫ લાખથી વધુ કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. જિલ્લામાં કુલ ૨૩ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૫ અર્બન હેલ્થ સેન્ટરો ખાતે કાર્યરત કુલ ૩૦૦ જેટલી ડોકટર્સ અને પેરામેડિકલની ટીમ જિલ્લાવાસીઓના આરોગ્યની સેવા માટે ખડેપગે કાર્ય કરી રહી છે. જિલ્લામાં કુલ ૫૫૦ આશાવર્કર, ૪૦ મેડિકલ ઓફીસર, ૮૪ નર્સ, ૩૭૦ પેરા મેડિકલ સ્ટાફ, ૩૫ લેબ ટેકનીશ્યન અને ૮૬૦ સ્વયંસેવકોને Cisco WebEx ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા કોવિડ - ૧૯ અન્વયે તાલીમ પણ આપવામાં આવી છે.

કોરોનાની ત્રીજી લહેરના અગમચેતી પગલાના ભાગરૂપે ડેડીકેટેડ કોવિડ જનરલ હોસ્પિટલ ખંભાળીયા ખાતે ૩૦૦ બેડની સુવિધા ઉપલબ્ધ બનાવાઈ છે, જેમાં ૨૫૫ બેડ ઓક્સિજન ફેસિલિટી તથા ૪૫ બેડ વેન્ટિલેટર સપોર્ટની સુવિધા ધરાવે છે આ ઉપરાંત જિલ્લામાં અન્ય ત્રણ પ્રાઈવેટ ડેડીકેટેડ કોવિડ હોસ્પિટલમાં પણ ૫૯ આઈસોલેશન બેડ, ૫૦ ઓક્સિજન ફેસિલિટી બેડ અને ૪ બેડ વેન્ટિલેટર સપોર્ટની સુવિધા ઉપલબ્ધ બનાવાઈ છે. જિલ્લામાં કુલ ૯ કોવિડ કેર સેન્ટર પણ શરૂ કરાયા છે. ગ્રામ્યકક્ષાએ કોરોના સંક્રમણને ફેલાતું અટકાવવા માટે જિલ્લાના ૨૭૦ જેટલા ગામોમા કુલ ૧,૪૦૧ બેડની વ્યવસ્થા ધરાવતા કોમ્યુનિટી કોવિડ કેર સેન્ટર બનાવવામાં આવ્યા છે.

સંભવિત કોરોનાની ત્રીજી લહેર દરમ્યાન પ્રજાજનોને પ્રાણવાયુની ખુટી ન પડે તે માટે જિલ્લામાં જનરલ હોસ્પિટલ (ખંભાળીયા), દ્વારકા, ખંભાળીયા, ભાણવડ અને રાવલ ખાતે ૧૭૦, ૫૦૦ અને ૧૦૦૦ લીટર પ્રતિ મિનિટ ઓક્સિજન ઉત્પાદનની ક્ષમતા ધરાવતા કુલ ૭ પી.એસ.એ. ઓક્સિજન પ્લાન્ટ કાર્યરત કરવામાં આવ્યા છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા આયોજનબદ્ધ રસીકરણ ઝુંબેશ અંતર્ગત હેલ્થ વર્કર્સ, ફ્રન્ટ લાઈન વોરિયર્સ, ૧૮ વર્ષથી વધુ ઉમર ધરાવતા નાગરિકોના રસીકરણ બાદ હવે ૧૫ થી ૧૮ વર્ષના બાળકોનું પણ રસીકરણ કરવામાં આવી રહ્યું છે.પ્રશાસન દ્વારા જિલ્લાવાસીઓને આરોગ્યલક્ષી સેવાઓ જરૂરિયાતના સમયે તાત્કાલિક મળી રહે તે માટે ૨૯ પ્રાઈવેટ એમ્બ્યુલન્સ, ૨૪ સરકારી એમ્બ્યુલન્સ અને ૧૧ ઈમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સ સતત ખડપગે ઉપલબ્ધ બનાવાઈ છે, જેમાં ૩૮ એમ્બ્યુલન્સ ઓક્સિજન બોટલની સુવિધા છે, જ્યારે બાકીની ૨૬ અન્ય સેવાઓ માટે સતત કાર્યરત રહેશે. આ ઉપરાંત જનરલ હોસ્પિટલ - ખંભાળીયા ખાતે એક RTPCR લેબ પણ કાર્યરત કરાઈ છે, જેમાં દરરોજ અંદાજિત ૭૦૦ થી ૮૦૦ ટેસ્ટ કરવામાં આવે છે, જ્યારે દ્વારકા ખાતે પણ એક RTPCR લેબની કામગીરી ચાલી રહી છે. ઉલ્લેખનીય છે કે, અત્યારે જિલ્લામાં Compounded Daily Growth Rate ૬ ટકાથી ઘટીને ૦.૦૩ ટકા પહોંચ્યો છે.

લોકોને ઘર આંગણે જ આરોગ્યલક્ષી સેવા અને સુવિધાઓ ઉપલબ્ધ બને તે માટે ૨૦ જેટલા ધન્વંતરિ રથ શરૂ કરવામાં આવ્યા છે, જેના થકી જિલ્લામાં અત્યાર સુધીમાં ૩.૩૪ લાખથી વધુ લોકોનું સ્ક્રીનીંગ અને ૪.૦૫ લાખ જેટલા આર્યુવેદિક ઉકાળાના ડોઝ અને ૨.૩૦ લાખ જેટલા લોકોને સમશમનીવટીનું વિતરણ કરવામાં આવ્યું છે. બાળકો, યુવાનો અને વૃધ્ધોમાં રોગ પ્રતિરોધક ક્ષમતા વધે તે માટે ૪.૩૦ લાખ જેટલી આર્સેનિક આલ્બમ - ૩૦ ટેબ્લેટ્સનું વિતરણ પણ કરવામાં આવ્યું છે. ●

# નાગરિકોના આરોગ્યની રક્ષા માટે જૂનાગઢની પૂર્વ તૈયારીઓ

અર્જૂન પરમાર

જૂનાગઢ ૯ તાલુકા, ૧ મહાનગરપાલિકા અને ૧૨ લાખથી વધુ વસ્તી ધરાવતા જિલ્લો છે. જૂનાગઢ જિલ્લામાં વૈશ્વિક મહામારી કોરોનાની ત્રીજી લહેરને ખાળવા આરોગ્ય વિભાગ અને સમગ્ર જિલ્લા વહીવટીતંત્ર દિવસરાત કાર્યરત છે. જૂનાગઢ શહેર ઉપરાંત ૫૦૦ જેટલા ગામડા અને ૭ નગરપાલિકા વિસ્તારમાં કોરોનાના દર્દીને તાત્કાલિક સારવાર મળવા સાથે દર્દી સ્વસ્થ થઇ ઘરે પહોંચે ત્યાં સુધીની તકેદારી લેવા સમગ્ર આરોગ્યતંત્ર દ્વારા સુચારૂ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

જૂનાગઢ સ્થિત મેડિકલ કોલેજ સંલગ્ન સિવિલ હોસ્પિટલમાં ૧૦૮૧ ઓક્સિજન બેડ, ૩૪૮ વેન્ટિલેટરની વ્યવસ્થા છે. અગાઉ ૫૦૦ બેડ અને ૫ હજાર લીટર ઓક્સિજનની વ્યવસ્થા હતી, જે વધારીને હાલ ૨૪ હજાર લીટર ઓક્સિજનની વ્યવસ્થા છે. અદ્યતન લેબોલેટરીની સુવિધા છે. જેમાં બીજી લહેર દરમિયાન ૪.૪૧ લાખથી વધુ કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા અને અહિં ૩૮૦૦ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. જરૂરિયાત મુજબ હોસ્પિટલના ગ્રાઉન્ડમાં વિશાળ ડોમ ઉભો કરી ૪૦૦ બેડની વ્યવસ્થા તાત્કાલીક ધોરણે ઊભી કરી શકાય તેમ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારો તથા તાલુકા મથકની આરોગ્ય સુવિધા જોઇએ તો ૯ સીએચસી, ૩૮ પીએચસી અને કેશોદ ખાતે ૧ સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં ૬૬૫ ઓક્સિજન બેડ ઉપલબ્ધ છે. ૯ સીએચસીમાં પીએસએ ઓક્સિજન પ્લાન્ટ છે. તમામ પીએચસીમાં પાંચ જેટલા ઓક્સિજન કોન્સન્ટ્રેટર ઉપલબ્ધ છે. ઉપરાંત તાલુકા મથકોએ ખાનગી હોસ્પિટલોમાં ૨૬૧ ઓક્સિજન બેડ તેમજ ૧૭ બેડ બાળકો માટે પણ ઉપલબ્ધ છે.

જૂનાગઢ કોર્પોરેશન વિસ્તારમાં ૬૬૮ જેટલા ઓક્સિજન બેડ અને ૧૬૦ આઇ.સી.યુ. બેડની વ્યવસ્થા છે. જ્યારે બાળકો માટે ૬૫ ઓક્સિજન બેડ અને ૧૬ આઇ.સી.યુ. બેડની ખાનગી હોસ્પિટલમાં વ્યવસ્થા છે. આથી જિલ્લામાં આરોગ્યની સરકારની સુવિધા સાથે ખાનગી હોસ્પિટલોની સુવિધાઓનો પણ ઉપયોગ તેમજ સામાજિક સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી કોરોના મહામારી સામે યુદ્ધના ધોરણે કામગીરી થશે. કોરોનાને પરાસ્ત કરવા સોશ્યલ ડિસ્ટન્સ, માસ્ક અવશ્ય પહેરવું, સેનિટાઇઝેશનનો ઉપયોગ સહિતની સામાજિક જાગૃતિ સાથે ટેસ્ટીંગ, ટ્રેકીંગ, ટ્રીટમેન્ટ અને વેક્સિનેશન પ્રત્યે પૂરતુ લક્ષ આપવામાં આવ્યું છે.

ટેસ્ટીંગ, ટ્રીટમેન્ટ સાથે જૂનાગઢ જિલ્લામાં રસીકરણની કામગીરી અસરકારક રીતે પૂર્ણ કરવામાં આવી છે. ૧૦,૯૯,૩૯૬ લોકોને રસીકરણ કરવાના લક્ષ્યાંક સામે ૧૧,૨૦,૫૭૪ લોકોને રસી આપી પ્રથમ ડોઝમાં ૧૦૧.૯૩ ટકા તેમજ સેકન્ડ ડોઝમાં ૧૧,૪૫,૪૫૫ લોકોને રસી આપી ૧૦૨.૨૨ ટકા કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. જૂનાગઢ જિલ્લો સમગ્ર રાજ્યમાં રસીકરણમાં અવ્વલ રહ્યો છે. બન્ને ડોઝની ૧૦૦ ટકા કામગીરી રાજ્યમાં સૌપ્રથમ જૂનાગઢ જિલ્લાએ પૂર્ણ કરી હતી. ૧૫ થી ૧૮ વર્ષના તરૂણોના રસીકરણમાં પણ ઝડપભેર કામગીરી થઇ રહી છે.

એલોપથી સારવાર ઉપરાંત જૂનાગઢ ખાતે આયુર્વેદ હોસ્પિટલ તેમજ જિલ્લા આયુર્વેદ અધિકારી દ્વારા લોકોના આરોગ્યની જાળવણી માટે સતત ઉકાળા વિતરણ તેમજ લોકોની રોગ પ્રતિકારક શકિત વધારતી આયુર્વેદિક દવાનું પણ વિતરણ કરવામાં આવે છે. જિલ્લા વહિવટીતંત્ર સાથે પોલીસ, આરોગ્ય વિભાગ અને તંત્રના નાનામાં નાના કર્મચારીઓએ કોરોનાની પ્રથમ અને બીજી લહેરને ખાળવા મોટી ભૂમિકા નિભાવી છે. દર્દીનું હોસ્પિટલાઇઝેશન હોય, આઇસોલેશન હોય કે શ્રમિકોને માદરે વતન પહોંચાડવા ટ્રેનની વ્યવસ્થા કરાઇ હોય નિઃશુલ્ક અનાજ આપવાની વાત હોય સરકારીતંત્રએ દિવસ-રાત કામગીરી કરી છે. બસ આજ અભિગમ અને ધગશથી જૂનાગઢ જિલ્લો કોરોનાની ત્રીજી લહેરને પણ પરાસ્ત કરશે તેમાં બે મત નથી. ●





# કોરોના સામેના દરેક મોરચે લડવા પોરબંદર પ્રતિબદ્ધ





જિતેન્દ્ર નિમાવત



પોરબંદર, રાણાવાવ અને કુતિયાણા આ ત્રણ તાલુકા ધરાવતો અરબી સમુદ્રના કાંઠે આવેલો પોરબંદર જિલ્લો લોક ભાતીગળ સંસ્કૃતિની રૂએ આગવી ઓળખ તો ધરાવે છે પણ કોરોનાની વૈશ્વિક મહામારીમાં આરોગ્યલક્ષી પગલાંઓ થકી સામૂહિક પ્રયાસો કરીને કોરોના સામે લડત આપવા સુસજ્જ થયો છે. કોરોનાની પ્રથમ અને બીજી લહેર દરમિયાન ઊભી થયેલી જરૂરિયાતો ધ્યાને રાખીને રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ પોરબંદર જિલ્લામાં સંભવિત ત્રીજી લહેર સામે અસરકારક કામગીરી થઇ શકે અને લોકો ઓછામાં ઓછા કોરોનાથી સંક્રમિત થાય અને જો સંક્રમણ લાગે તો સઘન સારવાર થઇ શકે તે માટેની પોરબંદર જિલ્લા તંત્ર દ્વારા તૈયારીઓ કરવામાં આવી છે.

પોરબંદરની જિલ્લાકક્ષાની ભાવસિંહજી જનરલ હોસ્પિટલમાં અગાઉ ઓક્સિજનના પોતાના પ્લાન્ટ ન હતા. આજે ૧૫૦૦૦ લીટર,૧૦૦૦લી,૨૬૬,૧૬૬ લીટર એમ ચાર પીએસએ પ્લાન્ટ ઉપલબ્ધ છે. સામાજિક સંસ્થાઓના સહયોગથી વીસ હજાર લિટરની ટેન્ક ઉપલબ્ધ કરવામાં આવી છે. હોસ્પિટલમાં ઓક્સિજનની ૨૦૦ બેડ, નર્સિંગ સ્કૂલ ખાતે ઓક્સિજનની ૧૦૦ બેડ તેમજ જિલ્લાના વનાણા અન્ય વિસ્તારમાં જનરલ મળી કુલ ૬૭૦ ઓક્સિજનની સુવિધા વાળા બેડ તૈયાર કરવામાં આવ્યા છે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.કવિતાબેન દવેએ જણાવ્યું હતું કે, જિલ્લામાં ૧૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ૫ અર્બન હેલ્થ સેન્ટર અને ચાર સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ૫૬ જેટલા ઓક્સિજનના કન્સટ્રેટર અને ૩૯ સિલિન્ડરની પણ વ્યવસ્થા છે.

સિવિલ હોસ્પિટલમાં ૧૬ મેડિકલ ઓફિસર, ૭ કન્સલ્ટન્ટ અને ૧૦૫ પેરામેડિકલ સ્ટાફને કોરોનાના દર્દીઓની સારવાર કરવા માટે તૈનાત રાખવામાં આવ્યો છે એ જ રીતે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ 300થી વધુ આરોગ્ય કર્મચારીઓ સુસજ્જ છે. ૧૯૩ કર્મચારીઓની વિશેષ તાલીમ પણ આપવામાં આવી છે. પોરબંદરની ૯ ખાનગી હોસ્પિટલમાં પણ કોરોનાની સારવાર આપી શકાય તેવી વ્યવસ્થા ખાનગી તબીબો અને સંસ્થાઓ સાથે સંકલન કરીને કરવામાં આવ્યા છે. ખાનગી હોસ્પિટલોમાં ૮૭ બેડ તૈયાર કરવામાં આવી છે. પાંચ ધન્વંતરિ રથ અને એક મેડિકલ હેલ્થ યુનિટ દ્વારા કોરોનાના શંકાસ્પદ દર્દીઓનું નિદાન તેમજ લોકોની રોગપ્રતિકારક શક્તિ વધે તે માટે આયુર્વેદ દવા પણ આપવામાં આવી રહી છે. પ્રતિદિન ૧૪૦૦થી વધુ લોકોનો કોરોના ટેસ્ટ કરી ટેસ્ટિંગ ટ્રેકિંગ અને ટ્રીટમેન્ટ વ્યુહ નીતિ અપનાવવામાં આવી છે. અત્યાર સુધીમાં ૨,૬૯,૮૪૭ લોકોનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. ૯૯.૩૭ ટકા રિકવરી રેટ છે.

કોરોનાને મહાત આપવા વેક્સિનેશનની કામગીરી પણ પૂર ઝડપે થઈ રહ્યું છે. ૯૮ ટકા લોકોને કોરોના પ્રતિરોધક રસીનો પ્રથમ ડોઝ અને ૯૦ ટકા લોકો એ બંને ડોઝ લઈ લીધા છે. તાજેતરમાં કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઇ પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લાના અધિકારીઓ સાથે કોરોનાની નિયંત્રણમાં લેવા અને કોરોનાની સારવાર માટે હાથ ધરવામાં આવેલી તૈયારીઓ અંગે સમીક્ષા બેઠક પણ કરવામાં આવી હતી. જેમાં જિલ્લા કલેકટર શ્રી અશોક શર્માએ છેલ્લા કેટલાક મહિનાઓથી પોરબંદર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તૈયારીના ભાગરૂપે ઉપલબ્ધ કરવામાં આવેલી કોરોના વિષયક મેડિકલ સુવિધા અને તૈયારીઓની વિગતો આપી ટીમ પોરબંદર કોરોના સામે લડવા સુસજ્જ હોવાની ખાતરી આપી હતી. ●

# કોરોનાને હરાવવાનું ગાંધીનગરે નક્કી કરી લીધું છે...

પરિમલ પટેલ

સમગ્ર વિશ્વ સતત બે વર્ષથી કોરોનાની મહામારી સામે જંગ લડી રહ્યું છે. ભારત દેશ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં કારોનાનો મક્કમ મુકાબલો કરી રહ્યો છે. વડાપ્રધાનશ્રી કોરોના સામેના મહાસંગ્રામમાં એક મજબૂત સેનાપતિની ભૂમિકા અદા કરી રહ્યા છે. રાષ્ટ્રવાસીઓને અડીખમ ઊભા પોતાના સેનાપતિમાં પૂરેપૂરો વિશ્વાસ છે. ભારતને કોરોનાની ચુંગાલમાંથી છોડાવવા દિવસ રાત અથાક પરિશ્રમ કરી રહ્યા છે. તેમની વિચક્ષણતા, નિર્ણાયકતા અને દૂરંદેશીતાથી કોરોનાના કહેરની ત્રીજા તબક્કાનો આજે દેશ સામનો જોશ- જુસ્સા અને આત્મવિશ્વાસથી કરી રહ્યો છે.

રાજયનું પાટનગર ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર કોરોનાને નાથવા સતત આરોગ્યલક્ષી સેવાને પ્રાધાન્ય આપી રહ્યું છે. ગાંધીનગર જિલ્લામાં કોરોનાની ત્રીજી લહેરને નાથવા માટે કોરોનાની રસી ઝુંબેશને સઘન બનાવવામાં આવી છે. ગ્રામ્ય કક્ષાએ જિલ્લામાં ૧૮ વર્ષથી ઉપરના ૮,૪૭,૭૪૬માંથી ૮,૪૧,૩૨૨ નાગરિકોને રસી આપીને ૯૯ ટકા અને ૧૫ વર્ષથી ઉપરની ઉંમરના ૬૬,૭૪૨માંથી ૫૫,૭૩૪ વિદ્યાર્થીઓને રસી આપીને ૮૩ ટકા પ્રથમ ડોઝની કામગીરી કરવામાં આવી છે. તેમજ ૧૮ વર્ષથી ઉપરના ૮,૩૨,૬૦૫ લોકોને કોરોના રસીનો બીજો ડોઝ આપીને ૯૭ ટકા કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ૧૮ વર્ષથી ઉપરના ૨,૯૫,૪૩૦ માંથી ૩,૮૩,૦૯૫ વ્યક્તિઓને કોરોના રસીનો પ્રથમ ડોઝ આપીને ૧૩૦ ટકા કામગીરી કરવામાં આવી છે. તેમજ ૯૮ ટકાથી વધુ વ્યક્તિને કોરોના રસીનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે. તેમજ ૨૪,૬૯૪ જેટલા ૧૫ વર્ષથી ઉપરના વિદ્યાર્થીઓમાંથી ૨૦,૭૫૦ વિદ્યાર્થીઓને કોરોનાની રસી આપવામાં આવી છે. તેમજ સાવચેતીના ભાગ રૂપે હેલ્થ કેર વર્કસ - ૧૩,૮૭૨, પ્રથમ હરોળના વર્કસ - ૨૨,૦૩૧ અને ૬૦ વર્ષથી ઉપરના ૧,૧૬,૫૧૪ લોકોને કોરોના રસી આપવાનો આરંભ કરવામાં આવ્યો છે.



વર્ષ- ૨૦૨૨ના આરંભ સાથે કોરોનાની ત્રીજી લહેર તેજ બની છે. ગ્રામ્ય વિસ્તારમાં ૭૭૬ નોન આઇ.સી.યુ. વીથ ઓકસિજનવાળા બેડ, ૬૫૭ નોન આઇ.સી.યુ અને ઓક્સિજન સુવિધા વગરના બેડ તથા આઇ.સી.યુ. ના ૯૩ વેન્ટિલેટર વગરના અને ૩૩ વેન્ટિલેટર વાળા બેડની સુવિધા હાલમાં ઉપલબ્ધ છે. ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં કોવિડ હોસ્પિટલ ૨૧, હેલ્થ સેન્ટર ૧ અને કેર સેન્ટર ૨ મળી ૨૪ સ્થળોએ કોવિડની સારવાર સુવિધા ઊભી કરવામાં આવી છે. તેમજ ૨૪૦૫ બેડ છે. જેમાં ૩૮૮ બેડ આઇ.સી.યુ. વીથ વેન્ટિલેટરવાળા, ૭૨ બેડ વેન્ટિલેટર વગરના આઇ.સી.યુ., ૧૬૫૮ બેડ ઓક્સિજનની સુવિધાવાળા, ૨૮૭ ઓક્સિજન સુવિધા વગરના આઇ.સી.યુ. બેડ છે. હાલમાં ૮ ધન્વંતરિ રથ મનપા વિસ્તારમાં કાર્યરત છે. જેના થકી ખૂબ જ ઓછા સમયમાં ૪,૯૫૪ ઓ.પી.ડી કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં સિવિલ હોસ્પિટલ ખાતે રૂ. ૬૦ લાખના ખર્ચે ૫૦૦ એલએમપી કેપેસિટ પી.એસ.એ. પ્લાન્ટ અને પી.એમ. કેર ફંડ માંથી રૂપિયા ૧.૫ કરોડ જેટલી રકમે તૈયાર થયેલો ૯૦૦ એલએમપી કેપેસિટી ધરાવતો પ્લાન્ટ કાર્યરત કરવામાં આવ્યો છે. તેમજ માણસાની એસ.ડી.એચ. ખાતે ૩૩૦ એલએમપી કેપેસ્ટી ધરાવતો, કલોલની રાજેશ હોસ્પિટલ ખાતે ૫૦૦ એલએમપી. કેપેસિટી ધરાવતો, પી.એસ.એમ. હોસ્પિટલ ખાતે ૮૫૩ એલએમપી કેપેસિટી ધરાવતો, ગાંધીનગર તાલુકાના મોટી ભોયણ ગામમાં આવેલી સ્વર્ણિમ યુનિવર્સિટી ખાતે ૩૩૫ એલએમપી. કેપેસિટી ધરાવતો, આયુર્વેદિક કોલેજ, કોલવડા ખાતે ૩૫૦ એમએલપી કેપેસિટી ધરાવતો પીએસએ પ્લાન્ટ કાર્યરત છે. તેમજ કોલવડા આયુર્વેદ કોલેજ ખાતે ૧૦૦ બેડની સેન્ટ્રલ ઓક્સિજનની વ્યવસ્થા સાથે તૈયાર કરવામાં આવી છે.

જિલ્લાના નાગરિકોને કોરોના રિપોર્ટ ઝડપી મળી જાય તે માટે પાંચ લેબોરેટરી ખાતે આરટીપીસીઆર ટેસ્ટ કરવામાં આવે છે. જેમાં જી.એમ.ઇ.આર.એસ મેડિકલ કોલેજ, ગાંધીનગર, આઇ.પી.એચ., ગાંધીનગર, આઇ.આઇ.ટી.પાલજ, ગાંધીનગર, એન.એફ. એસ.યુ. ગાંધીનગર અને એનઆઇપીઇઆર લેબોરેટરી, ગાંધીનગરનો સમાવેશ થાય છે.

તે ઉપરાંત આયુષ્માન ભારત પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં ૧,૫૦,૭૫૩ લાભાર્થીઓને યોજનાના કાર્ડ હેઠળ આવરી લેવામાં આવ્યા છે. જિલ્લાવાસીઓની જાગૃતિના હિસાબે ત્રીજી લહેરમાં પણ ગાંધીનગર જિલ્લો ખૂબ જ સાવચેતી સાથે પોતાના વિકાસ પંથે નક્કરતાથી ડગ માંડી રહ્યો છે. ●

# કોરોનાની સંભવિત ત્રીજી લહેરનો સામનો કરવા કચ્છ કટિબદ્ધ

✎ હેમલતા પારેખ



વૈશ્વિક મહામારી નોવેલ કોરોના વાયરસ કોવિડ-૧૯એ ફરી માથુ ઉચક્યુ છે ત્યારે તેનો સામનો કરવા દેશની સાથે કચ્છ પણ સજ્જ છે. કોરોના કોવિડ-૧૯ની સંભવિત ત્રીજી લહેરના સામના માટે વહીવટી અને આરોગ્ય તંત્ર સજ્જ છે. જિલ્લામાં જી.કે.જનરલ હોસ્પિટલમાં -૩, લેઉવા પટેલ હોસ્પિટલમાં ૧ તેમજ ૧૪ ડેડિકેટેડ કોવિડ હોસ્પિટલમાં અને ૬ ખાનગી હોસ્પિટલોમાં PSA પ્લાન્ટ સક્રિય છે. તેનું મોકડ્રીલ અને ટેકનિકલ ચકાસણી પણ કરવામાં આવે છે. ઉપરાંત ૨૦ મેટ્રીક ટનની લિક્વિડ ઓક્સિજન ટેન્ક જી.કે.જનરલ હોસ્પિટલમાં છે જરૂરી લિક્વિડ મેળવવા અદાણી મેડિકલ જૂથ દ્વારા ખાનગી કંપનીઓ સાથે કરાર પણ કરવામાં આવ્યા છે.

જિલ્લાના રસીકરણ કેન્દ્રોમાંથી ૧૫થી ૧૮ વર્ષના માટે ૬૦% અને ૧૮ થી તમામ ઉપરના લોકો માટે ૯૨% સિદ્ધિ લક્ષ્યાંક સામે મેળવી છે. જ્યારે રસીકરણમાં કુલ ૯૫% સિદ્ધિ મેળવી છે. જેમણે બે ડોઝ લીધા છે અને નવ માસ થઇ ગયા છે તેવા કુલ ૪૧૭૫૩ કોરોના ફ્રન્ટલાઇન વોરિયર્સ અને સિનિયર સિટીઝન્સને ૩૦૬ કેન્દ્રો પરથી ત્રીજો પ્રિકોશનનો ડોઝ આપવામાં આવી રહયો છે.

પ્રધાનમંત્રી કેયર ફંડમાંથી ધારાસભ્યોની ગ્રાન્ટમાંથી મળેલી કુલ ૨૫૨ ઓક્સિજન કોન્સન્ટ્રેટર કાર્યન્વિત છે. હાલ જિલ્લામાં ૨૫૮ આઇ.સી.યુ. બેડ તેમજ ૨૩૪૨ ઓક્સિજન બેડ સહિત કુલ ૩૯૮૪ બેડસ્ સાથે તંત્ર સજ્જ છે. સંભવિત ત્રીજી લહેર માટે વધારાના ૪૩૦ આઇ.સી.યુ. બેડ તેમજ ૩૧૩૮ ઓક્સિજન બેડ સહિત કુલ ૬૦૫૦ બેડ સુધીની ક્ષમતા માટે વહીવટીતંત્ર સજ્જ છે. બીજી લહેર બાદ બે નવી RTPCR લેબોરેટરી ૧ અંજાર SDH તેમજ, ૨ માંડવી SDHમાં કાર્યાન્વિત થતા RTPCR ટેસ્ટીંગની દૈનિક ક્ષમતા ૩૬૦૦ની થશે.

તાજેતરમાં જિલ્લા પ્રભારીમંત્રી અને શિક્ષણ રાજ્યમંત્રી શ્રી કિર્તીસિંહ વાઘેલા અને પ્રભારી સચિવ શ્રી હર્ષદકુમાર પટેલે કોવિડ-૧૯ની તાકીદે સંભવિત ત્રીજી લહેરની પૂર્વ તૈયારી અને આયોજનની તાકીદે સમીક્ષા બેઠક બોલાવી હતી. તેમજ તાકીદે દર્દીઓને સરકારી નિયત દરે સારવાર, મેડિકલ અને નિદાન મળે તે માટે કેમીસ્ટો અને ખાનગી હોસ્પિટલો સાથે પણ મીટીંગો યોજાઇ હતી. હાલ જિલ્લામાં ૯૮ ધન્વંતરી રથો, હાઉસ ટુ હાઉસ સર્વેલન્ટ અને RTPCR ટેસ્ટીંગ પર ફોકસ કરવાની કામગીરી ચાલી રહી છે. ●

# સાબરકાંઠાના ૬૩૮ ગામોમાં સો ટકા કોરોના રસીકરણ

✎ પિનલ પટેલ

સમગ્ર વિશ્વમાં કોરોના મહામારીની ત્રીજી લહેરની અસરો દેખાઇ રહી છે ત્યારે સાબરકાંઠા જિલ્લાની જનતાને કોરોના મહામારીથી બચાવવા માટે આરોગ્ય વિભાગ સતત ૨૪ કલાક આરોગ્ય સેવાઓ પૂરી પાડી રહ્યું છે. આરોગ્ય વિભાગના સઘન પ્રયાસોથી અત્યાર સુધીમાં ૧૮ વર્ષના ૯૨.૨૨ ટકા નાગરિકોને પહેલો ડોઝ અને ૯૫.૧૮ ટકા નાગરિકોને કોરોના રસીના બંને ડોઝથી સુરક્ષિત કરાયા છે. સાબરકાંઠાના ૬૩૮ ગામોની સંપૂર્ણ કોરોના રસીકરણ કરી સુરક્ષિત કરાયા છે.આ સાથે જિલ્લાના ૧૫ થી ૧૮ વર્ષના ૭૦ હજારથી વધુ તરૂણોને કોરોના પ્રતિરોધક રસીનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે. આગામી દિવસોમાં આ રસીકરણ ૧૦૦ ટકા પૂર્ણ કરવા આરોગ્ય વિભાગ પૂરજોશમાં કામગીરી કરી રહ્યું છે. તેમજ ૧૦ જાન્યુઆરી, ૨૦૨૨થી શરૂ કરવામાં આવેલ પ્રિકોશન ડોઝનો ૧૨ હજારથી વધુ નાગરિકોએ લાભ લીધો. આ સાથે કોરોનાની સંભવીત ત્રીજી લહેરની તૈયારીના ભાગરૂપે જિલ્લામાં ૧૩ જેટલા ઓક્સિજન પ્લાન્ટ અને ૨૩૬ જેટલો ઓક્સિજન કોન્સનટ્રેટરની સુવિધા ઊભી કરવામાં આવી છે. જિલ્લાની મેડિકલ કોલેજ સંલગ્ન સિવિલ હોસ્પિટલ તેમજ પ્રાઇવેટ હોસ્પિટલોના મળી જિલ્લામાં બાળકો



# "કોરોના" સામેના જંગમાં નવસારી જિલ્લા પ્રશાસનની સંનિષ્ઠ કામગીરી

✍ રાજ જેઠવા



"કોરોના" નામક વૈશ્વિક મહામારી સામે પ્રજાજનોને કોઈપણ જાતની અગવડ કે મુશ્કેલી ન અનુભવવી પડે તે માટે નવસારી જિલ્લા વહિવટી તંત્રના કર્મયોગી અધિકારી - કર્મચારીઓએ કોરોનાની પ્રથમ અને બીજી લહેર દરમિયાન સતત સંનિષ્ઠતાથી કાર્ય કર્યું છે. કોરોનાગ્રસ્તોને અસરકારક આરોગ્ય સુવિધાઓ મળી રહે તે માટે મત્સ્યોદ્યોગ રાજ્ય મંત્રી શ્રી જીતુભાઈ ચૌધરીના અસરકારક માર્ગદર્શન હેઠળ પ્રભારી સચિવ શ્રી કે.કે.નિરાલા, જિલ્લા કલેકટર શ્રી અમિત પ્રકાશ યાદવ અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી અર્પિત સાગરના માર્ગદર્શન હેઠળ જિલ્લાવાસીઓના આરોગ્યની જાળવણી માટે અનેકવિધ પગલાઓ લેવામાં આવ્યા છે.

શહેર અને જિલ્લામાં સંજીવની અને ધન્વંતરિ રથોના માધ્યમથી ઘરે સારવાર લેતા દર્દીઓને દવાઓનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. ગ્રામ્ય વિસ્તારોમાં આયુષ દ્વારા આર્યુવેદિક દવાઓનું પણ વિતરણ કરવામાં આવી રહ્યું છે. કોરોનાની ત્રીજી લહેરના અગમચેતી પગલાના ભાગરૂપે નવસારી જિલ્લામાં સરકારી અને ખાનગી હોસ્પિટલ મળીને કુલ ૧,૭૧૬ બેડની સુવિધા ઉપલબ્ધ કરાઈ છે, જેમાં ૧,૦૦૪ બેડ ઓક્સિજન ફેસિલિટી તથા ૧૮૭ બેડ વેન્ટિલેટર સપોર્ટની સુવિધા ધરાવે છે. તેમજ બાળકોની સારવાર માટે ૩૪૩ જેટલા બેડ જેમાં ૮૦ ઓક્સિજન બેડ અને ૨૬ જેટલા આઈ.સી.યુ.બેડ સરકારી અને ખાનગી હોસ્પિટલમાં તૈયાર કરવામાં આવ્યા છે. જિલ્લાના સામૂહિક આરોગ્ય કેન્દ્રો સેટેલાઈટ હોસ્પિટલ તરીકે કાર્યરત રહેશે જેમાં કુલ ૩૦૦ બેડની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. જે સિવિલ હોસ્પિટલ નવસારી, સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલ વાંસદા, ચીખલી અને મેંગુષી હોસ્પિટલ બિલીમોરા સાથે લીંકમાં રહીને દર્દીની ક્રીટીકલ સારવાર અંગેની કામગીરી કરશે

સંભવિત કોરોનાની ત્રીજી લહેર દરમિયાન પ્રજાજનોને પ્રાણવાયુ મળે તે માટે જિલ્લામાં કુલ ૨૬ પી.એસ.ઓ.પ્લાન્ટ છે. તે પૈકી સરકારી હોસ્પિટમાં ૧૨ અને ખાનગી હોસ્પિટલમાં ૧૪ છે જેની દૈનિક ક્ષમતા ૧૩.૭૬ મેટ્રિક ટન ઓક્સિજનની છે.

આરોગ્ય અને શિક્ષણતંત્ર દ્વારા થઈ રહેલી આ કામગીરીને લોક સહયોગ મળતાં તેની અસરકારકતા વધી છે. જિલ્લામાં ૧૫ થી ૧૮ વર્ષની વય જૂથના રસી લેવાને પાત્ર બાળકોને પ્રથમ ડોઝ ૬૯ ટકા રસીકરણની કામગીરી કરી છે. બાકી યુવાઓના વેક્સિનેશનની કામગીરી પણ પ્રગતિ હેઠળ છે, જે ટૂંક સમયમાં જ પૂર્ણ કરી નવસારી જિલ્લો પણ કોરોના સામે નાગરિકોને સુરક્ષિત કરશે. ●

માટે ૬૦ જેટલા બેડની સુવિધા ઊભી કરવામાં આવી છે. જિલ્લામાં કુલ ૨૦૪૪ બેડની સુવિધા જેમાં ૧૪૭ આઈ.સી.યુ બેડ તથા ૮૧ જેટલા બેડમાં વેન્ટિલેટર સાથેની સુવિધા છે. જિલ્લામાં બે સબ ડિસ્ટ્રિક હોસ્પિટલ ખેડબ્રહ્મા તથા ઈડર ખાતે ૧૫૪ બેડની વ્યવસ્થા છે. બંન્ને હોસ્પિટલોમાં ઓક્સિજન અલાયદી વ્યવસ્થા કરવામાં આવી છે. સા.આ. કેંદ્રો ૧૨ કાર્યરત છે જેમાં ૩૪૦ બેડની વ્યવસ્થા કરવામાં આવી છે.

જિલ્લામાં દરરોજ કોરોના ટેસ્ટીંગ ૧૫૦૦ થતા હતા જે વધારી ૨૦૦૦ કરવામાં આવ્યા છે. આ સાથે જિલ્લામાં મેડિકલ કોલેજ- હોસ્પિટલના ૪૮ ડોકટર અને અન્ય ૧૦ સ્પેશિયાલિસ્ટ ઉપલબ્ધ છે. મેડિકલ કોલેજ ખાતે સીનિયર રેસીડેન્ટ ડોક્ટર ૪૨, મેડિકલ ઓફીસર ૨૦૪, ફાર્માસિસ્ટ ૭૦, લેબ ટેકનિશિયન ૧૦૧ તથા ૬૫૦ સ્ટાફ નર્સ સહિતનો સ્ટાફ સેવા આપી રહ્યો છે. સંજીવની અને ટેલિમેડીસીન દ્વારા રાજ્ય અને સાબરકાંઠાના દર્દીઓની સેવા આપવામાં આવે છે. જેમાં દર્દી ઘેર બેઠા સલાહ અને દવાઓની માહિતી પ્રાપ્ત કરી શકે છે. પ્રાથમિક આરોગ્ય



કેન્દ્ર ખાતેથી દવા લઈ શકે છે. આ સાથે જિલ્લામાં ૨૮ જેટલી ધન્વંતરિ ટીમ તથા પાંચ સંજીવની રથ દર્દીઓની સારવારમાં કાર્યરત હતા. આ ટીમો દ્વારા ૭૦ ટકા કોન્ટેક્ટ ટ્રેસિંગનું કામ કરવામાં આવ્યું હતું. જન સમુદાયમાં કોવિડ અંગે જાગૃતિ શિક્ષણ આપવામાં આવ્યું હતું. ●

# ઇન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમિક ઇન્સ્ટિટ્યૂશનમાં શિક્ષણવિદોનું વિચાર મંથન




કોઈપણ દેશના સર્વાંગી વિકાસ માટે એક સુઆયોજિત શૈક્ષણિક નીતિ ખૂબ જરૂરી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલથી દેશ આર્થિક, સામાજિક, બૌદ્ધિક અને શૈક્ષણિક ક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તન માટે સજ્જ બન્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાજેતરમાં વાઈબ્રન્ટ ગુજરાત એજ્યુકેશન સમિટ - 2022ના ભાગરૂપે આયોજિત બે દિવસીય 'ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમિક ઈન્સ્ટિટ્યૂશન'નો પ્રારંભ કરતાં જણાવ્યું હતું કે, આત્મનિર્ભર ભારતનો ધ્યેય પરિપૂર્ણ કરવા NEPના માધ્યમથી વિશ્વભરના પ્રતિષ્ઠિત શિક્ષણવિદો, યુનિવર્સિટીના તજજ્ઞોનું આ વિચાર મંથન ગુજરાતને ગ્લોબલ એજ્યુકેશન હબ બનાવશે.

'ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમિક ઈન્સ્ટિટ્યૂશન'માં નવી નેશનલ એજ્યુકેશન પોલિસી અંગે વિશદ ભૂમિકા આપતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશીપૂર્ણ માર્ગદર્શનમાં સાડા ત્રણ દાયકા બાદ નવી નેશનલ એજ્યુકેશન પોલિસીની રચના થઇ છે.

આ નેશનલ એજ્યુકેશન પોલિસી નયા ભારતના નિર્માણમાં બહુ જ મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવવાની છે. એટલું જ નહીં, પ્રધાનમંત્રીશ્રીના આત્મનિર્ભર ભારતના સંકલ્પને આ નીતિ બળ આપનારી છે. દેશમાં મૌલિક અને પ્રતિભાસંપન્ન યુવાનોના ઘડતર માટે સમયને અનુરૂપ જરૂરિયાતો પ્રમાણેની વ્યાપક શિક્ષણ વ્યવસ્થા જોઈએ. તે વ્યવસ્થા પૂરી પાડવાનું મોટું કામ વડાપ્રધાનની આગેવાનીમાં પાર પડી રહ્યું છે.

આત્મનિર્ભર ભારતની કલ્પના વાસ્તવિક સ્વરૂપ ધારણ કરી રહી છે, ત્યારે નવી એજ્યુકેશન પોલિસીના સુચારૂ અમલીકરણથી ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે દેશમાં સાનુકૂળ માહોલ ઊભો થયો છે. દેશ-રાજ્યના યુવાનો વર્તમાન અને ભવિષ્યના પડકારોનો સામનો કરવા માટે સજ્જ થઈ શકે તેનું પણ નવી નીતિમાં ધ્યાન રાખવામાં આવ્યું છે. ગુજરાતે રિસર્ચ એન્ડ સ્કીલ ડેવલપમેન્ટને હંમેશા પ્રાધાન્ય આપ્યું છે. નવા જમાનાને અનુરૂપ, વૈશ્વિક પડકારો સામે સક્ષમતાથી સફળ થાય તેવા રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકાર ફાયનાન્સિયલ સપોર્ટ પણ કરે છે.

વડાપ્રધાનશ્રીએ જ્ઞાનશક્તિના મહત્વને વધુ વ્યાપક ફલક આપવા વિશ્વમાં શ્રેષ્ઠ હોય તે ગુજરાતની ધરતી પર ઉતારવાનો શિક્ષણ ક્રાંતિ યજ્ઞ આદર્યો હતો. તેમના દિશાદર્શનમાં ગુજરાતે સેક્ટર સ્પેસિફિક એજ્યુકેશનલ યુનિવર્સિટીઝની શરૂઆત પાછલા બે દશકોથી કરી છે.

આજે ગુજરાતમાં ૯૧ જેટલી યુનિવર્સિટીઝ ૨૮૬૦ ઉપરાંત

## ગુજરાતને ગ્લોબલ એજ્યુકેશન હબ બનાવશે

સંસ્થાઓ દ્વારા આધુનિક જ્ઞાન યુવાઓને મળી રહ્યું છે. ગુણવત્તાયુક્ત એટલે કે ક્વોલિટી એજ્યુકેશનથી ઉજ્જવળ ભાવિ પેઢી નિર્માણ માટે ગુજરાતમાં પ્રધાનમંત્રીશ્રીના માર્ગદર્શનમાં ગુણોત્સવનો નવો કોન્સેપ્ટ સફળતાપૂર્વક પાર પાડયો છે. ગુજરાત સરકારે નેશનલ એજ્યુકેશન પોલિસી - 2020ના મુખ્ય પાસાઓને અનુરૂપ વિવિધ મહત્વપૂર્ણ પગલાંઓ હાથ ધર્યા છે. ગુજરાતનું શિક્ષણ ક્ષેત્ર આવા અનેક મજબૂત આધારસ્તંભ પર વિકસી રહ્યું છે. આ જ આધારસ્તંભ પર નવી એજ્યુકેશન પોલિસીનો પણ ખૂબ ઝડપથી અમલ કરવા ગુજરાત પ્રતિબદ્ધ છે. આ પોલિસીના અમલીકરણથી એક એવી ઈકોસિસ્ટિમ તૈયાર થશે અને આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતના નિર્માણમાં ખૂબ ઉપયોગી બની રહેશે.

ભારતની સનાતન સંસ્કૃતિમાં સૈકાઓ પહેલાં ગુરૂકુળ પરંપરા હતી. વલભી, તક્ષશિલા, નાલંદા જેવી વિદ્યાપીઠો શિક્ષણ માટે વિશ્વપ્રસિદ્ધ હતી. દેશ-દેશાવરથી શિષ્યો પણ ભારતમાં ભણવા માટે આવતા. ICAI-2022ના ભાગરૂપે વર્લ્ડ-ક્લાસ યુનિવર્સિટી અંગે વાઈસ ચાન્સેલર્સ કોન્ક્લેવનું આયોજન સદીઓથી આપણી આવી યુનિવર્સિટીઓ જ્ઞાનના પ્રસારનું મુખ્ય કેન્દ્ર રહી છે તે વાતની પુષ્ટિ કરે છે. આપણી યુનિવર્સિટીઝને વર્લ્ડ-કલાસ બનાવવા માટે સમય સાથે કદમ મિલાવતી જરૂરી પદ્ધતિઓ, પ્રણાલીઓ, માળખાગત બાબતો અને અભિગમ અંગેના કેસ સ્ટડીઝને સમજવા માટે આ કોન્ફરન્સમાં યોજાયેલી વાઇસ ચાન્સેલર્સ કોન્કલેવ ઉપયોગી બની રહી હતી.

શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, શિક્ષણની આંતરરાષ્ટ્રીય સમિટ થકી રાજ્ય શિક્ષણ ક્ષેત્રે નવો ઈતિહાસ રચવા ગુજરાત રાજ્ય સજ્જ બન્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સમગ્ર રાષ્ટ્રમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અમલી કરવામાં આવી છે. આ રાષ્ટ્રીય શિક્ષણ નીતિના શ્રેષ્ઠ અમલીકરણ દ્વારા રાજ્યની શિક્ષણ વ્યવસ્થા વૈશ્વિક સ્તરની બને તે માટે ગુજરાત સરકારે પ્રયાસો હાથ ધર્યા છે.

શિક્ષણ મંત્રીશ્રીએ આ પ્રસંગે વિશેષમાં જણાવ્યું હતું કે,સાયન્સ સિટીમાં કાર્યરત રોબોટિક ગેલેરી, એક્વેટિક ગેલેરી સહિતના વૈવિધ્યપૂર્ણ પ્રકલ્પો દેશ-વિદેશના લોકોને આકર્ષી રહ્યા છે, જે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશિતાનું પરિણામ છે.

દ્વિ-દિવસીય શિક્ષણ સમિટ રાજયના બાળકોના સંશોધન અને જ્ઞાનનું રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરે આદાનપ્રદાન કર્યું હતું. જે આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતનાના સંકલ્પને ચરિતાર્થ કરશે. ભારત દુનિયાનો સૌથી યુવા દેશ છે, ત્યારે આ ડેમોગ્રાફિક ડિવિડન્ડનો લાભ લેવા માટે કેન્દ્ર સરકાર કેપેસિટી બિલ્ડીંગ, સ્કીલ ડેવલપમેન્ટ, રિસર્ચ એન્ડ ઇનોવેશન માટે ઊંચા લક્ષ્યો સિદ્ધ કરી રહી છે. ગુજરાત રાજ્ય રાષ્ટ્રીય શિક્ષણ નીતિનું અસરકારક અમલીકરણ કરાવવામાં સમગ્ર દેશમાં મોખરે રહ્યું છે. આ કોન્ફરન્સમાં હોલિસ્ટિક એજ્યુકેશન સ્કીલ ડેવલપમેન્ટ, આંતરપ્રિન્યોર્સિપ, ડિજિટલ એજ્યુકેશન, જેવા વિવિધ વિષયોનો સમાવેશ કરાયો હતો.

રાજ્યમાં SSIP. 1.0 સફળ પરિણામો બાદ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં શિક્ષણ વિભાગ દ્વારા SSIP(Students Startup Innovation Policy) 2.0 પોલિસી લોન્ચ કરવામાં આવી હતી. આ સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઇનોવેશન પોલિસી ૨.૦. ધોરણ-૬ થી પી.એચ.ડી. સુધીના બાળકો યુવાઓના નવોન્મેષ વિચારો અને સંશોધનને નવી રાહ ચીંધશે તેવો ભાવ શિક્ષણ મંત્રીએ વ્યક્ત કર્યો હતો. રાજ્યની શાળાઓની શિક્ષણ વ્યવસ્થાને વધુ ગુણવત્તાસભર બનાવવા તેમજ તેની માળખાગત સુવિધાઓમાં વધારો કરવા માટે શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્યના શિક્ષણ વિભાગે વિભિન્ન પ્રયાસો હાથ ધર્યા છે. ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે વોકેશનલ સેન્ટર કાર્યરત કરાવીને તેમને પ્રાકૃતિક ખેતીથી માહિતગાર કરવાની દિશામાં શિક્ષણ વિભાગે હાથ ધર્યા છે.

ગુજરાત સરકારના સર્વાંગી વિકાસ અને વ્યવસ્થાપનના પગલે જ આજે સમગ્ર દેશના ગુડ ગવર્નન્સ આંકમાં ગુજરાતે પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે જે સમગ્ર રાજ્ય માટે ગૌરવવંતી બાબત છે.

આ પ્રસંગે શિક્ષણમંત્રીશ્રીએ દેશ-વિદેશથી આવેલા ડેલિગેટ્સ, રોકાણકારોને રાજ્યના ગાંધી આશ્રમ, સ્ટેચ્યુ ઓફ યુનિટી, સાયન્સ સિટી જેવા વિવિધ પ્રમુખ સ્થાનોની મુલાકાત લેવા માટે પણ આમંત્રણ પાઠવ્યું હતું. આ સમિટમાં શૈક્ષણિક ક્ષેત્રના 30 જેટલા એમ.ઓ.યુ. પણ સંપન્ન થયા હતા.

આ કોન્ફરન્સમાં કેનેડા, ઓસ્ટ્રેલિયા, યુનાઈટેડ કિંગડમ, નોર્વે અને ફ્રાન્સ જેવા દેશો કન્ટ્રી પાર્ટનર તરીકે સહભાગી થયા હતા. જ્યારે બ્રિટિશ કાઉન્સિલ, ટાઇમ્સ હાયર એજ્યુકેશન, વર્લ્ડ બેંક, યુનેસ્કો, યુનિસેફ, યુ.એન-વુમન, ધી ઓર્ગેનાઇઝેશન ફોર ઇકોનોમિક કોઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ આ કોન્ફરન્સના આંતરરાષ્ટ્રીય પાર્ટનર્સ હતા. એટલું જ નહીં, સ્કીલ ઈન્ડિયા, NSDC, નીતિ આયોગ, AICTE, NBA, EDCIL અને i-Care નેશનલ પાર્ટનર્સ હતી.

આ પ્રસંગે રાજ્ય મંત્રી સર્વ શ્રી ડો. કુબેરભાઇ ડિંડોર, કીર્તિસિંહ વાઘેલા, બ્રિજેશકુમાર મેરજા, પૂર્વ ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજા, કેન્દ્રિય સચિવ શ્રીમતી અનિતા કરવાલ, મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, શિક્ષણ વિભાગના અગ્ર સચિવ શ્રી એસ.જે.હૈદર, ગુજરાત યુનિવર્સિટી વાઇસ ચાન્સેલર ડો. હિમાંશુ પંડ્યા સહિતના અન્ય વાઇસ ચાન્સેલર, શિક્ષણવિદો અન્ય ઉચ્ચ અધિકારીઓશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી (SSIP 2.0)નું અનાવરણ



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી અને રાજ્ય મંત્રી મંડળના સભ્યોની ઉપસ્થિતિમાં અમદાવાદના સાયન્સ સિટી ખાતે આયોજિત ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમીક ઈન્સ્ટીટ્યૂસન્સ (ICAI-2022)ના ઉદઘાટન પ્રસંગે સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલીસી (SSIP 2.0)નું અનાવરણ કર્યું છે. સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૭થી પાંચ વર્ષ માટે અમલમાં મૂકવામાં આવી હતી. આ પોલિસીનો સમયગાળો તા. ૧૦-૦૧-૨૦૨૨ના રોજ પૂર્ણ થયો હતો. જેથી હવે આ નવી સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન પોલિસી (SSIP 2.0)ને વધુ પાંચ વર્ષ માટે એટલે કે જાન્યુઆરી, ૨૦૨૨ થી માર્ચ, ૨૦૨૭ સુધી અમલમાં મુકવામાં આવી છે.

મુખ્યમંત્રીશ્રીએ જે પોલિસી લોંચ કરી તેની વિશેષતાઓ અને લાક્ષણિકતાઓ આ મુજબ છે...

### સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી (SSIP 2.0) ના મુખ્ય લક્ષ્યો

- રાજ્યની તમામ યુનિવર્સિટીઓમાં કાર્યાત્મક ઈનોવેશન અને ઈન્ક્યુબેશન સેન્ટરની સ્થાપના
- રાજ્યની ઓછામાં ઓછી ૧૦૦૦ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ (HEIs) અને ૧૦,૦૦૦ શાળાઓને આવરી લેતા ૫૦ લાખ વિદ્યાર્થીઓને ઈનોવેશન અને ઉદ્યોગસાહસિકતા માટે જાગૃત કરવા
- વિદ્યાર્થીઓ દ્વારા વિકસિત ૧૦,૦૦૦ પ્રૂફ-ઓફ-કન્સેપ્ટ્સ (PoCs/પ્રોટોટાઈપ)ને સહાય
- શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વિકસાવવામાં આવનાર ૧૦૦૦ પ્રૂફ-ઓફ-કન્સેપ્ટ્સ (PoCs/પ્રોટોટાઈપ)ને સહાય
- વિદ્યાર્થીઓને ૫૦૦૦ IP ફાઈલિંગ માટે સહાય
- રાજ્યમાં ઓછામાં ઓછી ૫૦૦ શૈક્ષણિક સંસ્થાઓ અને યુનિવર્સિટીઓની આવરી લઈને લાભાર્થીઓ માટે એક મજબૂત પ્રિ-ઈન્ક્યુબેશન સપોર્ટ સિસ્ટિમનું નિર્માણ.
- ૧૫૦૦ વિદ્યાર્થી સ્ટાર્ટ-અપ્સ અને હાલના સ્ટાર્ટ-અપ્સને અપસ્કેલ કરવા
- i-Hub પર ૫૦૦ સ્ટાર્ટ-અપ (ભૌતિક અને વર્ચ્યુઅલ) ઈન્ક્યુબેટ કરવા.
- i-Hub ખાતે સ્ટાર્ટ-અપ સૃજન સીડ સપોર્ટ હેઠળ ૫૦૦ સ્ટાર્ટ-અપને સહાય

## ICAI-2022 અંતર્ગત ૩૦ MOU કરવામાં આવ્યા

આ એક્ઝિબિશનમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી અને રાજ્ય મંત્રી મંડળના સભ્યોની ઉપસ્થિતિમાં દેશ વિદેશનાં એજ્યુકેશન સાથે સંકળાયેલા વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા ગુજરાતના શિક્ષણ વિભાગ સાથે ૩૦ જેટલા MoU સાઈન કરવામાં આવ્યા હતા.

જેમાં બ્રિટીશ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા, યુનેસ્કો MGIEP, કેમ્બ્રિજ યુનિવર્સિટી, ઈન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી-ગાંધીનગર, નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ, ચંદીગઢ યુનિવર્સિટી, અદાણી ફાઉન્ડેશન,(ઉડાન), સિલ્વર ઓક યુનિવર્સિટી, ઈન્ડો-જર્મન ટુલ રૂમ-અમદાવાદ, કૌશલ્ય-ધ સ્કીલ યુનિવર્સિટી, SMSR ઈન્ફ્રાસ્ટ્રક્ચર LLP, Shorting Hat Technologies Pvt Ltd, TMRW Ltd, Pappaya lite Pvt Ltd, Pidilite industries Ltd, Vedantu innovation Pvt Ltd,Otemon Gakuni University, Japan, UNICEF, DARO, Institutions of fire Engineering, Gujarat chapter,Indo American Education society, Ideal institute of technology, Invers Semiconductors Limited, સૈનિક સ્કૂલ સોસાયટી, Erasmus Mundus Europeam Union Consortium GATE Project, સંસ્કૃત ભારતી નવી દિલ્હી, ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, આત્મીય યુનિવર્સિટી, Research center for Agricultural and Rural Studies, St.Xavier's college, Mumbai, TiE Ahmedabad Angles, Innodesk Designovation Service, Ahmedabad દ્વારા વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ, ઈન્સ્ટિટયૂટ સાથે MoU થયા હતા. ●

### લક્ષ્ય હાંસલ કરવા માટે શિક્ષણ વિભાગ દ્વારા અપાનારા પ્રોત્સાહનો :

- રાજ્યની યુનિવર્સિટીઓ ઈન્ક્યુબેશન સેન્ટરની સ્થાપના કરવા અને ઈનોવેશન પ્રવૃત્તિઓને વેગ આપવા માટે આગામી પાંચ વર્ષમાં મહત્તમ રૂ. ૫ કરોડ સુધીનો લાભ મેળવી શકે છે.
- રાજ્યની સંસ્થાઓ ઈનોવેશન અને સ્ટાર્ટ-અપ પ્રવૃત્તિઓને ટેકો આપવા માટે આગામી પાંચ વર્ષમાં રૂ. ૨ કરોડ સુધીનો લાભ મેળવી શકે છે
- ઈનોવેટર્સ અને સ્ટાર્ટઅપ્સ માટે IP ફાઇલિંગ સપોર્ટ. (સ્થાનિક માટે રૂ. ૭૫,૦૦૦ સુધી અને અન્ય દેશોમાં ફાઇલ કરવા માટે રૂ. ૧.૫ લાખ સુધી)
- સ્ટાર્ટઅપ/ઈનોવેશન માટે મહત્તમ રૂ. ૧૦ લાખ રૂપિયા સુધીના સ્ટાર્ટઅપ્સને સીડ ગ્રાન્ટ
- યુનિવર્સિટીઓ/સંસ્થા/ઈન્ક્યુબેટરને જાગૃતિ કાર્યક્રમો/બૂટકેમ્પ/સેમિનાર/કોન્ફરન્સ હોસ્ટ કરવા માટે નાણાકીય સહાય
- ઓપન ઈનોવેશન ચેલેન્જ પ્રોગ્રામ દ્વારા ઈનોવેટર્સ, વિદ્યાર્થીઓ અને સ્ટાર્ટઅપ્સને રૂ. ૨.૫ લાખ સુધીનો સપોર્ટ.

### સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી (SSIP)ની ઉપલબ્ધિઓ :

- છેલ્લા બે વર્ષમાં સમગ્ર રાષ્ટ્રમાં સ્ટાર્ટઅપ પર્ફોર્મન્સ રેન્કિંગમાં ગુજરાત નંબર ૧ પર છે.
- આ રેન્કિંગમાં, ભારત સરકારે શિક્ષણ વિભાગના SSIP દ્વારા કરવામાં આવેલા પ્રયાસો અને યોગદાનને વિશેષરૂપે સ્વીકાર્યું છે અને પ્રશંસા કરી છે.
- રાજ્યની ૧૮૬ સંસ્થાઓ/યુનિવર્સિટીઓનો SSIP ગ્રાન્ટી સંસ્થા તરીકે સમાવેશ કરેલ છે.
- આજ સુધીમાં વિદ્યાર્થીઓ દ્વારા ૨૧૩૨ સ્ટાર્ટઅપ શરૂ કરવામાં આવેલ છે.
- વિદ્યાર્થીઓ દ્વારા ૧૧૨૨ જેટલી પેટન્ટ ફાઈલ કરવામાં આવી છે.
- વિદ્યાર્થીઓના ૬૨૭૬ જેટલા પ્રૂફ ઓફ કોન્સેપ્ટ પ્રોજેક્ટ (PoCs/પ્રોટોટાઇપ)નું નિર્માણ થયેલ છે
- છેલ્લા ૫ વર્ષમાં, ૧૦ લાખથી વધુ વિદ્યાર્થીઓને સમગ્ર રાજ્યમાં ઈનોવેશન પ્રક્રિયા અને સ્ટાર્ટ-અપ વિશે મૂળભૂત જાગરૂકતા માટેની માહિતી આપવામાં આવેલ છે
- રાજયભરમાં SSIP અંતર્ગત ૫૫૯૩ જેટલા અવરનેસ પ્રોગ્રામ કરવામાં આવ્યા છે
- SSIP એ સમગ્ર દેશમાં એકમાત્ર પોલિસી છે જેનો ઉદ્દેશ્ય મોટા પાયે વિદ્યાર્થી ઈનોવેટર્સ અને સ્ટાર્ટઅપ્સને પોષણ આપવા અને સમર્થન આપવાનો છે. ●

## અમદાવાદમાં ICAI-2022 એક્ઝિબિશન



અમદાવાદની સાયન્સ સિટી ખાતે 'ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમિક ઈન્સ્ટિટ્યૂશન' અંતર્ગત યોજાયેલા રાજ્યની ઉચ્ચ શિક્ષણની અગ્રણી સંસ્થાઓ તેમજ યુનિવર્સિટીના એક્ઝિબિશનને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ખુલ્લું મૂકાયું હતું.

આ એક્ઝિબિશનમાં ગુજરાત યુનિવર્સિટી, બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટી, હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી, ચરોતર યુનિવર્સિટી, એમ.એસ યુનિવર્સિટી, નિરમા યુનિવર્સિટી, નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, આઇ.આઇ.ટી.ગાંધીનગર, રાષ્ટ્રીય રક્ષા શક્તિ યુનિવર્સિટી, ચિલ્ડ્રન યુનિવર્સિટી, સેપ્ટ, જીટીયુ, મારવાડી યુનિવર્સિટી, ગુજરાત બાયોટેક્નોલોજી યુનિવર્સિટી, ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, પી.આર.એલ તેમજ સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી સહિત 54 જેટલી યુનિવર્સિટી-સંસ્થાઓના સ્ટોલ પ્રદર્શિત કરવામાં આવ્યા છે. ઉચ્ચ શિક્ષણના પ્રકાશનો પ્રકાશિત કરતી સંસ્થા ગુજરાત યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ તેમજ એન.સી.આર.ટી ઉપરાંત ગુજરાત મેરિટાઇમ યુનિવર્સિટી, સ્પેસ એપ્લિકેશન સેન્ટર-ઇસરો, આઇ-હબના પણ સ્ટોલ અહીં પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. આ પ્રદર્શનમાં વિવિધ સંસ્થાઓ-યુનિવર્સિટીઓ દ્વારા પ્રદર્શિત કરાયેલી શૈક્ષણિક કામગીરી-પ્રવૃત્તિઓ અને તેમના આગામી આયોજનો મુલાકાતી-વિદ્યાર્થીઓ માટે ઉપયોગી નીવડશે.

આ પ્રસંગે ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણી, મંત્રી શ્રી ડો. કુબેરભાઇ ડિંડોર, મંત્રી શ્રી કિર્તીસિંહ વાઘેલા, મંત્રી શ્રી બ્રિજેશકુમાર મેરજા, પૂર્વ ગૃહ રાજ્યમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા, મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, શિક્ષણ વિભાગના અગ્રસચિવશ્રી એસ.જે.હૈદર તેમજ અન્ય ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# મલ્ટીડિસિપ્લિનરી એન્ડ હોલિસ્ટિક એજ્યુકેશન પર વિચાર ગોષ્ઠી સંપન્ન



અમદાવાદ ખાતે યોજાયેલી ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમિક ઈન્સ્ટિટ્યૂશન્સમાં વિવિધ વિષયો પર શિક્ષણજગતનાં અગ્રણીઓ દ્વારા વિચાર ગોષ્ઠી યોજવામાં આવી હતી. જેમાં મલ્ટીડિસિપ્લિનરી એન્ડ હોલિસ્ટિક એજ્યુકેશન વિષયક ચર્ચામાં AICTE, ઈન્ડિયાનાં ચેરમેન શ્રી અનિલ સહસ્ત્રબુદ્ધે, આઈ.આઈ.ટી., ગાંધીનગરનાં ડાયરેક્ટર પ્રો. અમિત પ્રહસંત, પોલેન્ડની રોકલાવ યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજીનાં ડૉ. કમિલા લુડવિકોસા તથા કલાસલિંગમ એકેડમી ઓફ રિસર્ચ એન્ડ હાયર એજ્યુકેશનનાં વાઈસ ચાન્સેલર પ્રો.નાગરાજન રામરાઓ પેનલિસ્ટ તરીકે જોડાયા હતા. જયારે ગુજરાત યુનિવર્સિટીનાં વાઈસ ચાન્સેલર ડૉ. હિમાંશુ પંડ્યા પેનલ ડિસ્કશનનાં કન્વીવર તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં.

આ પેનલ ડિસ્કશનમાં પેનલિસ્ટ દ્વારા શિક્ષણના સર્વાંગી વ્યાપ અને વિકાસ માટે એકેડેમિક ક્રેડિટ બેન્કનું સંસ્થા દ્વારા અમલીકરણ, બહુ-વિષયક પ્રોજેક્ટ્સ અને સંસ્થાઓના સંસાધનોનો ઉપયોગ કરવા અપીલ કરી હતી. ભારત સરકારના સ્વયમ પોર્ટલ પરના 6,000 થી વધારે વિષયો પર આધારિત મૂક કોર્સીસને ક્રેડિટ સિસ્ટિમમાં સમાવિષ્ટ કરવા સૂચન કર્યું હતું. વર્તમાન શિક્ષણ વ્યવસ્થાને બહુ-વિષયક અને સર્વાંગી બનાવવા ક્લાસ રૂમને બદલે ફિલ્ડ/એક્ટિવિટી આધારિત લર્નિંગ પર વિશેષ ભાર મૂકવા તથા, શૈક્ષણિક સંસ્થાઓને માળખાગત ફેરફાર કરવા સૂચન કર્યું હતું.

**શિક્ષણ ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય કક્ષાના પરિવર્તનો લાવવા એ એક સાતત્યપૂર્ણ અને લાંબાગાળાની પ્રક્રિયા છે.**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ -2020માં જણાવેલ Multidisciplinary Educational Research Universities (MERUs)ની રાષ્ટ્ર નિર્માણમાં ભૂમિકા તથા શિક્ષણ ક્ષેત્રે આવતા બદલાવ પરત્વે ધ્યાન દોરી જરૂરી પરિવર્તન માટે સૂચનો કર્યા હતા. આ ઉપરાંત, વિદ્યાર્થીઓમાં વિચારવાની શક્તિ ખીલે અને તેઓ તેમના રસના વિષયોને પારખી અને તેમના જીવનમાં અને કારકિર્દી નિર્માણ માટે પ્રોત્સાહિત થાય તે પ્રકારના પ્રયાસો કરવા અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

આ સેમિનારમાં ઈન્ટરનેશનલાઈઝેશન ઓફ એજ્યુકેશન વિષયક વિચાર ગોષ્ઠીમાં પેનલિસ્ટ તરીકે ઓસ્ટ્રેલિયાના ડેપ્યુટી કોન્સલ જનરલ સુશ્રી મોનિકા કેનેડી, ફ્રાન્સનાં સાયન્ટિફિક એન્ડ એકેડેમિક કોઓપરેશન ડૉ. ફેબિયન ચારીક્સ, બ્રિટીશ કાઉન્સિલનાં મદદનીશ નિયામક શ્રી રાજેન્દ્ર ત્રિપાઠી, અમેરિકાનાં ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ટરનેશનલ એજ્યુકેશન (IIE)નાં એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી વિવેક

મનસુખાનીએ ભાગ લીધો હતો. જયારે વિચાર ગોષ્ઠીમાં કન્વીનર તરીકે પંડિત દિનદયાળ એનર્જી યુનિવર્સિટીનાં ડાયરેક્ટર જનરલ પ્રો.એસ.એસ.મનોહરન અને મોડરેટર તરીકે યુ.જી.સી.નાં સેક્રેટરી પ્રો.રજનીશ જૈન હાજર રહ્યાં હતા

ઇન્ટરનેશનલાઇઝેશન ઓફ એજ્યુકેશન" વિષય સંદર્ભે શિક્ષણવિદો દ્વારા વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. તજજ્ઞો એ 'ઇન્ટરનેશનલાઇઝેશન ઓફ એજ્યુકેશન' ને માત્ર વિદેશ ભણવા જતા વિદ્યાર્થીઓ કે વિદેશથી દેશમાં આવતા વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાને લેવા ઉપરાંત વિવિધ દેશો વચ્ચેના પરસ્પર સહકારના નક્કર પ્રયાસોને અમલી બનાવવા પર ભાર મૂક્યો હતો. આ વિચાર ગોષ્ઠીમાં શૈક્ષણિક અને રિસર્ચ સાથે સંકળાયેલ સંસ્થાઓએ અભ્યાસક્રમ, વિચારોના આદાન-પ્રદાન, નેટવર્કિંગ, પ્રોજેક્ટ પાર્ટનરશિપ, ક્વોલિટી ઇમ્પ્રૂવમેન્ટ જેવા વિવિધ પાસાં અંગે સહકારના પ્રયાસો પર તલસ્પર્શી ચર્ચા કરી હતી.

શિક્ષણ ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય કક્ષાના પરિવર્તનો લાવવા એ એક સાતત્યપૂર્ણ અને લાંબાગાળાની પ્રક્રિયા છે. આ અંગે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને આ ઇકોસિસ્ટમના સમગ્રતયા સહભાગીઓના જન-માનસમાં આંતરરાષ્ટ્રીય પરિપ્રેક્ષ્યમાં બદલાવ લાવવા અપીલ કરી હતી. ●

# વિકાસની દિશામાં ગુજરાત સરકારના 39 MOU

આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતના સૂત્ર સાથે વિકાસને ફાસ્ટટ્રેક પર લાવવામાં ગુજરાતે અગ્રીમ ભૂમિકા નિભાવી છે. ગુજરાત સરકારે તાજેતરમાં ૩૯ MOUs સંપન્ન થયા હતા. આ પ્રસંગે શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી અને ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી ડૉ. રાજીવકુમાર ગુપ્તાએ આ MOU સંબંધિત રોકાણકારો સાથે પરસ્પર એક્સચેન્જ કર્યા હતા. આ સૂચિત રોકાણો માટેના જે ૩૯ એમ.ઓ.યુ થયા તેમાં ગુજરાત જલ સેવા તાલીમ સંસ્થાએ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ માટેના, ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી અને ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી વચ્ચે ફોરેન્સીક સાયન્સ રિલેટેડ પ્રોગ્રામ તેમજ સ્કીલ્ડ હ્યુમન રિસોર્સિસના સ્ટ્રેટેજિક MOU થયા હતા. ઉદ્યોગ ક્ષેત્રે રોકાણો ઉપરાંત રાજ્યની શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી અને પંચમહાલ-ગોધરા મહીસાગર જિલ્લા પોલિસ વચ્ચે પોલિસ સ્ટાફના માનસિક-શારીરિક સ્વાસ્થ્ય અને જાહેર વહીવટ તેમજ કાનૂની ક્ષેત્રે સ્કીલ ડેવલપમેન્ટના MOU થયા હતા.

આ ઉપરાંત, સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન યુનિવર્સિટીએ રિસર્ચ એન્ડ ઇનોવેશન સેન્ટર ફોર સસ્ટેઇનેબલ એનર્જી અને ટેક્નોલોજી રિસર્ચ માટેના MOU તથા સેન્ટ્રલ ઇન્સ્ટીટયુટ ઓફ પેટ્રોકેમિકલ્સ એન્જિનીયરીંગ એન્ડ ટેક્નોલોજી દ્વારા સરકારી પોલિટેકનીક તથા ડિગ્રી ઇજનેરી કોલેજોના વિદ્યાર્થીઓને તાલીમ કાર્યક્રમના MOU થયા હતા.

અમરેલીમાં એરપોર્ટ ફલાઈંગ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ માટેના MOU પણ આ કડી કડીમાં સંપન્ન થયા હતા. આ સ્ટ્રેટેજિક MOU ઉપરાંત કેપ્ટીવ જેટી પ્રોજેક્ટ, કેપ્ટીવ સોલાર પાવર પ્લાન્ટ, રાજ્યમાં પ્રથમ લિથીયમ રિફાઇનરી વિકસાવવાના, ગ્રીન રિન્યુએબલ હાઇડ્રોજન ફેસેલીટી માટેના, જંતુનાશક ઇન્ટરમીડીયેટસ, સિન્થેટિક ઓર્ગેનિક કેમિકલ્સ પ્લાન્ટ, નેનો સેટેલાઇટ માટે સંશોધન કેન્દ્ર વગેરેના MOU પણ થયા હતા.

મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, શિક્ષણ અગ્ર સચિવ શ્રી હૈદર તેમજ વરિષ્ઠ સચિવો અને MOU કરનારા ઉદ્યોગ ગૃહોના-સંસ્થાઓના પ્રતિનિધિઓ આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા. ●



# કોવિડ કાળમાં શિક્ષણ ક્ષેત્રે બ્રિજ કોર્સ શરૂ કરનારું ગુજરાત પ્રથમ રાજ્ય

કોવિડના સમયમાં દેશમાં અંતરિયાળ વિસ્તારના વિદ્યાર્થી સુધી પહોંચવું કઈ રીતે સૌથી મોટો પડકાર રહ્યો છે. આ પડકારને પહોંચી વળવા ભારત સરકાર દ્વારા શ્રેણીબદ્ધ પગલાં ભરવામાં આવ્યા. વિદ્યાર્થીઓને કેવી રીતે ભણાવવું , કેટલો સમય ભણાવવું અને તે અભ્યાસનો આઉટકમ શું છે તેનું મૂલ્યાંકન કરવા જેવા વિવિધ જટિલ મુદ્દાઓનો આપણે સામનો કર્યો અને ઉકેલ આણ્યા.

અમદાવાદના સાયન્સ સિટી ખાતે આયોજિત ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમિક ઈન્સ્ટીટ્યૂશન્સ( ICAI) ને સંબોધતા ભારત સરકારના શિક્ષણ સચિવ શ્રીમતી અનિતા કરવાલે કહ્યું હતું કે, વિદ્યાર્થીઓમાં શિક્ષણનું સાતત્ય જળવાય તે માટે બ્રિજ કોર્સ શરુ કરનારું ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ રાજય બન્યું હતું. શિક્ષણ સચિવશ્રીએ ગુજરાતમાં લાઉડ સ્પીકરની મદદથી શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓઓને ભણાવવાના પ્રયાસોનો પણ ઉલ્લેખ કર્યો હતો.

આ અવસરે તેમણે કોવિડ કાળમાં ઓનલાઈન શિક્ષણ સંદર્ભે થયેલી કામગીરીની વિગતો આપતા કહ્યું કે, આપણે આ સમયમાં 65 ટકા પાઠ્યપુસ્તકો વિદ્યાર્થીઓને ઓનલાઈન ઉપ્લબ્ધ બનાવ્યા. તેમણે કોવિડકાળમાં 8.5 મિલિયન શિક્ષકોને તાલીમબદ્ધ કરાયાની વિગતો પણ આપી.

શિક્ષણ સચિવશ્રીએ કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢમાં ‘બડી સિસ્ટમ’ના અમલ અંગે વાત કરતાં કહ્યું કે, કોવિડના સમયમાં અભ્યાસથી વંચિત રહેવાના કારણે જે બાળકો શૈક્ષણિક રીતે નબળા રહ્યા, તેમણે વર્ગના હોશિયાર વિદ્યાર્થીઓ દ્વારા સહાય કરવામાં આવી, આ પ્રયોગને સારી સફળતા મળી.

આ અવસરે નીતિ આયોગના સલાહકાર શ્રી પ્રેમસિંઘે કહ્યું કે, કોવિડ દરમિયાન ભારતના વિવિધ રાજ્યોમાં શિક્ષણ ક્ષેત્રે વિવિધ પ્રયોગો થયા અને તેના હકારાત્મક પરિણામો પણ મળ્યા છે. તેમણે કહ્યું કે, શિક્ષણ ક્ષેત્રમાં પરિવર્તન માટે નીતિ આયોગનું મન ખુલ્લું છે અને શિક્ષણવિદો તેમના સૂચનો આપી શકે છે.

કોવિડની ભારત પર શિક્ષણ ક્ષેત્ર પરની અસર અંગે વાત કરતાં વર્લ્ડ બેંકના ગ્લોબલ ડાયરેક્ટર(એજ્યુકેશન) જેમી સાવેડ્રા (Mr. Jaime Saavedra, Global Director, Education, The World Bank)એ કહ્યું કે, ભારતમાં લર્નિંગ પોવર્ટીનું પ્રમાણ કોવિડ પૂર્વે 53 ટકા હતું, જે વધીને 63 થી 70 ટકાની આસપાસ પહોંચ્યું છે. કોવિડની અસર સમૃદ્ધ વર્ગ કરતા ગરીબ વર્ગ પર વધુ પડી છે. શ્રી જેમી સાવેડ્રાએ કોવિડની અસર અંગે જાતિય દ્રષ્ટીકોણ સંદર્ભે વાત કરતાં કહ્યું કે, બાળકો કરતાં બાળકીઓમાં લર્નિંગ લોસનું પ્રમાણ 20 ટકા વધુ રહ્યું છે.

તેમણે કહ્યું કે, આપણે માનવીય પાસાઓ અને ટેકનોલોજી વચ્ચે સંતુલન જાળવવું પડશે અને સર્વ સમાવેશી શિક્ષણ પર ધ્યાન આપવું પડશે. આ સંદર્ભે સમુદાયને વધુ મજબૂત બનાવવા પર ભાર મૂક્યો હતો.

OCEDના એજ્યુકેશન ડિરેક્ટર શ્રી એન્ડ્રીસ શેલ્ચર (Mr. Andres) કહ્યું કે, કોવિડ પેન્ડેમિકના કારણે જ નહીં, પરંતુ આધુનિક ટેકનોલોજીના કારણે પણ શિક્ષણ પર વ્યાપક અસર થઈ રહી છે અને તેને અનુરૂપ રસ્તાઓ આપણે અપનાવવા પડશે. કોવીડના સમયમાં આપણને એ પણ સમજાયું કે શાળાઓ બાળકો માટે માત્ર શૈક્ષણિક કેન્દ્ર નથી, પણ સામુદાયિક શિક્ષણનું પણ કેન્દ્ર છે. તેમણે શિક્ષકોની ભૂમિકાનું મહત્વ રેખાંકિત કરતાં કહ્યું કે, શિક્ષકો બાળકોના વાલી તરીકે ઘડતરમાં પણ ભૂમિકા પણ ભજવે છે.

સેશનની પૂર્ણાહુતિ પ્રસંગે શિક્ષણ સચિવ શ્રી વિનોદ રાવે મહાનુભાવોનો આભાર માન્યો હતો. તેમણે નીતિ આયોગના શ્રી પ્રેમસિંઘ અને OCED ના એજ્યુકેશન ડિરેક્ટર શ્રી એન્ડ્રીસ સાથેના તેમના સંસ્મરણો વાગોળ્યા હતા. ●






# સ્કિલ ડેવલોપમેન્ટ અંગે યુવાનોને પ્રાપ્ત થયું પ્રેરક માર્ગદર્શન

નવી શિક્ષણ નીતિના દિશા દર્શન માટે સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન પોલિસી અંતર્ગત અમદાવાદ સાયન્સ સિટી ખાતે નોબલ ડેમના ઓડિટોરિયમમાં ગુજરાત સરકાર અને ભારત સરકારના સ્કીલ ડેવલપમેન્ટ અને એમ્પ્લોયમેન્ટ ફોર નોલેજ બેઈઝ ઈકોનોમી અંગે તજજ્ઞો દ્વારા પ્રેઝન્ટેશન કરીને યુવાનોને પ્રેરક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શ્રી બી.ડામહે, હેડ સ્કિન ટ્રેનર એકેડમી,એલ.એન્ડ. ટી, ઇન્ડિયા ડૉ. ચંદન ચેટરજી, પૂર્વ ડાયરેક્ટર સિઈડી ગુજરાત , શ્રી જાન ઇબ્બેન, સિનિયર એપ્રેન્ટિસશિપ વિભાગ, એનએસ ડી સી ભારત સરકાર, ડૉક્ટર અને અંકિતાસિંઘ સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ અને ગ્લોબલ હેડ સિનેક્સ ભારત તથા શ્રી અરૂણભાઇ ઉપાધ્યાય, નેશનલ મેનેજમેન્ટ સ્કીલ ડેવલોપમેન્ટ પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝ ભારત અને પ્રોફેસર મુરુગન ડાયરેક્ટર એડમીન તથા પ્રોફેસર સુગંધન આઇ.આઇ.એમ અમદાવાદ દ્વારા ઓનલાઈન જોડાઈને પ્રદર્શન કરવામાં આવ્યું હતું .

સ્કીલ ઇન્ડિયા, સ્ટાર્ટ અપ ઇન્ડિયા, મેક ઇન ઇન્ડિયા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનથી વાઈબ્રન્ટ ગુજરાત શરૂ કરીને આજે દેશના યુવાનોને આગળ વધવાના અવસરો પૂરા પાડવામાં આવી રહ્યા છે. તેમાં સ્કિલ ડેવલોપમેન્ટ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. તેના ભાગરૂપે દેશની આર્થિક સ્થિતિ સુદ્રઢ અને મજબૂત બને તેમ જ કુશળ માનવબળ તૈયાર થાય તેવા અનેક આયામોનો અમલીકરણ કરવામાં આવ્યો છે. તે અંગે ઇન્ટરનેશનલ એક મંચ ઉપર ચર્ચા થાય ચિંતન થાય અને તેનો લાભ યુવાનોને પહોંચે તે મૂળ ઉદેશ રહ્યો છે.

સેન્ટર ફોર એક્સેલન્સ તથા એપ્રેન્ટીસશીપ યોજના થકી પણ માનવબળ તૈયાર કરવાની નેમ સાથે લાર્સન એન્ડ ટુબ્રો દ્વારા અદ્યતન ટ્રેનિંગ ઈન્ફ્રાસ્ટ્રકચર તથા એકોમોડેશન પૂરું પાડવામાં આવેલ છે. યુનિવર્સિટીઓમાં કુશળ ઇજનેરો તૈયાર થાય તેની સાથે પ્લમ્બર, કાર્પેન્ટર, મેકેનિકલ અને કુશળ માનવબળ તૈયાર કરીને આત્મનિર્ભર સાથે તેમના રોજિંદા કામના ટેકનોલોજીનો ઉપયોગ નાના ક્લસ્ટરમાં તેને સંગઠિત કરીને કુશળ માનવબળ તૈયાર કરી શકાય તે માટે યુનિવર્સિટી પણ અભ્યાસક્રમો અપનાવી યુવાનોને પ્લેસમેન્ટ પૂરૂં પાડે તે પણ આ સમયની માંગ છે.માર્કેટ અને ફિડબેક દ્વારા તેમાં સુધારા-વધારા કરીને તાલીમમાં સુધારો લાવી ઇનોવેટિવ આઇડિયા ઉમેરવા ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો.

આ નૂતન શિક્ષણ નીતિને અન્ય રાષ્ટ્રો પણ અનુસરી રહ્યા છે. ઉચ્ચ શિક્ષણમાં નેક એસેસમેન્ટ તથા એક્રિડિટેશન શિક્ષણની પદ્ધતિમાં આમૂલ પરિવર્તન કરવામાં આવ્યું છે. જેમાં શિક્ષણની ગુણવત્તા સુધારા સાથે શૈક્ષણિક સંસ્થાઓની ભૌતિક સુવિધાઓમાં પણ વધારો થયો છે. નેક દ્વારા 683 યુનિવર્સિટી અને ૧૩,૪૫૫ કોલેજોમાં હાથ ધરાયેલા સર્વેમાં એવું જણાવાયું કે, વિદ્યાર્થીઓના ઇનોવેટિવ શિક્ષણમાં વધારો થયો છે.

આ પ્રસંગે ગુજરાત યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર શ્રી હિમાંશુ પંડ્યા, વડોદરા એમ.એસ. યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર શ્રી પરિમલ વ્યાસ, ઇન્ડસ્ટ્રીયલ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર શ્રીવાસ્તવ સહિત અન્ય મહાનુભાવો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020માં

# બાળકના જન્મથી લઈ પગભર થાય ત્યાં સુધી સરકાર તેની પડખે



નેશનલ એજ્યુકેશન પોલિસી-2020નો જે રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે તેના આધાર પર દેશમાં સૌપ્રથમવાર પ્રાથમિક, ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણમાં આયોજનબદ્ધ રીતે આગળ વધી શકાશે. આ બે દિવસીય કોન્ફરન્સનાં સમાપન સમારોહમાં શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ICAI-2022મા જે પ્રકારનું આયોજન વ્યવસ્થા અને વિષયો આવરી લેવાયા છે તે અનોખી સિદ્ધિ છે. શિક્ષણનું કામ વ્યક્તિ ઘડતર અને સર્વાંગી વિકાસ માટે સૌથી મહત્વનું પાસું છે.

મંત્રી શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, નવી શિક્ષણ નીતિ દ્વારા પ્રધાનમંત્રીશ્રીએ આપણાં દેશની સંસ્કૃતિ અને સંસ્કારોને સાથે લઈ ચાલવાનું પથદર્શન કરાવ્યું છે. રોકાણની સાથે શિક્ષણ માટે પ્રધાનમંત્રીશ્રીએ જે કેડી કંડારેલી છે તેના પર ગુજરાતના અનુગામી મુખ્યમંત્રીશ્રીઓએ સમય અનુસાર સુધારાઓ કરી આગળ વધાર્યું છે.

**વ્યક્તિ ઘડતર અને સર્વાંગી વિકાસ માટે શિક્ષણ સૌથી મહત્વનું પાસું છે : શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણી**

**નવી શિક્ષણ નીતિ એકવીસમી સદીની પરિકલ્પનાને સાકાર કરશે : રાજ્ય મંત્રી શ્રી કુબેરભાઇ ડિંડોર**

ધોરણ 6થી પી.એચ.ડી સુધીના વિદ્યાર્થીઓને ઈનોવેશન માટે સહાય થકી શિક્ષણની સાથે તેઓને આત્મનિર્ભર કરવાનું આયોજન SSIP 2.0થી શક્ય બની રહ્યું છે.

રાજ્યમંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોરે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી હોલિસ્ટિક ડેવલોપમેન્ટનો અભિગમ ધરાવે છે. ગુજરાત સરકારની શિક્ષણ પદ્ધતિ હરહંમેશ પ્રગતિશીલ અને ફળદાયી રહી છે. ભારતીય શિક્ષણ પદ્ધતિમાં આમૂલ પરિવર્તન માટે સરકારે નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ અમલી કરી છે. નવી શિક્ષણ નીતિના પાયામાં એક્સેસેબિલિટી, ઈક્વિટી અને એફોર્ડેબિલિટીનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે એકવીસમી સદીની પરીકલ્પનાને સાકાર કરશે.

રાજ્યમંત્રી શ્રી કિર્તીસિંહ વાઘેલાએ જણાવ્યું કે, પ્રગતિશીલ શૈક્ષણિક માપદંડોના પગલે ગુજરાત દેશનું મહત્વનું રાજ્ય બન્યું છે. ભારત સરકારે શરૂ કરેલી રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો હેતુ શિક્ષણમાં ગુણવત્તાયુક્ત પરિવર્તન લાવવાનો છે ત્યારે 21મી સદીના ભારતમાં મજબૂત આધારરૂપી આ નીતિ બનવાની છે. તેમણે આ સંદર્ભમાં ઉમેર્યું કે, કૌશલ્ય વૃદ્ધિ-સર્વધન અને રોજગારી નિર્માણ માટે આંતરાષ્ટ્રીય કોન્ફરન્સ આ અભિગમને સાકાર કરવા માટે મહત્વનો મંચ પૂરવાર થશે. ICAIના આયોજનમાં સહભાગી સંસ્થાઓના સહયોગને પણ બિરદાવ્યો હતો. ઓસ્ટ્રેલિયા, ફ્રાન્સ, નોર્વે, કેનેડા દેશોની સહભાગીદારીના પાત્ર ઉપયોગી પુરવાર થશે.

વડાપ્રધાનશ્રીના સલાહકાર શ્રી અમિત ખરેએ 'ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમિક ઈન્સ્ટિટ્યૂશન'ના સમાપન અવસરે જણાવ્યું કે, બે દિવસ ચાલેલી ICAI-૨૦૨૨ની આ કોન્ફરન્સમાં જે સેમિનાર, પેનલ ડિસ્કશન યોજાયા તે ભારતને નવી દિશા આપશે. નવી રાષ્ટ્રીય નીતિ -2020 એ ભારતની સૌથી સારી એજ્યુકેશન પોલિસીમાંની એક છે.

આ સમાપન કાર્યક્રમમાં પદ્મશ્રી વિષ્ણુભાઈ પંડયા, ભારત સરકારના શિક્ષણ સચિવ શ્રીમતિ અનિતા કરવાલ, ડાયરેકટર ઓફ ટેકનીકલ એન્ડ હાયર એજ્યુકેશન શ્રી નાગરાજન, શિક્ષણવિદો ઉપસ્થિત રહ્યા હતા. ●

# આત્મનિર્ભર ભારતની સંકલ્પબદ્ધતા સાથે વિકાસના માર્ગે આગળ વધતુ ગુજરાત



ભારતની સૌથી પ્રાચીન નગરી અને સંસ્કૃતિ આધ્યાત્મિકતાનું કેન્દ્ર બિંદુ એટલે કાશી વિશ્વનાથ ધામ. પૌરાણિક નગરી કાશીને આ સંસારની સૌથી પુરાણી નગરી ગણવામાં આવે છે. જેની દિવ્યતા અને ભવ્યતામાં વધારો કરવામાં આવ્યો અને મંદિરનું પુનઃનિર્માણ કરવામાં આવ્યું. આ ભગીરથ કાર્ય દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને દ્રઢ ઈચ્છાશક્તિનાં કારણે શક્ય બન્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને આશીર્વાદ આપવા માટે અમદાવાદમાં યોજાયેલા સમારોહમાં ઉપસ્થિત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, "વડાપ્રધાનશ્રીના કાર્યોથી તેનું પરિણામ પણ જોઈ શકાય છે તે તેઓની સંકલ્પબદ્ધતા છે. ભૂતકાળમાં સાબરમતી નદીના તટે ઝુંપડપટ્ટીઓ હતી, દીર્ઘદ્રષ્ટા તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેની કાયાપલટ કરવાનો નિર્ણય કર્યો અને અહીં જે લોકો રહેતા હતા તેઓ ખુબ જ સારી પરિસ્થિતિમાં રહી શકે તેવી જગ્યાએ શિફ્ટ કરીને આ રિવરફ્રન્ટનું નિર્માણ કર્યું.

**દિવ્ય કાશી, ભવ્ય કાશી સાબરમતીના તટે ભવ્યાતિભવ્ય સમારોહ યોજાયો**

**સમગ્ર રાજ્યમાંથી એક હજાર જેટલા સાધુ સંતો ઉપસ્થિત રહ્યા**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાની કાર્યશૈલીથી દેશ અને દુનિયામાં સાબિત કરી બતાવ્યું છે કે ભારત દરેક આફતને અવસરમાં પલટીને વિકાસ કરી રહ્યું છે મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, છેલ્લા બે વર્ષથી કોવિડ ૧૯ ની મહામારીમાં દેશ અને દુનિયાની અર્થ વ્યવસ્થા ડગી ગઈ છે ત્યારે ભારતની આર્થિક વ્યવસ્થાને વડાપ્રધાનશ્રીએ દૂરંદેશી નીતિથી આત્મનિર્ભર ભારત બનાવવાનો સંકલ્પ આપ્યો. જનભાગીદારીથી એ સંકલ્પની પૂર્તિ થઈ રહી છે. જેમાં ગુજરાત પણ આત્મનિર્ભર ગુજરાત બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. આત્મનિર્ભર ભારતની સંકલ્પબદ્ધતાને ગુજરાત વિકાસની કેડી પર આગળ વધારી રહ્યું છે.

વારાણસીના સાંસદશ્રી અને ભારતના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કાશી વિશ્વનાથ મંદિરનો પુનઃનિર્માણનો સંકલ્પ કર્યો હતો અને તેને સાકાર કરીને લગભગ ૩૦૦ વર્ષ પછી કાશીની કાયાકલ્પ થઈ. ભવ્ય કાશી વિશ્વનાથ કોરિડોરનું નિર્માણ કરીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ૧૩ ડિસેમ્બર ૨૦૨૧ ના રોજ લોકાર્પિત કરવામાં આવ્યું છે. ધર્માચાર્ય આચાર્ય સમારોહ સમિતિના અધ્યક્ષ શ્રી ચૈતન્ય શંભુ મહારાજે જણાવ્યું હતું કે, ધાર્મિક ધરોહર અને સંસ્કૃતિની ગરિમાપૂર્ણ જાળવણી કરવાનું અને સાચવવાનું કામ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી કરી રહ્યા છે. કાશી વિશ્વનાથ કોરિડોરના પુનઃનિર્માણથી ગુજરાતના તમામ સાધુ-સંતોએ આશીર્વાદ વરસાવ્યા છે.

આ પ્રસંગે ઉપસ્થિત મુખ્યમંત્રીશ્રી અને સાધુસંતોએ સાબરમતી નદીની આરતી ઉતારી હતી. આ કાર્યક્રમમાં ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, સાંસદ શ્રી સી.આર.પાટીલ, મધ્યપ્રદેશના સાંસદ શ્રી સુધીર ગુપ્તા, પૂર્વ મંત્રી સર્વશ્રી પ્રદીપસિંહ જાડેજા, શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, રાજ્ય મંત્રીમંડળના તમામ મંત્રીશ્રીઓ, અમદાવાદ મેયર શ્રી કિરીટકુમાર પરમાર, તમામ જ્ઞાતિ, જાતિ, ધર્મ, અને સંપ્રદાયના એક હજાર વધુ ધર્મગુરુઓ, સાધુ - સંતો, ધર્માચાર્યો, આચાર્ય સમિતિના હોદેદારો અને ધર્મ પ્રેમી જનતા વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ●



# રાજકોટને મળી રૂ.200 કરોડથી વધુનાં વિકાસકાર્યોની ભેટ

ભારતના લોકલાડીલા પૂર્વ વડાપ્રધાન સ્વ. શ્રી અટલ બિહારી વાજપેયીના જન્મદિનને સમગ્ર દેશ 'સુશાસન દિવસ' તરીકે ઉજવે છે. સુશાસનના પ્રણેતા અટલજીએ ભારતના વડાપ્રધાન તરીકે ગરીબ ઉત્થાન અને ગ્રામ વિકાસના જે કામો કર્યા હતા તેની અસર આજે પણ વર્તાય છે. કિસાન ક્રેડીટ કાર્ડ, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના જેવી ફ્લેગશિપ યોજનાઓ અટલજીની ભેટ છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પૂર્વ વડાપ્રધાન સ્વ. અટલબિહારી વાજપેયીજીના જન્મદિવસ તા.૨૫મી ડિસેમ્બર રાજ્યભરમાં શરૂ થયેલા 'સુશાસન સપ્તાહ'નું સમાપન સંતો, શુરવીરો અને સખાવતની ભૂમિ રાજકોટ ખાતે પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસના અનેકવિધ જનહિત કાર્યોના લોકાર્પણ-ખાતમુહૂર્તથી કરાવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સ્પષ્ટ મત વ્યકત કર્યો કે, સુશાસનનું લક્ષ્ય જ્યારે અંત્યોદય બને ત્યારે 'ગુડ ગવર્નન્સ -અન ટુ ધી લાસ્ટ' સાકાર થાય છે અને ગુજરાતે આ વાત ચરિતાર્થ કરી છે.

અટલજીના ચિંધેલા રાહ પર ચાલી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના ગ્રામીણ વિકાસ પર વિશેષ ભાર આપ્યો છે. સ્વચ્છતા અભિયાન, શૌચાલય નિર્માણ, ગ્રામીણ આવાસ યોજના, સાંસદ આદર્શ ગ્રામ યોજના જેવી યોજનાથી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગ્રામ વિકાસને નવી દિશા ચિંધી છે. ગુજરાત સરકારે ગ્રામ વિકાસનો જે મહાયજ્ઞ નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં શરૂ કર્યો હતો તે આજે પણ યથાવત છે.

સુશાસન સપ્તાહના સમાપન સમારોહના એક જ દિવસમાં રાજકોટને આંગણેથી પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણના રૂપિયા ૨૧૬ કરોડના ૧૪,૧૪૩ આવાસોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. તો ૧૪,૬૮૦ લાભાર્થીઓને રૂપિયા ૬૧ કરોડની આવાસ બાંધકામ સહાય તેમજ મનરેગાના રૂ. ૧૨૮ કરોડના ૧૭,૮૩૫ કામોના લોકાર્પણ-ખાતમુહૂર્તની ભેટ મળી હતી. આ સાથે, ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ ૨૫ હજાર બહેનોને ૨૪૪૦ સ્વ સહાય જુથો મારફતે રૂપિયા ૧૦ કરોડની કુલ સહાય આપી સ્વાવલંબનથી આત્મનિર્ભરતાનો સુશાસનનો માર્ગ કંડાર્યો છે.

પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના રૂ. ૨૨૭ કરોડના ખર્ચે કુલ ૧૦,૦૪૨ કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્તની ભેટ રાજયના ગ્રામ્ય વિસ્તારોમાં આપી છે. સુશાસન માત્ર ગુજરાતના શહેરો જ નહી પણ ગામડાના લોકો - છેવાડાના માનવી સુધી પહોચ્યું છે.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજકોટવાસીઓએ આપેલા સ્નેહનો ઋણ સ્વીકાર કરી રાજકોટ મહાનગરને નૂતન વર્ષ ૨૦૨૨ની ભેટરૂપે કરોડોના વિકાસ કામોની જાહેરાત કરી હતી. તેમણે રાજકોટ મહાનગરમાં ડ્રેનેજ, સ્ટોર્મ વોટર, ડ્રેનેજ, ફાયર સેફટી સિસ્ટમ, પબ્લિક હેલ્થ




લેબોરેટરી તથા અર્બન મોબિલીટીના ૧૭૦ કામો માટે ૧૮૭ કરોડ રૂપિયા મંજૂર કરવાની સાથે મુખ્યમંત્રી શહેરી સડક યોજનામાં રૂ.૩૦ કરોડના કામો માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી.

તાજેતરમાં ભારત સરકારે જે ગુડ ગવર્નન્સ ઇન્ડેક્સ જાહેર કર્યો તેમાં ગુજરાત પ્રથમ ક્રમે છે. અર્થતંત્ર, માનવ સંસાધન, માળખાકીય સવલતો, સુરક્ષા, સામાજિક કલ્યાણ અને ન્યાય જેવા માપદંડોને આધારે ગુજરાતે દેશના અન્ય રાજ્યો કરતા આગવું ગુડ ગવર્નન્સ પ્રસ્થાપિત કરી બતાવ્યું છે. ગુજરાતનું ગુડ ગવર્નન્સનું આ મોડલ શહેરોની સાથે સાથે ગામડાઓમાં પણ વ્યાપક બન્યું છે. આધુનિક અને સુવિધાસભર ગામડાઓ ગુજરાતની ઓળખ બન્યા છે.

ગુજરાતના ૧૦ હજારથી વધુ ગામડાઓમાં નાણાપંચની ગ્રાન્ટમાંથી થતા તમામ કામોનું આયોજન, ચુકવણી અને સમીક્ષા 'ઇ-ગ્રામ સ્વરાજ પોર્ટલ' મારફતે ઓનલાઇન કરવામાં આવે છે. શહેરની જેમ ગામડાના લોકોને પણ બધી જ યોજના-સુવિધાઓનો લાભ ઓનલાઇન મળી રહે તે માટે ગુજરાતમાં ૧૪ હજાર થી વધુ ગ્રામ પંચાયતોમાં ઇ-ગ્રામ સેન્ટર્સ કાર્યરત કર્યા છે. ઇ-ગ્રામ સેન્ટર્સ પર ૬૦ જેટલી સેવાઓ ઓનલાઇન મળે છે જેને ૨૦૦ સુધી લઇ જવાનો લક્ષ્યાંક છે.

ડિજિટલ ગવર્નન્સના આગવા ઉદાહરણ એવા મનરેગા કન્વર્ઝન્સ પોર્ટલનું અને નવી ચૂંટાયેલી ગ્રામ પંચાયતના સરપંચ અને સદસ્યોની ઓનલાઇન તાલીમનું ઇ-ઉદઘાટન મુખ્યમંત્રીશ્રીએ કર્યુ હતું. તેમણે જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઇ મોદીએ સમરસ ગ્રામ પંચાયતને લોકશાહીની ઉત્તમ પ્રણાલી કહી છે. સામાજિક સમરસતાની સાથે ગામડાઓનું આર્થિક ઉત્થાન પણ થાય તે સરકારની નેમ છે. ગ્રામ પંચાયતોની તાજેતરની ચૂંટણીમાં રાજ્યની ૧૧૮૩ ગ્રામ પંચાયત સમરસ થઇ છે, આમાં ૧૧૬ મહિલા સમરસ ગ્રામ પંચાયતો છે. આવી બધી સમરસ ગ્રામ પંચાયતોને રૂપિયા ૬૩ કરોડનું અનુદાન આપીને આપણે આ ગામોને વિકાસ માટેનો નવો રાહ ચિંધ્યો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશને પી.એમ શહેરી અને ગ્રામીણ આવાસ યોજનાની ભેટ આપી છે. ગુજરાતમાં આ યોજના હેઠળ રેકોર્ડ બ્રેક આવાસ બન્યા છે. ગુજરાતમાં ૨ લાખ ૯૨ હજાર ગ્રામીણ આવાસો આ યોજના હેઠળ બનાવ્યા છે. ૧ લાખ ૩૩ હજાર ગ્રામીણ આવાસોનું બાંધકામ પ્રગતિમાં છે. આવા આવાસોના ૧૪,૬૮૦ લાભાર્થીઓને આવાસ બાંધકામ સહાય આપી છે.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં સૌ પ્રથમ એવી પોર્ટેબલ હોસ્પિટલનું રાજકોટમાં લોકાર્પણ કર્યુ હતું. આ ૧૦૦ બેડની હોસ્પિટલ ઇન્ડો અમેરિકન ફાઉન્ડેશન અને જિલ્લા તંત્રના સહયોગથી ઊભી કરવામાં આવેલી છે. કોરોના સંક્રમણના સમયમાં ગ્રામીણ વિસ્તારોમાં જરૂરિયાત મુજબ તાત્કાલિક ધોરણે આ પ્લગ એન્ડ પ્લે હોસ્પિટલ કાર્યરત થઇ શકશે.

આ પ્રસંગે રાજકોટ ગ્રામીણ વિસ્તારમાં સવા ચાર કરોડના ખર્ચે નિર્મિત ત્રણ નવા માઇનોર બ્રિજ અને ગવર્નમેન્ટ હાયર સેકન્ડરી સ્કૂલ સહિત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરી સુવિધા વધારતા રૂપિયા ૮૨ લાખના વિવિધ વિકાસ કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્તની ભેટ તેમણે આપી હતી.

નવલખી બંદરની માલ પરીવહન ક્ષમતામાં ૭ મિલિયન મેટ્રીક ટનનો વધારો કરતી નવી જેટીનું ભૂમિપૂજન સહિત વિકાસના અવનવા પ્રકલ્પોનું લોકાર્પણ ખાતમુહૂર્ત થયું હતું.

રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સુશાસન સપ્તાહની ઉજવણીનો સમાપન સમારોહ રાજકોટ ખાતે આયોજિત કરવા બદલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ



પટેલનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, દરેક પ્રજાલક્ષી સેવાઓ - યોજનાઓનો લાભ તુરંત રાજ્યના નાગરિકોને પ્રાપ્ત થાય અને પ્રજાની તમામ અપેક્ષાઓ, આકાંક્ષા અને સ્વપ્નાઓ રાજ્ય સરકાર સાકાર કરે એટલે ગુડ ગવર્નન્સ. જયારથી શ્રી નરેન્દ્રભાઇ મોદી દેશના વડાપ્રધાન બન્યા ત્યારથી સમગ્ર દેશમાં પૂર્વ વડાપ્રધાન સ્વ. શ્રી અટલ બિહારી વાજપેયીજીના જન્મ દિવસે સુશાસન દિવસ તરીકે ઉજવાય છે.

રાજકોટના પ્રભારી અને શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણીએ રાજયમાં સુશાસન સપ્તાહ સેવાયજ્ઞમાં જનતાને મળેલા કલ્યાણ લાભોની રૂપરેખા આપી, રાજ્ય સરકારે ત્રણ મહિનામાં ટૂંકાગાળામાં શરૂ કરેલા જનતાની સેવા માટેના અભિયાનોની ઝાંખી આપી હતી.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, અમેરિકન ઇન્ડિયા ફાઉન્ડેશન, માસ્ટર કાર્ડ તથા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પંડિત દીન દયાળ ઉપાધ્યાય હોસ્પિટલ ખાતે કાર્યરત કરાયેલ ૧૦૦ બેડની પોર્ટેબલ હોસ્પિટલનો મુખ્યમંત્રીશ્રી તથા આમંત્રિતોના હસ્તે શુભારંભ કરવામાં આવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે રાજકોટ મહાનગરપાલિકાના રૂ. ૩૩.૭૯ કરોડના કામોનું લોકાર્પણ અને રૂ. ૪૮.૭૦ કરોડના ખાતમુહૂર્ત મળી કુલ રૂ. ૮૨.૪૯ કરોડના પ્રકલ્પોનો શુભારંભ કરાવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીના હસ્તે તાજેતરની ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સમરસ થયેલી ગ્રામ પંચાયતના સરપંચોને પ્રોત્સાહક ગ્રાન્ટના ચેક તેમજ પી.એમ.એ.વાય.ના લાભાર્થીઓને સહાય વિતરણ ઉપરાંત ૧૦૦ ટકા વેક્સિનેશન થયેલા ગામોના સરપંચોનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પંચાયત વિભાગની બેસ્ટ પ્રેક્ટિસ અને ઇ-ગ્રામ ભારત ફાઇબર નેટવર્ક તેમજ જી.એમ.બી.ની વિકાસલક્ષી ફિલ્મનું નિદર્શન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઇ સંઘવી, પંચાયત વિભાગના મંત્રી શ્રી બ્રિજેશકુમાર મેરજા, ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણ, વાહન વ્યવહાર મંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણી, સંસદસભ્ય શ્રી મોહનભાઈ કુંડારિયા તથા શ્રી રામભાઇ મોકરીયા, ધારાસભ્ય સર્વ શ્રી કુંવરજીભાઇ બાવળિયા, જયેશભાઇ રાદડિયા, લાખાભાઈ સાગઠિયા તથા શ્રી ગોવિંદભાઇ પટેલ સહિત વિવિધ પદાધિકારીશ્રીઓ-અધિકારીશ્રીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. ●

## લાઇટ હાઉસ પ્રોજેક્ટની મુલાકાત લઇ લાભાર્થીઓ સાથે સંવાદ કરતા મુખ્યમંત્રીશ્રી





મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજકોટના રૈયા ગામ ખાતે પ્રગતિ હેઠળના ગ્લોબલ હાઉસિંગ ટેકનોલોજી ચેલેન્જ-લાઈટ હાઉસ પ્રોજેક્ટની મુલાકાત લીધી હતી. તેમજ લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. રૈયા સ્માર્ટ સીટીના ટી.પી. સ્કીમ નં ૩૨ માં ૪૫ મી. રોડ પર આ પ્રોજેક્ટ સાકાર થઇ રહ્યો છે. આ આવાસ યોજના સ્માર્ટ સિટી વિસ્તારમાં આવેલ ૩ તળાવો પૈકી એક તળાવ પાસે આવેલું છે, જે આવાસ યોજનાના લાભાર્થીઓ માટે એક નવું નજરાણું બની રહેશે. દરેક આવાસમાં બે રૂમ, લીવીંગ રૂમ, રસોડુ, ટોઇલેટ-બાથરૂમ, વોશિંગ એરિયાની સુવિધા આપવામાં આવનાર છે. આ પ્રોજેક્ટની કામગીરી આશરે માર્ચ-૨૦૨૨ માં પૂર્ણ થશે. આ સાથે, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ફિનલેન્ડથી મંગાવેલા રૂપિયા ૨૦ કરોડની કિંમતના હાઇડ્રોલિક પ્લેટફોર્મ મશીનનું લોકાર્પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે લાઇટ હાઉસના પ્રોજેક્ટની મુલાકાત દરમિયાન કર્યું હતું. આ હાઇડ્રોલિક પ્લેટફોર્મ મશીન દ્વારા ૮૧ મીટર સુધી એટલે કે આશરે ૨૫ માળ સુધીની હાઇરાઇઝ બિલ્ડીંગોમાં રાહત બચાવની કામગીરી કરી શકાશે. મહાનગરપાલિકાના ફાયર વિભાગ હસ્તક આ હાઇડ્રોલિક પ્લેટફોર્મ મશીન રહેશે. ગુજરાતમાં અમદાવાદ પછી રાજકોટમાં આ ફાયર ફાઈટર મશીન વસાવવામાં આવ્યું છે. આમ સૌરાષ્ટ્રમાં આ મશીન સૌ પ્રથમ છે. આ મશીન સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લિમિટેડ યોજના હેઠળ વસાવવામાં આવ્યું છે.

આ પ્રસંગે પ્રભારી મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી, વાહન વ્યવહાર રાજયમંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણી, સાંસદ શ્રી મોહનભાઈ કુંડારીયા અને શ્રી રામભાઇ મોકરિયા, ધારાસભ્ય સર્વશ્રી ગોવિંદભાઈ પટેલ અને લાખાભાઇ સાગઠિયા સહિતના અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# જન જનને થઇ સુશાસનની પ્રતીતિ

**છેવાડાના માનવીને પ્રાથમિક સવલતો મળી રહે તે માટે રાજય સરકાર પ્રતિબધ્ધ છે. વિકાસકાર્યો થકી પ્રજા અને સરકાર વચ્ચે વિશ્વાસનો સેતુ સ્થપાયો છે. ભારતની પ્રગતિમાં ગામડાઓનો સિંહફાળો છે. ગ્રામ્ય વિસ્તારમાં સંગઠન, એકતા અને સૌહાર્દથી સમસ્યાઓનું સાથે મળી નિવારણ લાવવામાં આવે છે. પ્રજા માટે, પ્રજાના હિત માટે તથા પ્રજાલક્ષી શાસન હોવું જોઇએ તેવી સ્વ. અટલજીની ભાવના હતી, આ ભાવનાને ગુજરાત સરકારે સુશાસન સપ્તાહના માધ્યમથી જનતા સુધી પહોંચાડી છે. સુશાસન સપ્તાહનો સમાપન સમારોહ રાજ્યભરમાં ઉજવાયો હતો. જેની આછેરી ઝલક અત્રે પ્રસ્તુત છે...**

## પાટણ જિલ્લાના તમામ ઘરમાં નલ સે જલ



પાટણ જિલ્લામાં સુશાસન સપ્તાહનો સમાપન સમારોહ આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં મંત્રીશ્રીના હસ્તે સમરસ ગ્રામ પંચાયતોને અનુદાન સહિતની સહાયનું વિતરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે આરોગ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દેશની આઝાદી વખતે પૂજ્ય ગાંધીજીએ રામરાજ્યની કલ્પના કરી હતી. અટલજીએ વડાપ્રધાન પદ સંભાળ્યા પછી શાસનમાં ક્રાંતિસ્વરૂપ આમૂલ પરિવર્તન આવ્યું. ગુજરાતના પનોતાપુત્ર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સુશાસનની આ વિભાવનાને સાર્થક કરી પ્રજાકલ્યાણનો પથ કંડાર્યો છે.

પાટણના પ્રજાજનોને અભિનંદન આપતાં મંત્રીશ્રીએ જણાવ્યું કે, નળથી જળ યોજના અંતર્ગત દરેક ઘરને પીવાનું શુદ્ધ પાણી પહોંચતો રાજ્યનો સાતમો જિલ્લો પાટણ બન્યો છે. રાજ્યમાં એક પણ ઘર નળ વગર બાકી ન રહે તેવી વ્યવસ્થા રાજ્ય સરકારે સુનિશ્ચિત કરી છે. આવી અનેક સુવિધાઓ આપવા સાથે નાગરિકોના પ્રશ્નોને વાચા આપી વ્યવસ્થાઓ વધુ સુલભ બનાવી છે. સુશાસન સપ્તાહની ઉજવણી અંતર્ગત મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ સહિતના મહાનુભાવોના હસ્તે પાંચ સમરસ ગ્રામ પંચાયતોને કુલ રૂ.૩૨.૭૫ લાખના અનુદાનનો ચેક, પાંચ પાણી સમિતિઓને રૂ.૧૮.૦૩ લાખના અનુદાનના ચેકનું વિતરણ કરવામાં આવ્યું.

## જૂનાગઢ કોરોના રસીકરણમાં પ્રથમ

સુશાસન સપ્તાહ ઉજવણીના અંતિમ દિવસે જૂનાગઢ કૃષિ યુનિ. માં કૃષિ, પશુપાલન અને ગૌસંવર્ધન મંત્રી શ્રી રાઘવજીભાઇ



પટેલના અધ્યક્ષસ્થાને સમરસ ગ્રામ પંચાયતના સરપંચશ્રીઓને અનુદાન અને પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું સુશાસન એટલે લોકપ્રિય, લોકોઉપયોગી શાસન. જૂનાગઢ જિલ્લા વહીવટીતંત્રએ સુશાસનનો ઉતમ નમૂનો પુરો પાડ્યો છે. મંત્રીશ્રીએ આ તકે જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા શરૂ કરવામા આવેલી પિંક કાર્ડને યોજના બીરદાવી હતી. સાથે જ કોરોના વિરૂધ્ધ રસીકરણ કામગીરીમાં રાજ્યભરમાં જૂનાગઢ જિલ્લો પ્રથમ ક્રમે છે તેની સરાહના કરી જિલ્લા વહીવટીતંત્રની કામગીરીને બિરદાવી હતી.

## નવસારી જિલ્લાને ૫૪૬ વિકાસકામોની ભેટ

નવસારી જિલ્લાના સામાપોર ખાતે આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઇ પટેલના અધ્યક્ષસ્થાને પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને આવાસની ચાવી અર્પણ અને સહાય



ચુકવણી હુકમો એનાયત તેમજ જિલ્લાની સમરસ ગ્રામ પંચાયતોના સરપંચશ્રીઓનો સન્માનિત કરવાનો જિલ્લાકક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો. મંત્રીશ્રીએ સમરસ ગ્રામ પંચાયત યોજનાનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા સમરસ ગ્રામ પંચાયતને પ્રોત્સાહન આપવાના પરિણામે નવસારી જિલ્લામાં ૩૫ ગ્રામ પંચાયતો સમરસ બની છે.

આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઇ પટેલના હસ્તે સુશાસન સપ્તાહના સમાપન દિન નિમિત્તે જિલ્લામાં કુલ રૂ.૬.૭૦ કરોડના ૩૯૨ કામોનું ખાતમુહૂર્ત તેમજ રૂ.૯.૭૭ કરોડનાના ૧૫૪ કામોનું લોકાર્પણ સહિત કુલ રૂ. ૧૬.૪૭ કરોડના કુલ ૫૪૬ વિકાસકામોની ભેટ આપાઇ હતી. ઉપરાંત જિલ્લાની ૩૫ સમરસ ગ્રામ પંચાયતોના સરપંચશ્રીઓને અનુદાન તથા સન્માનપત્ર આપી સન્માનિત કરાયા હતાં.

## સરકારે પાયાની સુવિધાઓ ઊભી કરી



ખેડા જિલ્લામાં સુશાસન સપ્તાહનો સમાપન સમારોહ સામાજિક અને ન્યાય અધિકારિતા મંત્રી શ્રી પ્રદીપભાઇ પરમારની ઉપસ્થિતિમાં યોજાયો હતો. મંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે, ગુજરાતની પ્રજાને વિકાસની ધારા અર્પણ કરી છે. ગુજરાતના ગામડાઓ સ્વચ્છ અને સ્વસ્થ બને અને આપણા ગામડાઓ દેશની મુખ્ય ધારામાં પહોંચે તેવા સુંદર કામ સરકાર કરી રહી છે.

વિધાનસભાના મુખ્યદંડક શ્રી પંકજભાઇ દેસાઇએ જણાવ્યું હતુ કે, સરકાર દ્વારા કરાયેલા વિકાસની પ્રતીતિનો પ્રજા તરફથી ખુબ સારો આવકાર અને પ્રતિસાદ મળ્યો છે. આપણી સરકાર વિકાસને વરેલી સરકાર છે. સરકારે પ્રજાલક્ષી પાયાની સગવડો પૂરી પાડવાનું કામ કર્યું છે. ગ્રામ્ય વિસ્તારમાં પરસ્પર સદ્ભાવ રહે, એકતા જળવાય અને ગામડાનો સર્વાંગી વિકાસ થાય તે માટે તીર્થગ્રામ યોજનાનો ખાસ લાભ આપવામાં આવે છે.

## રાજ્ય સરકાર દ્વારા વિકાસલક્ષી યોજનાઓ અમલી



વડોદરામાં આદિજાતિ વિકાસ અને આરોગ્ય પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી શ્રીમતી નિમિષાબહેન સુથારે સુશાસન સપ્તાહ કાર્યક્રમ અંતર્ગત ગ્રામ અને પંચાયત દિનનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે, ગ્રામ્ય વિસ્તારમાં શહેરી સુવિધા મળી રહે તેવા વિકાસ કાર્યો રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવ્યા છે. વિકાસકાર્યો થકી પ્રજા અને સરકાર વચ્ચે વિશ્વાસનો સેતુ સ્થપાયો છે. ભારતની પ્રગતિમાં ગામડાઓનો સિંહફાળો છે. ગ્રામ્ય વિસ્તારમાં સંગઠન, એકતા અને સૌહાર્દથી સમસ્યાઓનું સાથે મળી નિવારણ લાવવામાં આવે છે. રાજ્યમંત્રી શ્રીમતી નિમિષાબહેન સુથારના હસ્તે ગ્રામ અને પંચાયત સુશાસન દિન નિમિત્તે જિલ્લામાં કુલ રૂ. ૯.૭૦ કરોડથી વધુના કુલ ૮૪૯ કામોનું ખાતમુહૂર્ત તેમજ રૂ. ૪.૮૪ કરોડથી વધુના કુલ ૩૬૯ કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું. ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન શ્રી મધુભાઈ શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, છેવાડાના વિસ્તારમાં આદિવાસી જાતિ સહિતના લાભાર્થીઓને વિવિધ સહાયનો લાભ રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવ્યો છે.

## ગામડાઓનો સમતોલ વિકાસ કરવા સરકાર પ્રતિબદ્ધ

મહેસાણા જિલ્લા કક્ષાના સુશાસન સપ્તાહના અંતિમ દિવસે ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્ય મંત્રી ડો કુબેરભાઇ ડીંડોરે જણાવ્યું હતું કે, વિકાસના ફળ છેવાડાના માનવી સુધી પહોંચાડી સ્વચ્છ,



સુંદર અને આત્મનિર્ભર ભારતનું નિર્માણ કરવા સરકાર કટિબધ્ધ બની છે. કન્યા કેળવણી, કૃષિ મહોત્સવ, ગરીબ કલ્યાણ, ગુણોત્સવ સહિત અનેક સામાજિક અભિયાનો થકી ગામડાઓમાં આમૂલ પરિવર્તન આવ્યુ છે

રાજ્યના ગામડાઓનો સમતોલ વિકાસ થાય તે દિશામાં નાણાંપંચની ગ્રાન્ટ આપી સરપંચોને સન્માન આપવાનું કાર્ય સરકારે કર્યું છે. ગામડાને શહેરો સમકક્ષ મુખ્યધારામાં આવે તે દિશામાં ગામડાઓનો વિકાસ થઇ રહ્યો છે તેમ જણાવી સેવાની સુવાસ વર્ષો સુધી મહેકતી રહે તેવા કાર્યો કરવાં નવનિયુક્ત સરપંચોને અનુરોધ કર્યો હતો.

મંત્રીશ્રી તેમજ મહાનુભાવોના હસ્તે નાણાપંચના 105 નવીન કામોની મંજુરી સહિત, 57 આવાસ યોજના અને 186 મનરેગાના કમો મળી કુલ રૂ 851.82 લાખના ખર્ચે 854 કામોના ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત નવા પંચાયત ઘર, આવાસ યોજનાઓ અને મનરેગાના વિકાસ કામોના લોકાર્પણ કરવામાં આવ્યા હતા.

## મોરબી જિલ્લાના સમરસ પંચાયતોના સરપંચોને સન્માનિત કરાયા



મોરબીમાં પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ રાજય મંત્રી શ્રી કીર્તિસિંહ વાઘેલાના અધ્યક્ષ સ્થાને પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને આવાસની ચાવી અર્પણ અને સહાય ચુકવણી હુકમો એનાયત તેમજ જિલ્લાની સમરસ ગ્રામ પંચાયતોના સરપંચશ્રીઓનો સન્માનિત કરવાનો જિલ્લાકક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગામડાઓનો શહેરી વિસ્તાર જેવો વિકાસ થાય અને છેવાડાના નાગરિકને પૂરતી પ્રાથમિક સવલતો મળી રહે તેવી રાજય સરકારની નેમ છે. તેમણે વધુમાં ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને શહેરીજનો જેવી જ રસ્તા, વીજળી, ગટર, પાણી, શિક્ષણ અને આરોગ્યની તમામ પ્રકારની આધુનિક માળખાકીય સુવિધાઓ મળતી થઈ છે.

રાજયમંત્રીશ્રીએ સમરસ ગ્રામ પંચાયત યોજનાનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, મોરબી જિલ્લામાં ૭૧ ગ્રામ પંચાયતો સમરસ બની છે તે તમામ અભિનંદનને પાત્ર છે. મંત્રીશ્રી તથા મહાનુભાવોના હસ્તે પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને મકાનની ચાવી અને મકાન સહાયના હુકમો એનાયત કરાયા હતાં. ઉપરાંત જિલ્લાની ૭૧ સમરસ ગ્રામ પંચાયતોના સરપંચશ્રીઓને રોકડ અનુદાન તથા સન્માનપત્ર આપી સન્માનિત કરાયા હતાં.

## સુશાસન દ્વારા સરકાર લોકો સુધી પહોંચી



અમરેલીમાં રાજ્યના અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહક સુરક્ષાની બાબતો વિભાગના રાજ્ય કક્ષાના મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ પરમારની અધ્યક્ષતામાં સુશાસન દિવસનો સમાપન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ પરમારે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને વિકાસના પંથે ગતિશીલ બનાવ્યું અને તબક્કાવાર ગુજરાતના મુખ્યમંત્રીશ્રીઓએ ગુજરાતની વિકાસની ગતિને વેગ આપ્યો છે. સુશાસનના માધ્યમથી સરકાર આપણા દ્વારે આવી છે. મંત્રીશ્રીએ ગામડાઓમાં પાણી અને ગટરના કામોને વધુ પ્રાધાન્ય આપવા નવનિયુક્ત સરપંચશ્રીઓને અપીલ કરી હતી. મંત્રીશ્રીએ તમામ લાભાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી રાજ્ય સરકારની વિવિધ યોજનાઓનો વધુમાં વધુ લાભ લેવા તાકીદ કરી હતી.

મહાનુભાવોના હસ્તે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી હેઠળની પ્રધાનમંત્રી આવાસ યોજનાના આવાસોના ખાતમુહૂર્તના વર્ક ઓર્ડર, આવાસના બીજા હપ્તાની ચૂકવણીના હુકમો, પ્રતીકરૂપે ચાવીનું વિતરણ કરી આવાસોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ૯૪.૬૬ લાખના ખર્ચે નવનિર્મિત જિલ્લાની ૭ ગ્રામ પંચાયતના મકાનોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. તેમજ ગ્રામ પંચાયતોમાં ૧૫માં નાણાપંચના ૧૭૮.૭૫ લાખના ૬૮ કામોનું ખાતમુહૂર્ત અને ૩૨૧.૩૭ લાખના ૧૧૮ કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. તેમજ મનરેગા અંતર્ગત કરવામાં આવેલા ૧૫.૪૭ લાખના ૬૪ કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ●

# જૂનાગઢમાં ડો.સુભાષ આયુર્વેદિક અને જનરલ હોસ્પિટલનું લોકાર્પણ

હાલની કોરોનાની વૈશ્વિક મહામારીમાં રોગ પ્રતિકારક શક્તિ વધારવા ભારતીય પ્રાચીન આયુર્વેદ ચિકિત્સા શ્રેષ્ઠ વિકલ્પ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં સૌ પ્રથમ વખત આયુષ મંત્રાલયની સ્થાપના કરી ભારતીય આયુર્વેદ પરંપરાને ઉજાગર કરી છે. આ પરંપરાને આગળ ધપાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જૂનાગઢમાં ડૉ.સુભાષ આયુર્વેદ અને જનરલ હોસ્પિટલનું લોકાર્પણ કર્યુ હતું.




જૂનાગઢમાં ખામધ્રોળ રોડ પાસે ડો.સુભાષ એકેડેમી નજીક નવા કેમ્પસમાં આ હોસ્પિટલ બનાવવામાં આવી છે. મુખ્યમંત્રીશ્રીએ હોસ્પિટલની મુલાકાત લઈ વિવિધ વિભાગોનું નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે માણાવદર વિસ્તારના ધારાસભ્ય શ્રી જવાહરભાઈ ચાવડા પણ ઉપસ્થિત રહ્યાં હતા.




હોસ્પિટલમાં કાયાચિકિત્સા (જનરલ વિભાગ), શલ્ય તંત્ર (સર્જરી વિભાગ), બાળરોગ વિભાગ, સ્ત્રીરોગ અને પ્રસૂતિ વિભાગ, પંચકર્મ વિભાગ, શાલક્યતંત્ર (ઈ.એન.ટી. વિભાગ, સ્વસ્થવૃત અને યોગા વિભાગ, ફીઝીયોથેરાપી વિભાગ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ છે.

દર્દીઓ માટે ૧૦૦ બેડની દાખલ થવાની સુવિધા ઉપરાંત અત્યાધુનિક ઓપરેશન થીયેટર તથા સ્ત્રી પ્રસૂતિ વિભાગ, સ્ત્રી અને પુરુષ માટે અલગ-અલગ દાખલ વિભાગ અને પંચકર્મ વિભાગ પણ છે. ઈમરજન્સી સારવાર તથા એમ્બ્યુલન્સ, લેબોરેટરી અને બાળકો માટે સુવર્ણપ્રાશનની સુવિધા છે.

ડૉ. સુભાષ આયુર્વેદિક અને જનરલ હોસ્પિટલમાં ઉપરોક્ત તમામ પ્રકારના નિદાન તથા સારવાર અને દવા નિઃશુલ્ક આપવામાં આવે છે. આયુર્વેદ હોસ્પિટલ અત્યાધુનિક સાધનસામગ્રીથી સુસજ્જ છે. જેમાં, પંચકર્મના બધા જ કર્મો માટેના આધુનિક સાધનો ઉપલબ્ધ છે. બધા જ વિભાગમાં નિષ્ણાત ડૉક્ટર (એમ.ડી.) સેવા આપે છે.આ હોસ્પિટલના અદ્યતન બિલ્ડિંગના લોકાર્પણ કાર્યક્રમમાં સાંસદ શ્રી સી. આર. પાટીલ, વાહન વ્યવહાર રાજ્ય મંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણી, રાજ્ય મંત્રી શ્રી દેવાભાઈ માલમ, સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમા સહિતના અગ્રણી જોડાયા હતા. ડો. સુભાષ આયુર્વેદ અને જનરલ હોસ્પિટલ શરૂ કરાતા આ વિસ્તારના લોકોને આરોગ્ય સેવા મળવાની સાથે અટલ આરોગ્ય રથ થકી જન-જન સુધી શુશ્રુષા થશે. આ તકે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ નવસારીના સાંસદશ્રી સી.આર.પાટીલની ઔષધિ તુલા કરવામાં આવી હતી.

આ પ્રસંગે આઈપીએસ શ્રી વિવેક ભેડા, પોલીસ વિભાગમાં ઉત્તમ કામગીરી બદલ રાષ્ટ્રપતિ મેડલ વિજેતા નારણભાઈ પંપાણિયા, ડો.સુભાષ એકેડેમીની વિદ્યાર્થિની જીપીએસસીમાં ઉત્તીર્ણ થનાર માધવીબેન હુંબલ, ફિઝિશિયન, કાર્ડિયોલોજિસ્ટ અને ડાયાબિટોલોજીસ્ટએ ડો.અંકિત કાતરીયા તેમજ માત્ર ૭ વર્ષની ઉંમરે બે દિવસમાં ૧૨૫૦૦ ફુટ કેદાર કાંઠા શિખર કરનાર મૃણાલ આંબલીયાનું મુખ્યમંત્રીશ્રી તથા અન્ય મહાનુભાવોના હસ્તે સન્માન કરાયું હતું. ●

## જૂનાગઢમાં ત્રિમંદિરના દર્શન કરતા મુખ્યમંત્રીશ્રી

*મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જૂનાગઢના બાયપાસ રોડ સ્થિત દાદા ભગવાન ફાઉન્ડેશન અડાલજ નિર્મિત શ્રી ત્રિમંદિરના શ્રદ્ધાપૂર્વક દર્શન કર્યા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ જૂનાગઢમાં ડો.સુભાષ આયુર્વેદ અને જનરલ હોસ્પિટલના લોકાર્પણ પ્રસંગે આવ્યા હતા. આ કાર્યક્રમમાં સહભાગી થયા બાદ મુખ્યમંત્રીશ્રી નવનિર્મિત ત્રિમંદિરના દર્શને પહોંચ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ શિવજી, શ્રીકૃષ્ણ અને તીર્થંકર ભગવાન સીમંધર સ્વામીના ભાવપૂર્વક દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે પ્રવાસન રાજ્યમંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણી, જૂનાગઢના મેયર શ્રી ધીરૂભાઈ ગોહિલ, સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમા, પદાધિકારીઓ તેમજ દાદા ભગવાન ફાઉન્ડેશન પરિવારના સભ્યો જોડાયા હતા.*

## રાજ્યના ત્રણ શહેરોની છ ટાઉન પ્લાનિંગ સ્કીમને મંજૂરી

શહેરોના સર્વાંગી વિકાસ માટે ગુજરાત સરકાર પ્રતિબદ્ધ છે. ભવિષ્યમાં થનારા શહેરોના વ્યાપને ધ્યાને લઈને ગુજરાત સરકારે ટીપી અને ડીપી પ્લાનોને મંજૂરી આપી છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદની એક પ્રિલિમિનરી ટીપી સ્કીમ - બે ફાઈનલ ટીપી સ્કીમ, સુરતની એક પ્રિલિમિનરી ટીપી સ્કીમ - એક ફાઈનલ ટીપી સ્કીમ અને વડોદરાની એક ડ્રાફ્ટ ટીપી સ્કીમને મંજૂરી આપી છે. મુખ્યમંત્રીશ્રીએ મંજુર કરેલી બે પ્રિલિમિનરી ટીપી સ્કીમમાં અમદાવાદમાં ઔડા અંતર્ગત ટીપી સ્કીમ નં. ૪૨૯ (ગોધાવી-મણીપુર) અને સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીપી સ્કીમ નં. ૭૧ (વડોદ) નો સમાવેશ થાય છે. મુખ્યમંત્રીશ્રીએ મંજૂર કરેલી એક ડ્રાફ્ટ ટીપી સ્કીમમાં વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની ટીપી સ્કીમ નં. ૪૩ (ઉંડેરા-અંકોડીયા)નો સમાવેશ થાય છે.

મુખ્યમંત્રીશ્રીએ જે ત્રણ ફાઇનલ ટીપી સ્કિમ મંજૂર કરી છે તેમાં સુરતની ટીપી સ્કિમ નં. ૨૬ (સિંગણાપોર) અને અમદાવાદની ટીપી સ્કિમ નં. ૪-એ(સાણંદ) તેમજ સ્કિમ નં. ૯૪(હાથીજણ-રોપડા) છે. વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની ડ્રાફ્ટ ટીપી સ્કીમ નં. ૪૩ મંજૂર થવાથી ૨૨.૧૮ હેક્ટર જમીન, અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની પ્રિલિમિનરી ટીપી સ્કીમ નં. ૪૨૯ મંજૂર થવાથી ૫૫.૪૭ હેક્ટર જમીન અને સુરત મ.ન.પા.ની પ્રિલિમિનરી ટીપી સ્કિમ નં. ૭૧ મંજૂર થવાથી ૧૫.૮૩ હેક્ટર જમીન સંપ્રાપ્ત થશે.મુખ્યમંત્રીશ્રીએ આ ટાઉન પ્લાનિંગ સ્કીમોની મંજૂરી આપતા સંપ્રાપ્ત જમીન પર સામાજિક અને આર્થિક રીતે નબળા વર્ગના લોકોના રહેઠાણ, ખુલ્લી જગ્યા, બાગ-બગીચાનું નિર્માણ થઇ શકશે. ●

## ભાવનગરના વિકાસ કામો માટે રૂ.૧૦૪ કરોડની ફાળવણી



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ભાવનગર મહાનગરપાલિકાને વિવિધ વિકાસ કામો માટે ૧૦૪.૦૬ કરોડ રૂપિયાની ફાળવણી માટે મંજૂરી આપી છે. ભાવનગર મહાપાલિકાએ આ કામો માટે શહેરી વિકાસ વિભાગને કરેલી દરખાસ્તોને મુખ્યમંત્રીશ્રીએ સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

મુખ્યમંત્રીશ્રીએ ભાવનગર મહાનગરપાલિકામાં રસ્તાઓના આર.સી.સી કામો, પેવર તથા રિકાર્પેટ કરવાના અને પેવીંગ બ્લોક નાખવાના કામો સાથોસાથ ભારે વરસાદથી ક્ષતિગ્રસ્ત થયેલા માર્ગોના રિપેરીંગ એમ કુલ ૭ કામો માટે મુખ્યમંત્રી શહેરી સડક યોજનામાંથી રૂ. ૧૧.૫૩ કરોડની ફાળવણી માટે અનુમોદન આપ્યું છે. ભાવનગર મહાનગરના આઉટગ્રોથ વિસ્તારોના ૧૩ જેટલા માર્ગોના કામો માટે રૂ. ૧૦.૦૭ કરોડ ફાળવવાની પણ મુખ્યમંત્રીશ્રીએ સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

એટલું જ નહિ, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ભૌતિક આંતરમાળખાકીય સુવિધાના ૬૪ કામો જેમાં પાણી પુરવઠા, શહેરી પરિવહન, પેવર રોડ વગેરે માટે અને સામાજિક માળખાકીય સુવિધાઓના ૨૦ કામો માટે એમ કુલ ૮૪ વિકાસ કામો માટે કુલ ૮૨.૪૬ કરોડ રૂપિયા ફાળવવાની પણ તેમણે મંજૂરી આપી છે. આ વિકાસ કામોનો સમગ્ર ભાવનગર મહાનગરની ૬ લાખથી વધુ જનસંખ્યાને લાભ મળશે. ●

## વન્યપ્રાણીઓના હુમલાથી થતા મૃત્યુ-ઈજા સંદર્ભે અપાતી સહાયમાં વધારો

રાજયમાં વન તથા અભયારણ્ય અને તેની નજીકના વિસ્તારમાં વન્યપ્રાણીઓના હુમલાથી માનવ મૃત્યુ-ઈજા તથા પશુ મૃત્યુની ઘટનાઓ બનતી હોય છે. આવા કિસ્સાઓમાં નાગરિકોને ચૂકવાતા વળતર-સહાયના દરોમાં રાજય સરકારે નોંધપાત્ર સુધારો કરી નવા દરો નિયત કર્યા છે. રાજ્યના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા વન્યપ્રાણીઓના હુમલાથી માનવ મૃત્યુ/ઈજા તથા પશુ મૃત્યુના પ્રસંગોએ રાજય સરકાર દ્વારા માનવ મૃત્યુના કિસ્સામાં પ્રત્યેક વ્યક્તિ દીઠ પહેલાં રૂ. ૪ લાખની સહાય અપાતી હતી તે હવે રૂ. ૫ લાખની સહાય ચૂકવાશે. એ જ રીતે માનવ ઈજા સંદર્ભે ૪૦ ટકાથી ૬૦ ટકા અપંગતા હોય તેવા કિસ્સામાં રૂ. ૫૯,૧૦૦ને બદલે હવે રૂ. ૧ લાખની સહાય અપાશે. ૬૦ ટકાથી વધુ અપંગતા હોય તો રૂ.૨ લાખની અને ૩ દિવસ અથવા તેથી વધુ સમય ઈજા પામેલ વ્યક્તિ હોસ્પિટલમાં દાખલ રહે તો પહેલા સહાય આપવામાં આવતી નહોતી તેના બદલે હવે રૂ. ૧૦ હજારની સહાય ચૂકવાશે.

આ ઉપરાંત દૂધાળા પશુઓ માટે પણ પ્રત્યેક પશુદીઠ મૃત્યુ સહાયના નવા દરો નિયત કરાયા છે જે અંતર્ગત ગાય/ભેંસ માટે રૂ. ૩૦ હજારના બદલે હવે રૂ. ૫૦ હજાર, ઊંટ માટે રૂ. ૩૦ હજારના બદલે રૂ. ૪૦ હજાર, ઘેટાં/બકરા માટે રૂ. ૩ હજારના બદલે રૂ. ૫ હજારની સહાય તથા બિન દૂધાળા પશુઓમાં ઊંટ ઘોડા/બળદ માટે રૂ. ૨૫ હજાર તથા રેલ્લો (પાડો-પાડી), ગાયની વાછરડી/ ગધેડો/પોની વગેરે માટે રૂ.૧૬ હજારના બદલે રૂ. ૨૦ હજારની સહાય ચૂકવાશે. ●

# દરિયા કિનારાના પ્રવાસન સ્થળોના વિકાસ માટે કોસ્ટલ હાઇવે વિકસાવાશે

રાજ્યની વિકાસયાત્રા અવિરતપણે ચાલુ રહે અને જનસુખાકારીના લાભો નાગરિકોને સત્વરે મળે એ માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ અનેકવિધ વિકાસકામો હાથ ધરાઇ રહ્યા છે. જેના ભાગરૂપે દરિયાકિનારાના પ્રવાસન સ્થળોની ટુરિસ્ટ સર્કિટ વિકસે અને નાગરિકોને તેનો લાભ મળે એ માટે અંદાજે રૂ. ૨,૪૪૦ કરોડના ખર્ચે કોસ્ટલ હાઈવેનું નિર્માણ કરાશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલા નિર્ણયોની વિગતો આપતા પ્રવક્તા મંત્રી શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણીએ જણાવ્યું હતુ કે, કોરોનાના કપરાકાળમાં પણ રાજ્ય સરકારની અસરકારક કામગીરીના પરિણામે વિકાસયાત્રાને અટકવા દીધી નથી.



રાજ્યમાં આવેલ ૧,૬૦૦ કિ.મી.ના દરિયાકાંઠાના નાગરિકોને માળખાગત સવલતોનો લાભ મળે અને પ્રવાસન સ્થળો વિકસે એ માટે ઉભરાટ, તિથલ, ચોરવાડને સાંકળતો વ્યૂહાત્મક કોસ્ટલ હાઈ-વે ૧૩૫ કિ.મી.ની નવી લિંક સાથે વિકસાવાશે. જેમાં ખાસ કરીને ભાવનગર-સૌરાષ્ટ્ર તરફના ટ્રાફિક અત્યારે બોરસદ, તારાપુર, વટામણ ચોકડી, ધોલેરા થઈને ભાવનગર જાય છે તેના સ્થાને ખંભાત, કામતલાવ, આંબલી, પાટીયા સુધીની નવી લિંક બનાવાશે. જેનાથી ભાવનગર-સૌરાષ્ટ્ર જતો ટ્રાફિક વટામણ ચોકડી સુધી જવાના બદલે આ નવી લિંકનો ઉપયોગ કરીને જશે જેનાથી ૭૦ થી ૮૦ કિ.મી. અંતર ઘટશે. આ કોસ્ટલ હાઈવે નિર્માણ થશે તેમાં ભીલાડથી વલસાડ, વલસાડથી નવસારી, નવસારીથી સુરત, સુરતથી ભરૂચ અને ભરૂચથી ખંભાતના દરિયાકિનારાને સાંકળીને બનાવાશે. આ કોસ્ટલ હાઈવેના નિર્માણ માટે સૌરાષ્ટ્ર તથા દક્ષિણ ગુજરાતના સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ તથા સ્થાનિક આગેવાનો દ્વારા રજૂઆતો થતાં આ મહત્વનો નિર્ણય કરાયો છે.

**ઉભરાટ, તિથલ, ચોરવાડને સાંકળતો વ્યૂહાત્મક ૧૩૫ કિ.મી.નો કોસ્ટલ હાઇવે નવી લીંક સાથે નિર્માણ પામશે**

ડાંગના પ્રખ્યાત શબરીધામને સ્ટેચ્યૂ ઓફ યુનિટી સાથે જોડવા માટે અંદાજે રૂા.૧,૬૭૦ કરોડના ખર્ચે અંદાજિત ૨૧૮ કિ.મી.નો નવો કોરિડોર વિકસાવવાનો પણ રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

રાજ્યની પ્રજાની સુખાકારીને ધ્યાને લઈને વધુ સારી પરિવહન સેવાઓ આપવા માટે મુખ્યમંત્રીશ્રીએ ચાલુ વર્ષે વધુ ૧૦૦૦ નવી બસો ખરીદવાનો પ્રજાલક્ષી નિર્ણય કર્યો છે જેમાં ગ્રામ્ય રૂટ માટે બાવન બેઠકની ક્ષમતા ધરાવતી AIS-052 નોર્મ્સ વાળી આકર્ષક લુક વાળી કુલ ૫૦૦ સુપર એક્સપ્રેસ બસો ફાળવવામાં આવશે. આ ઉપરાંત બેઠક દીઠ મોબાઈલ ચાર્જર, રીડિંગ લાઈટ, બોટલ હોલ્ડર, મેગેઝિન પાઉચની આધુનિક સગવડ ધરાવતી ૨x૨ની ૪૧ બેઠકોવાળી ૩૦૦ લક્ઝરી બસો ફાળવવામાં આવશે. જ્યારે રાત્રિ મુસાફરી કરનાર વર્ગને ધ્યાને રાખીને AIS-119 નોર્મ્સ મુજબની આકર્ષક લુકવાળી ૨૦૦ સ્લીપર કોચ બસો મળી ગુજરાતમાં કુલ ૧,૦૦૦ બસો ફાળવવામાં આવશે તેમ પણ મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું.

મોટી કોરલ-નારેશ્વર નજીક નર્મદા નદી પર એક નવો પુલ અંદાજિત રૂ. ૩૦૦ કરોડના ખર્ચે બનાવી કરજણ-નારેશ્વર-મોટી કોરલ-ભાલોદ-નેત્રંગ-માંડવીનો એક નવો કોરીડોર નિર્માણ કરવામાં આવશે. જેનો લાભ દક્ષિણ ગુજરાતની તાપી, સાપુતારા તેમજ મહારાષ્ટ્ર તરફ જતાં વાહનો કે અત્યારે નેશનલ હાઈવે પર વાયા સુરત/ચીખલી જવાને બદલે આ રસ્તાનો ઉપયોગ કરીને ઝડપથી પોતાના ગંતવ્યસ્થાને પહોંચી શકાશે. તેમજ સાપુતારા પ્રવાસન સ્થળનો પણ લોકો લાભ લઈ શકશે.

નેશનલ હાઈવે-૮ પર ખાસ કરીને વડોદરા-સુરત નજીક ઉભેણ ગામ પાસે થતી ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે ઉભેણ ખાતે અંદાજે રૂ. ૨૭ કરોડના ખર્ચે એક નવો પુલ તેમજ સર્વિસ રોડ બનાવવામાં આવશે. જેનાથી આ સ્થળે ટ્રાફિક જામની સમસ્યામાંથી લોકોને રાહત મળી શકશે.

રાજ્યના નાગરિકોએ વ્યક્તિગત કામો તથા સામૂહિક વિકાસના કામો સત્વરે પૂરા પાડવા માટે આગામી અંદાજપત્ર તૈયાર કરવા મુખ્યમંત્રીશ્રી દ્વારા ખાસ ધ્યાન કેન્દ્રીત કરાયુ છે ત્યારે આ મુજબનું બજેટ તૈયાર કરવા સમગ્ર વહીવટીતંત્રને સૂચનાઓ આપી દેવાઈ છે. નાણામંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને અંદાજપત્ર તૈયાર કરવા માટે બેઠકોનું પણ આયોજન થઈ રહ્યુ છે. જેમાં લાંબાગાળાના તથા ટૂંકાગાળાના કામો આયોજિત કરવા પર ભાર મૂકાશે. રાજ્યના અર્થતંત્રને વેગવાન બનાવવા માટે વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના ભાગરૂપે અત્યાર સુધીમાં જે MOU થયા છે તે તમામ પ્રોજેક્ટ સત્વરે કાર્યાન્વિત થાય એ માટે રાજ્ય સરકાર દ્વારા અસરકારક કામગીરી કરાશે.

આ ઉપરાંત મંત્રીશ્રીએ કહ્યુ હતું કે, કોરોનામાં લોકોને વ્યક્તિગત લાભો અને સરકારી યોજનાઓના લાભો સતત મળતા રહે તેમજ વિકાસ કામો અટકે નહી તેવી તાકીદ પણ મુખ્યમંત્રીશ્રીએ વહીવટીતંત્રને કરી છે. હાલમાં ચાલી રહેલા સેવાસેતુ કાર્યક્રમમાં ૪૦ લાખ અરજીઓમાંથી ૯૯.૯૯ ટકા અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. ●

## પોલિટેકનિકમાં ડિપ્લોમા ઈન ઇન્ફ. એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજીના અભ્યાસક્રમનો પ્રારંભ

ગુજરાતના પનોતાપુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ડિજિટલ ભારતનો સંકલ્પ કર્યો છે. સંકલ્પને પૂર્ણ કરવાની દિશામાં આગળ વધતા તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યના યુવાધનના હિતમાં શિક્ષણ વિભાગે આઠ સરકારી પોલિટેકનિક ખાતે ડિપ્લોમા ઈન ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજીનો નવો અભ્યાસક્રમ શરૂ કરવાનો મહત્વનો નિર્ણય લીધો છે.

આ અંગે શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યુ હતુ કે, આ આઠ પોલિટેકનિકમાં સરકારી પોલિટેકનિક-વડનગર, ડો.જે.એમ.મહેતા પોલિટેકનિક-અમરેલી, એલ.ઈ.કોલેજ (ડિપ્લોમા)-મોરબી, એ.વી.પી.ટી.આઈ. રાજકોટ, સરકારી પોલિટેકનિક-પાલનપુર ઉપરાંત કન્યાઓ માટેની સરકારી પોલિટેકનિક સુરત, સરકારી પોલિટેકનિક-ગાંધીનગર અને કન્યાઓ માટેની સરકારી પોલિટેકનિક અમદાવાદનો સમાવેશ કરવામાં આવ્યો છે. સરકારી નોકરીમાં ભરતી માટે દિવ્યાંગતાની ટકાવારી ૩ ટકાથી વધારી ૪ ટકા કરવામાં આવી છે. વિદ્યાસહાયક/પ્રાથમિક શિક્ષકની જગ્યાઓની ભરતી માટે તેને સંલગ્ન જરૂરી વહિવટી પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે. હવે ધો.૧ થી ૫ માટે ૧૩૦૦ વિદ્યાસહાયક અને ધો.૬ થી ૮ માટે ૨ હજાર વિદ્યાસહાયક મળી કુલ ૩૩૦૦ વિદ્યાસહાયકોની ભરતી ટૂંક સમયમાં કરવામા આવશે.

રાજ્યની કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રૂ. ૨૦ હજારની કિંમતના ટેબલેટ માત્ર રૂ.૧ હજારના દરે રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવી રહ્યા છે. તેના વિતરણમાં હાલ વિલંબ થયો છે. જો કે ઇ.ક્યુ.ડી.સી દ્વારા ટેબલેટની ગુણવત્તા અંગે જરૂરી ચકાસણી કરવામાં આવે છે. ચકાસણીમાં ટેકનિકલ ખામી જણાઈ હતી. ટેબલેટમાં ખામી જણાતા કંપનીને પરત મોકલવામાં આવ્યા હતા અને હવે ગુણવત્તાયુક્ત ૫૦ હજાર જેટલા ટેબલેટનો જથ્થો ટૂંક સમયમાં મળશે જે સત્વરે વિદ્યાર્થીઓને વિતરણ કરવામાં આવશે. ●

# વાહનનો જૂનો નંબર નવા વાહનમાં રીટેન કરી શકાશે

રાજયના નાગરિકોને તેમની પસંદગીનો નંબર હવે પુનઃ મળી શકે એ માટે ગુજરાત સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. વાહન ચાલકો હવે વાહનનો જુનો નંબર રીટેન કરી શકશે એ માટે વાહન સ્ક્રેપ થાય કે અન્યને વેચે તો પણ એ જ નંબર વાહન ચાલકોને ફાળવવામા આવશે. સરકારના આ નિર્ણય અંગે માહિતી આપતા વાહન વ્યવહાર મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીએ જણાવ્યુ હતુ કે, વાહન માલિકો તેઓની અલગ-અલગ પ્રકારની વ્યક્તિગત, ધાર્મિક, સામાજિક કે ન્યુમરોલોજી વગેરે માન્યતાના આધારે તેઓના વાહન માટે ચોક્કસ નોંધણી નંબર મેળવવાનો આગ્રહ રાખતા હોય છે. વાહન માલિકોની તેઓના નંબર સાથે જોડાયેલ લાગણી-માન્યતાને કારણે જૂના વાહનોના નંબર રીટેન રાખવાનો આગ્રહ રાખતા હોય છે એને ધ્યાને લઈને આ નિર્ણય કરાયો છે

વાહન વ્યવહાર દ્વારા અરજદારોની રજૂઆતો ધ્યાને લઇ ગુજરાતમાં વ્હીકલ નંબર રીટેન્શનની પોલીસીને અમલમાં મૂકવાનો આ નિર્ણય કરાયો છે આ પૉલિસીમાં વાહન માલીક બે વખત તેઓના વાહન નંબર રીટેન્શન કરી શકશે. વાહન માલિક જ્યારે વાહનની તબદિલીની અરજી કરે તે સમયે તે વાહનનો નંબર રીટેન કરી વાહન માલિક દ્વારા ખરીદાયેલા નવા વાહનોને જે તે રીટેન કરેલ નંબર ફાળવવામાં આવશે અને માલિકી તબદીલ થયેલ વાહનને અન્ય નવો નંબર ફાળવવામાં આવશે. વાહન સ્ક્રેપ થતું હોય તે સમયે વાહન માલિક દ્વારા નવા ખરીદાયેલા વાહન પર જૂના વાહનનો નંબર રીટેન કરી શકાશે અને જૂના સ્ક્રેપ થનાર વાહનને અન્ય નંબર ફાળવવામાં આવશે.

વાહન નંબર ખરીદાયેલા નવા વાહનો ઉપર જ રીટેન કરી શકશે. જૂના વાહન ઉપર વાહન નંબર રીટેન થઇ શકશે નહી. તેમજ જે વાહનનો નંબર રીટેન કરવાનો છે તે તથા જે વાહન પર નંબર રીટેન કરવાનો છે તે બન્ને વાહનોની માલિકી એક જ વ્યક્તિની હોવી જરૂરી છે. વધુમાં જે વાહનનો નંબર રીટેન કરવાનો છે તે વાહનની માલિકી વાહન માલિક પાસે ઓછામાં ઓછા એક વર્ષની હોવી જોઇશે અને બન્ને વાહનોના પ્રકાર સમાન હોવા જરૂરી છે.

અગાઉ સ્ક્રેપ થઇ ચૂકેલ હોય તેવા વાહનોનો નંબર રીટેન કરી શકાશે નહી. રીટેન કરવામાં આવેલ નંબરની સામે ખરીદાયેલ નવા વાહનને રીટેન કરેલ નંબર ફાળવવાની પ્રકિયા ૧૫ દિવસમાં પૂરી કરવાની રહેશે. ત્યારબાદ રીટેન કરેલ નંબર નવા વાહનને ફાળવી શકાશે નહી. ટ્રાન્સફર કે સ્ક્રેપ થતા વાહન જેનો નંબર રીટેન કરવાનો છે તેને નવો વાહન નંબર ફાળવવાની પ્રકિયા વાહન નંબર રીટેન્શન કર્યાની સાથે તુરંત કરવાની રહેશે.

મંત્રીશ્રીએ ઉમેર્યુ કે,વાહન નંબર રીટેન્શન માટે અગાઉ જેમ ચોઇસ નંબર માટે નિયત કરેલ ફીની જોગવાઇ મુજબ જ ટુ વ્હીલરના ગોલ્ડન નંબર માટે રૂ.૮,૦૦૦, સિલ્વર નંબર માટે રૂ.૩,૫૦૦ અને અન્ય નંબર માટે રૂ.૨,૦૦૦ અને અન્ય વાહનો માટે ગોલ્ડન નંબર માટે રૂ.૪૦,૦૦૦, સિલ્વર નંબર માટે રૂ.૧૫,૦૦૦ અને અન્ય નંબર માટે રૂ.૮,૦૦૦ મિનીમમ ફી ચૂકવવાની રહેશે. ●

## શંખેશ્વરમાં પ્રાકૃતિક કૃષિની ખેડૂતોને તાલીમ




રાસાયણિક ખાતરની માનવ જીવન પર થઇ રહેલી ઘાતક અસરોને નિર્મૂળ કરવા ગુજરાત સરકારે પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવું શરૂ કર્યું છે. તાજેતરમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા હેતુ શંખેશ્વરમાં સુભાષ પાલેકર પ્રાકૃતિક કૃષિ તાલીમ કાર્યશાળાનો રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના હસ્તે પ્રારંભ કરાયો હતો. જેમાં ઉત્તર ગુજરાતના કચ્છ સહિતના ૬ જિલ્લાના ૨,૨૦૦થી વધુ ખેડૂતોએ તાલીમ મેળવી હતી. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં મુખ્યમંત્રીશ્રી, કૃષિમંત્રીશ્રી, આત્મા વિભાગ અને એસ.પી.એન.એફના પ્રતિનિધિઓના પુરૂષાર્થથી રાજ્યના બે લાખ કરતાં વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે. તાલુકાદીઠ પ્રગતિશીલ ખેડૂતો પ્રાકૃતિક ખેતીની તાલીમ આપી શકે તે માટે રાજ્યના વિવિધ સ્થળોએ કાર્યશાળા યોજવામાં આવી રહી છે. ●

## ગામડાઓમાં શહેરો જેવી સુવિધા આપવા સરકાર કટિબદ્ધ



બનાસકાંઠાના ડુંગરાસણમાં શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી કીર્તિસિંહ વાઘેલાના અધ્યક્ષસ્થાને સાતમા તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ડુંગરાસણ કલસ્ટરના ૧૨ ગામોના લાભાર્થીઓને વિવિધ યોજનાઓના લાભો અને સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આપણા ગુજરાતના પનોતાપુત્ર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલી કાર્યપ્રણાલી પર ચાલીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકાર પ્રજા હિતના કામો કરે છે. તેમણે રાજ્ય સરકારની કાર્યશૈલી વિશે વાત કરતા જણાવ્યું કે, સરકાર માટે પ્રજા જ સર્વોપરી છે. પ્રજાને કેન્દ્રમાં રાખીને અંતરિયાળ ગામડાઓમાં પણ શહેરના જેવી સુવિધા હોય, રસ્તા, પાણી, વીજળી, ગટર અને બાગ-બગીચાની સવલતો પૂરી પાડવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. ●






## નાગરિકો "એરિયલ વ્યૂ"થી અમદાવાદનો નજારો માણી શકશે

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે વોટર એરોડ્રામ પરથી રાજ્યના નાગરિક ઉડ્ડયન મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીએ હેલિકોપ્ટર જોય રાઈડ સેવાનો શુભારંભ કરાવ્યો હતો. હેલિકોપ્ટર જોય રાઈડ અંગે મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે, હવે નાગરિકો એરિયલ વ્યૂથી અમદાવાદનો નજારો માણી શકશે. આ હવાઈ સેવાનો ઈમરજન્સીના સંજોગોમાં પણ ઉપયોગ કરી શકાશે.

અગાઉ બસ સેવાના માધ્યમથી નાગરિકો શહેર દર્શન કરતા હતા, પણ હવાઈ સેવા એ આધુનિક જમાનાની માંગ છે અને તેને ધ્યાનમાં રાખી રાજ્ય સરકાર દ્વારા આ દિશામાં આયોજન અને અમલ કરવામાં આવી રહ્યો છે. આ અવસરે મંત્રીશ્રીના હસ્તે જોયરાઈડના પેસેન્જરને બોર્ડિંગ પાસ પણ અર્પણ કરવામાં આવ્યા હતા. મંત્રીશ્રીએ પણ જોય રાઈડ હેલિકોપ્ટર સેવા દ્વારા અમદાવાદ શહેરનું આકાશ દર્શન કર્યું હતું. ●

# મહેસૂલ મંત્રીશ્રીનો પારદર્શી નિર્ણય



મહેસૂલ મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ મહેસૂલ પ્રક્રિયાને વધુ બનાવીને જનહિતના કાર્યોને વધુ ઝડપી બનાવવા માટે મહત્ત્વપૂર્ણ પગલાં લીધા છે. જન જનના વ્યાપક હિત માટે મહેસૂલી બાબતોને સરળતાથી જનતાને લાભ મળે તે દિશામાં તેમની પ્રતિબધ્ધતા રહી છે. તેમણે લીધેલા અનેકવિધ પગલાં અનુસાર જુદી-જુદી મહેસૂલ કચેરીમાં જઈ જનતાને તકલીફ ન પડે તે માટે સરસ રીતે પરિણામલક્ષી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તાજેતરમાં એક ઉદાહરણ રૂપ કાર્યવાહી તેમણે હાથ ધરી. ફરજ પ્રત્યેની બેદરકારી તથા વિલંબિત ક્ષતિ બદલ મહેસૂલ વિભાગના ત્રણ અધિકારીઓને તેમણે તાત્કાલીક અસરથી સસ્પેન્ડ કર્યા છે. આ અંગે મહેસૂલ મંત્રી શ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદીએ જણાવ્યુ હતુ કે, રાજ્યના નાગરિકોને મહેસૂલી સેવાઓ સત્વરે મળી રહે તે માટે રાજ્ય સરકાર સંપૂર્ણ પારદર્શી રીતે કામગીરી કરી રહી છે ત્યારે ફરજ પ્રત્યેની રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓના લાભો નાગરિકોને સત્વરે મળી રહે એ માટે રાજય સરકાર સહેજ પણ ક્ષતિ કે ફરજ પરની બેદરકારી ચલાવી લેવા માંગતી નથી. મહેસૂલ વિભાગના ડાંગ ખાતેના નાયબ કલેક્ટર શ્રી ટી.કે.વસાવા અને સુરતના માંગરોળ ખાતેના બે નાયબ મામલતદાર શ્રી એમ.એમ. વસાવા અને શ્રી ડી.એમ. ચૌધરીને ફરજ પ્રત્યેની બેદરકારી તથા વિલંબિત ક્ષતિ બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ●

# વડોદરામાં આરોગ્ય વિભાગ દ્વારા સાયક્લોથોન





મહેસૂલ અને કાયદા મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ વડોદરા જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ આયોજિત સાયકલોથોનને ભાયલી આરોગ્ય કેન્દ્ર ખાતેથી પ્રસ્થાન કરાવ્યું હતું. ફીટ ઈન્ડિયા, ફીટ ગુજરાત મૂવમેન્ટ તેમજ આઝાદી કા અમૃત મહોત્સવ હેઠળ જિલ્લાની ૧૭૮ આરોગ્ય સંસ્થાઓના સહકારથી સાયકલોથોન યોજવામાં આવી હતી. જેમાં સરકારી ખાનગી તબીબો અને સાયકલવીરો સહિત ૨૬૦૦થી વધુ લોકોએ ભાગ લીધો હતો.

તંદુરસ્ત રહેવા માટે 'યોગ અને વ્યાયામ કરો, સાયકલ ચલાવો' તેવો અનુરોધ કરતાં મહેસૂલ મંત્રીએ જણાવ્યું કે સાયકલનું ચક્ર આરોગ્ય જાળવીને જીવન ચક્રને ગતિશીલ રાખવામાં મદદરૂપ બને છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી રાજયના મુખ્યમંત્રી હતાં ત્યારથી ગુજરાતમાં અનેક યોજનાઓ અને સુવિધાઓ દ્વારા રમત ગમતને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. સુશાસન સપ્તાહની ઉજવણીના ભાગરૂપે આરોગ્ય ખાતાએ રાજ્યમાં ૨૭૦૦થી વધુ સ્થળોએ બિન ચેપી રોગોથી બચાવની જાગૃતિ કેળવવા સાયકલ અભિયાન યોજી હતી, તેને બિરદાવતા મંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે, સયાજીરાવ મહારાજના સમયથી વડોદરાના જનજીવનમાં ખેલ પ્રવૃત્તિઓને અગ્ર સ્થાન આપવામાં આવ્યું છે. તેમણે આ કાર્યક્રમમાં જોડાયેલા રમતપ્રેમીઓનું અભિવાદન કર્યું હતું. ધારાસભ્ય શ્રી શૈલેષભાઈ મહેતા, વડોદરા જિલ્લા પંચાયતના અધ્યક્ષ શ્રી અશોકભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી ડો.રાજેન્દ્ર પટેલ પ્રસ્થાનમાં તેમની સાથે જોડાયા હતા. ●

# ફાર્માસ્યુટિકલ સંલગ્ન વિવિધ સેવાઓ આંગળીના ટેરવે

ગુજરાતના પનોતાપુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડિજિટલ ઇન્ડિયા અભિયાનમાં ગુજરાત અગ્રેસર રહી કાર્ય કરી રહ્યું છે. ગુજરાત સરકારની ડિજિટલ સેવાઓને કારણે નાગરિકોના સમય અને નાણાની બચત થવાની સાથે પારદર્શિતાની અનુભૂતિ થઈ છે. આ દિશામાં આગળ વધતા ગુજરાત ફાર્માસ્યુટિકલ કાઉન્સિલ દ્વારા સંલગ્ન વિવિધ સેવાઓ ડિજિટલ કરવા આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલના હસ્તે www.gujaratpharmacouncil.org પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું હતું.

ગુજરાત ફાર્માસ્યુટિકલ કાઉન્સિલ સંલગ્ન નવું રજિસ્ટ્રેશન,ટ્રાન્સફર ઓફ રજીસ્ટ્રેશન, ગુડ સ્ટેન્ડિંગ સર્ટિફિકેટ,નેમ ચેન્જ, ડીગ્રી એડિશન, એલિજિબિલીટી સર્ટિફિકેટ, જેવી વિવિધ ફાર્મસી સેવાઓનું સંકલન કરીને પેપરલેસ તેમજ ક્લાઉડ બેઇઝ પોર્ટલ કાર્યરત કરવામાં આવ્યું છે. રાજ્યના દૂર-સુદૂર અને અંતરિયાળ ક્ષેત્રોમાં વસતા ફાર્મસિસ્ટને આ પોર્ટલ આશીર્વાદરૂપ સાબિત થશે તેવો આશાવાદ આરોગ્યમંત્રીશ્રીએ વ્યકત કર્યો હતો.

દવાના સંશોધન ક્ષેત્રમાં સમયાંતરે પરિવર્તન આવી રહ્યા છે ત્યારે આ નવા પરિવર્તન સંલગ્ન મેડિકલ એજ્યુકેશનના પણ અભ્યાસક્રમમાં પણ ફેરફાર થાય તે ખૂબ જરૂરી છે. એકવીસમી સદીને જ્ઞાનની સદી જણાવીને મિકેનિકલ થી મેડિકલ સુધી સમય સાથેના સુધારા જરૂરી હોવાનું આરોગ્ય મંત્રીશ્રીએ જણાવ્યુ હતું.



આત્મનિર્ભર ભારતની પરિકલ્પના ચરિતાર્થ કરવા કોરોના કાળમાં પ્રાયોગિક ધોરણે ગુજરાત ફાર્મસી કાઉન્સિલ દ્વારા 'જોબ પોર્ટલ' કાર્યાન્વિત કરવામાં આવ્યું હતું. જેમાં ૨૦૦૦ કરતાં વધારે ફાર્માસિસ્ટોને રોજગારી મળી હતી. આ જોબ પોર્ટલ જોબ ગીવર અને જોબ સિકર વચ્ચે સેતુરૂપ ભૂમિકા અદા કરશે. કોરોનાની સંભવિત ત્રીજી લહેરમાં ૪૦૦૦ ફાર્માસીસ્ટે સ્વૈચ્છિક રીતે જોડાઈને સેવાના યજ્ઞમાં પોતાનું યોગદાન આપવા માટે દર્શાવેલી તૈયારીને આરોગ્ય મંત્રીશ્રીએ બિરદાવી હતી.

આ પ્રસંગે શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી, ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર ડૉ. એન આર શેઠ, સિવિલ સુપ્રિટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોષી સહિત પદાધિકારીઓએ ઉપસ્થિત રહ્યા હતા. ●

# ગુજરાતમાં ડ્રગ્સનું નેટવર્ક તોડવા સરકાર મક્કમ

ગુજરાત રાજપૂત યુવા સંઘ દ્વારા ધ્રોલના ભૂચર મોરી ખાતે શૌર્ય કથા સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કથાના અંતિમ દિવસે ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી તથા સાંસદ શ્રી સી.આર.પાટીલ ઉપસ્થિત રહ્યા હતા. ગૃહ રાજ્યમંત્રીશ્રીએ



જણાવ્યું હતું કે, ગુજરાતમાં ડ્રગ્સનું નેટવર્ક તોડવા સરકાર મક્કમતાથી કામગીરી કરી રહી છે. ડ્રગ્સની હેરાફેરી સાથે સંકળાયેલા લોકો વિરુદ્ધ છેલ્લા ત્રણ માસમાં સરકાર અને પોલિસ તંત્રએ નક્કર કામગીરી કરી આ બદીને સમાજમાંથી દૂર કરવાની કામગીરી અભિયાનના રૂપે હાથ ધરી છે. ગુજરાતની અસ્મિતાને નુકસાન પહોંચાડનારાને સાથે મળીને જવાબ આપવા ગૃહમંત્રીએ આ તકે આહવાન કર્યું હતું.

ભૂચર મોરીની શૌર્ય ભૂમિ પર ઉપસ્થિત રહી ધન્યતા અનુભવુ છું તેમ જણાવી સાંસદ શ્રી સી.આર.પાટીલે કહ્યું હતું કે, જ્યારે પણ દેશ પર મુશ્કેલીઓ આવી છે ત્યારે રાજપૂત સમાજે પોતાનું બલિદાન આપીને પણ દેશ અને દેશના લોકોની રક્ષા કરી છે અને આ પરંપરા રાજપૂત સમાજ આજે પણ જાળવી રહ્યો છે તે ગૌરવની બાબત છે. આ પ્રસંગે પૂર્વ મંત્રી અને ધારાસભ્ય શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા, અબડાસાના ધારાસભ્ય શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા સહિતના આગેવાનો તેમજ બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. ●

# કેશોદમાં સેવાસેતુ અંતર્ગત એક જ દિવસમાં 3708 અરજીનો નિકાલ



લોકોને એક જ સ્થળે સરકારની વિવિધ સહાય, યોજનાનો લાભ મળે એ માટે સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત પશુપાલન અને ગૌસંવર્ધન રાજ્ય મંત્રી શ્રી દેવાભાઇ માલમની પ્રેરક ઉપસ્થિતિમાં કેશોદ નગરપાલિકા ખાતે શહેરી વિસ્તારના લોકો માટે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો.

સેવાસેતુના માધ્યમથી સરકાર લોકોને એક જ સ્થળે ૫૬ જેટલી વિવિધ સેવા, યોજનાનો લાભ આપે છે. આ કાર્યક્રમનો લાભ લેવા લોકોને મંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો. મંત્રીશ્રીએ સેવાસેતુ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી આવાસ યોજના, ઉજ્જવલા યોજના, આવકના દાખલા, વૃધ્ધ સહાય, આધારકાર્ડ કામગીરી, આરોગ્ય તપાસણી સહિતના સ્થળની મુલાકાત લીધી હતી. આ કાર્યક્રમમાં વિવિધ વિભાગની ૩૭૦૮ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો હતો.

આ તકે કેશોદ ખાતે પાનદેવ લેઉવા પટેલ સમાજમાં અગતરાય સરકારી આયુર્વેદ દવાખાના દ્વારા આયોજિત સર્વરોગ આયુર્વેદ મેગા નિદાન સારવાર કેમ્પને પણ મંત્રીશ્રીએ ખુલ્લો મુકયો હતો. મંત્રીશ્રીએ કેમ્પમાં આવેલ લાભાર્થીઓ તેમજ કેમ્પમાં સેવા આપનાર ડોકટર્સ સાથે સંવાદ કર્યો હતો. કેમ્પ બાદ મંત્રીશ્રીએ કન્યા છાત્રાલયમાં ચાલતા વેક્સીનેશન કેમ્પની મુલાકાત લઇ વિદ્યાર્થીઓને રસી લેવા અંગે પ્રોત્સાહિત કરી હતી. ●

## 'રમશે ગુજરાત, જીતશે ગુજરાત' થકી રમતવીરોનું કૌશલ્ય બહાર આવ્યું




રમત ગમત કૌશલ્યવર્ધનમાં મહત્વની ભૂમિકા નિભાવે છે. રમત ગમત આનંદ પ્રમાદ માટે નહીં પરંતુ પ્રતિભા ખીલવવા માટે આવશ્યક છે. તાજેતરમાં ગુજરાત સરકારના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડીમાં વન અને પર્યાવરણ મંત્રી શ્રી કિરીટસિંહ રાણાની ઉપસ્થિતિમાં અંડર-૧૯ ભાઈઓ-બહેનોની રાજ્યકક્ષાની શાળાકીય ખો-ખો સ્પર્ધા યોજાઇ હતી. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રમશે ગુજરાત, જીતશે ગુજરાત જેવા કાર્યક્રમો થકી ગામડાના રમતવીરોનું કૌશલ્ય બહાર આવ્યું છે, અને જેના કારણે આ ગામડાના રમતવીરો આજે રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ સારું પ્રદર્શન કરી રહ્યા છે. આ રાજ્ય કક્ષાની ખો-ખો સ્પર્ધામાં સમગ્ર રાજ્યના ૩૩ જિલ્લા અને ૮ મહાનગરપાલિકાની ૩૬ ટીમ બહેનોની અને ૩૬ ભાઈઓની ટીમોએ ભાગ લીધો હતો. જેમાં બહેનોની સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે તાપી, દ્વિતિય ક્રમાંકે અમદાવાદ ગ્રામ્ય અને તૃતિય ક્રમે પંચમહાલ જિલ્લાની ટીમ વિજેતા થઇ હતી. ●

## અંકલેશ્વરમાં એઆઇએ ઇન્ડસ્ટ્રિયલ એક્સ્પો-૨૦૨૨

વાયબ્રન્ટ સમિટ થકી ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે. વાયબ્રન્ટ ગુજરાતની પહેલથી ગુજરાતના વ્યવસાય-વેપારને નવી દિશા મળી છે તેમ કુટિર ઉદ્યોગ વિભાગના રાજ્ય કક્ષાના મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ ભરૂચ જિલ્લાના અંકલેશ્વરમાં ૧૨માં એઆઈએ ઈન્ડસ્ટ્રિયલ એક્સ્પો-૨૦૨૨નો પ્રારંભ કરાવતા જણાવ્યું હતું. અંકલેશ્વર ઈન્ડસ્ટ્રિયલ એસોસીએશન દ્વારા સહયોગી સંસ્થાના સહયોગથી આયોજિત ૧૨મા એઆઈએ ઈન્ડસ્ટ્રિયલ એક્સ્પો-૨૦૨૨ના ઉદ્દઘાટન કાર્યક્રમ પ્રસંગે વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી દુષ્યંતભાઈ પટેલ, ધારાસભ્ય શ્રી ઈશ્વરસિંહ પટેલ ઉપસ્થિત રહયા હતા. આ તબક્કે માઈક્રો, સ્મોલ, મીડીયમ અને લાર્જ ઈન્ડસ્ટ્રિયલ યુનિટોમાંથી બેસ્ટ એક્સપોર્ટ અને હાયર મેન્યુફેચરીંગ ટર્નઓવરની પ્રતિયોગિતામાં વિજેતા થયેલ તમામને એઆઈએ આનંદપુરા ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. આ મેગા પ્રદર્શનની અંદર નાના મોટા થઇને ૨૫૦ થી વધુ સ્ટોલ ઊભા કરવામાં આવ્યા હતા. આ પ્રદર્શનીમાં વિવિધ ક્ષેત્રોના અગ્રણી ઉદ્યોગોએ ભાગ લીધો હતો. ●



# પાટણમાં 'સ્વીટ ક્રાંતિ'ના પ્રણેતા તન્વીબહેન







✎ અમિત ગઢવી

આધુનિક સમયમાં દરેક વ્યવસાયમાં નવી પદ્ધતિ અને નવા અવસરોથી આર્થિક સમૃદ્ધિના દ્વાર ખૂલ્યા છે. ખેતી એ અનાદિકાળથી માનવજાતનો મુખ્ય વ્યવસાય રહ્યો છે. પરંતુ, સમયની સાથે તેમાં પણ આજે અનેક પરિવર્તનો થયા છે. ખેડૂતો પરંપરાગત ખેતીની સાથે વધુ ઉત્પાદન, સારું આર્થિક વળતર અને પ્રકૃતિનું પણ જતન થાય એવી પ્રાકૃતિક ખેતીની નવી પદ્ધતિઓ તરફ વળ્યા છે અને એમાં સફળ થઈ રહ્યા છે. પાટણના તન્વીબહેન પટેલ પણ આ જ વાતને ધ્યાને રાખીને મધમાખી પાલન કરી રહ્યા છે.

તન્વીબહેને વર્ષ ૨૦૨૧માં મધમાખી પાલનની શરૂઆત કરી હતી. સૌપ્રથમ તેઓએ મધમાખીના ૧૦૦ બોક્સ મંગાવ્યા હતા. જેને તેઓએ ખેતરોમાં જ્યાં સરસવ અને અજમાનો પાક હોય ત્યાં ગોઠવ્યા હતા. આ બોક્સમાં રહેલ મધમાખીઓનું વૈજ્ઞાનિક ઢબે પાલન અને તેની યોગ્ય સારસંભાળ દ્વારા તન્વીબહેને સારા પ્રમાણમાં મધ મેળવ્યું હતું અને તેમણે સારી એવી આવક મેળવી હતી. તેમને મધમાખી પાલનની પ્રેરણા ક્યાંથી મળી એ વિષે વાત કરતાં તન્વીબહેન જણાવે છે કે વર્ષ ૨૦૧૬માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ડીસા આવ્યા ત્યારે તેમણે ખેડૂતોને મધમાખી પાલન કરીને 'સ્વીટ ક્રાંતિ' માટે આહ્વાન કર્યું હતું. જેના થકી ખેડૂત સારી આવક પણ મેળવી શકે છે. ત્યાર પછી તન્વીબહેને એ દિશામાં વિચારવાનું શરૂ કર્યું. મધમાખી પાલન અંગેની વિગતવાર માહિતી મેળવીને તાલીમ લીધી અને ગુજરાત સરકારના બાગાયત વિભાગનો સંપર્ક કરીને મળતી સહાયની જાણકારી મેળવી.

હાલમાં તન્વીબહેને બીજા નવા ૩૦૦ મધમાખીના બોક્સ લાવીને પાટણના આજુબાજુના ખેતરોમાં જ્યાં સરસવના ફૂલ હોય ત્યાં ગોઠવ્યા છે. મધ અનેક ઔષધિય ગુણો ધરાવતું હોવાથી બજારમાં તેની ખૂબ જ માંગ રહે છે. સાથે જ અલગ અલગ ફ્લેવર્સના મધ પણ બજારમાં વેચાતા હોવાથી તન્વીબહેન તે પણ માર્કેટમાં પૂરા પાડે છે. અત્યારે તેમના દ્વારા ઉત્પાદિત થતું શુદ્ધ ઓર્ગેનિક મધ તેઓ પાટણ અને આસપાસના વિસ્તારોમાં પેકિંગ કરીને વેચે છે. મધમાખી પાલનની કામગીરીમાં તન્વીબહેને જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી શૈલેષ પટેલ તથા નાયબ બાગાયત નિયામક શ્રી મુકેશ ગલવાડિયા પૂરતું માર્ગદર્શન કરે છે. ગુજરાત સરકારના બાગાયત વિભાગ દ્વારા મધમાખીના પાલન માટે બોક્સ પર ૫૫% સબસિડી ખેડૂતને આપવામાં આવે છે.



આત્મનિર્ભર ભારતની સંકલ્પનાને ચરિતાર્થ કરતા મહિલા ખેડૂત તન્વીબહેન પોતાની સાથે અન્ય ૪ થી ૫ લોકોને દૈનિક ધોરણે રોજગારી પૂરી પાડી રહ્યા છે. ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે અને એમની આવક બમણી થાય એ માટે ગુજરાતના મહામહિમ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી તથા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સતત પ્રોત્સાહન આપતા રહે છે. એક મહિલા ખેડૂત તરીકે તન્વીબહેન પટેલ મધમાખી પાલન કરીને સ્ત્રી સશક્તીકરણનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડીને પરંપરાગત ખેતી સાથે નવી પદ્ધતિથી ખેતી કરવા માંગતા ખેડૂતોને નવી રાહ ચીંધી રહ્યા છે. ●

# કેન્દ્ર સરકારના ગુડ ગવર્નન્સ ઇન્ડેક્સ 2020-21માં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે...




## ઇકૉનૉમિક ગવર્નન્સ, માનવ સંસાધન વિકાસ, જાહેર માળખાગત સુવિધાઓ, સામાજિક કલ્યાણ અને વિકાસ તેમજ ન્યાયતંત્ર અને જનસુરક્ષા જેવા ક્ષેત્રોમાં ગુજરાતનું શ્રેષ્ઠ પ્રદર્શન










**Published on Date 16-1-2022**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2021-23 Valid upto 31/12/2023, LPWP No. WPP PMG/NG/061/2021-23 Valid upto 31/12/2023
• Licensed to Post without Prepayment At Post : PSO/1 - Ahmedabad/Rajkot/Surat/Vadodara on every 3 to 11 and 18 to 26 E.M.,
Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**48 + 4 Cover = Total 52 Pages** • **Editor and Published by** Director of Information on behalf of Directorate of Information,
Block No-19, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Sahitya Mudranalaya Pvt Ltd, City Mill Compound, Ahmedabad &
Gujarat Offset Pvt Ltd, Vatva, Ahmedabad • If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**

માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦